

એક શિયાળો બરફમાં

જૂલે વર્ન

અનુવાદ: જીગર શાહ

સમયની પાર જોઈ શકતા
લેખકની
રોમાંચક અને અદ્‌ભુત કથા

VISIT…


LANZAROTE
Caliente.COM



એક શિયાળો બરફમાં

જૂલે વર્ન

અનુવાદઃ જીગર શાહ





આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

દરિયાઇ તોફાનમાં ગુમ થયેલા પુત્રને શોધવા માટે જાનની પરવા કર્યા વિના નીકળી પડેલો ૬૦ વર્ષનો એક બાપ અને ભવિષ્યને સજાવવા માટે વર્તમાનને દાવ પર મૂકીને સાથે નીકળી પડેલી પેલા પુત્રની પ્રેમિકા... જ્યારે ઉત્તર ધ્રુવીય પ્રદેશના થીજવી દેતા શિયાળાની કાતિલ ઠંડીનો અને દરિયાઇ ઝંઝાવાતોનો સામનો કરી પોતાના ધ્યેયને પાર પાડે છે તેવા આ અને બીજાં અનેક પાત્રોનો, દરિયાઇ-સફરમાં થયેલા જીવલેણ છતાં રોમાંચક અનુભવોનો તાદશ ચિતાર લેખકે આ દરિયાઇ-સાહસકથામાં આલેખ્યો છે.


ઘટનાઓના વમળમાં ફસાઇને પણ કિનારે પહોંચતી કથા વાચકને ચોક્કસ દરિયાઇ-સફરનો અનુભવ કરાવશે.

જૂલે વનના અન્ય કથાસાહિત્યની જેમ આ દરિયાઇ-સાહસકથા પણ વાચકને પ્રત્યેક પળે **'હવે શું થશે ?'** ની તીવ્ર જિજ્ઞાસા જગાડવામાં પાર ઊતરી છે. દરિયાઇ સફરની સાહસિકતાનું રોમાંચક અને દિલધડક વર્ણન એ જૂલે વનની આગવી વિશેષતા છે.

એક શિયાળો બરફમાં

જૂલે વર્ન

અનુવાદક : જિગર શાહ



આર.આર.શેઠ ઍન્ડ કંપની પ્રા.લિ.

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ

અર્થબાગ

મુંબઈ ૪૦૦ ૦૦૨

ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૪૧

'દ્વારકેશ'

રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર

અમદાવાદ ૩૮૦ ૦૦૧

ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬૫૭૩

Visit us at : www.rrsheth.com

Email : sales@rrsheth.com

Ek Shiyalo Baraf Ma

Gujarati Translation of Adventure Classic

Un Hivernage Dans Les Glances

Originally written in French by Jules Verne

Translated into Gujarati by Jigar Shah from English edition

A Winter Amid the Ice

Published by R. R. Sheth & Co. Pvt. Ltd.

Mumbai □ Ahmedabad

ISBN :

પ્રકાશક

ભગતભાઈ ભુરાલાલ શેઠ

આર.આર.શેઠ ઍન્ડ કંપની પ્રા.લિ.

મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧

Visit us at : www.rrsheth.com

Email : sales@rrsheth.com



અર્પણ

પ્રિય મિત્ર

જૉય ચૌહાણ

અને

તેના પરિવારજનોને



પ્રસ્તાવના

મેં અનુવાદ કરેલ પ્રથમ પુસ્તક 'ડૉલ્ફિન' બાદ મારું બીજું અનુવાદિત પુસ્તક 'એક શિયાળો બરફમાં' વાચકો સમક્ષ મૂકતાં આનંદની લાગણી અનુભવું છું. જૂલે વર્નની આ લઘુનવલકથા 'એક શિયાળો બરફમાં' દરિયાઈ સાહસની રોમાંચક કથા છે.

'એક શિયાળો બરફમાં' જૂલે વર્નની મૂળ ફ્રેન્ચ કથા 'Un Hivernage dans les Glances'નો અનુવાદ છે. જૂલે વર્ને આ કથા ૧૮૫૫માં લખી હતી. લેખન બાદ ઘણા લાંબા સમય સુધી એ અપ્રકાશિત રહી. પાછળથી તેનો સમાવેશ ૧૮૭૪માં પ્રકાશિત થયેલા 'Dr. Ox's Experiments' નામના લઘુકથા સંગ્રહમાં કરવામાં આવ્યો હતો. ઉત્તર ધ્રુવીય પ્રદેશના શિયાળામાં, જે તાપમાને થર્મોમિટરનો પારો પણ થીજી જાય તેવા કાતિલ વાતાવરણમાં ખેડાયેલા સાહસિક બચાવ અભિયાનના અનેક ચઢાવ-ઉતાર ધરાવતી આ કથા વાચકોને રોમાંચક અનુભૂતિ કરાવી શકે એ રીતે ગૂંથાયેલી છે.

જૂલે વર્નના લેખનની વાત આવે એટલે સામાન્ય રીતે તેના વાચકોને વિજ્ઞાનની કલ્પનાઓ આધારિત કથાઓ, જહાજી સાહસો, ભૌગોલિક, ઐતિહાસિક અને વિવિધ દેશોના લોકજીવન અને સંસ્કૃતિ સંબંધી સૂક્ષ્મ વર્ણનો જેવી બાબતો યાદ આવે છે. પણ જે બાબતનો ઉલ્લેખ મેં વાચકો-વિવેચકો દ્વારા ભાગ્યે જ થતો જોયો છે, તે છે તેના ધૂની કહી શકાય તેવાં પાત્રોનો. તેની મોટા ભાગની કથાઓમાં વિજ્ઞાનને કે અન્ય સાહસને પોતાના જીવનનું સંપૂર્ણ ધ્યેય માની, બધું દાવ પર લગાડી દેનારાં પાત્રો તેના લેખનની એક આગવી વિશિષ્ટતા ગણાવી શકાય. એની લગભગ દરેક કથાઓમાં આવાં ધૂની પાત્રો એક સામાન્ય બાબત છે. આવાં પાત્રો દુનિયાથી અલિપ્ત થઈ પોતાના વિચારોમાં સતત ડૂબેલાં રહે છે.

લેખનકાર્યના આરંભે વર્ને લખેલી 'ડ્રામા ઇન ધ ઍર' નામની લઘુકથામાં બલૂનવિજ્ઞાનના વિકાસના ઇતિહાસથી પૂરેપૂરો માહિતગાર અને બલૂનવિદ્યાનો તજજ્ઞ એક ધૂની માણસ બલૂનને શક્ય તેટલી વધુ ઊંચાઈ પર લઈ જવાની ઘેલછા રાખે છે. તે માટે બલૂનના નાશ સાથે પોતાના જીવનનું જોખમ પણ ખેડવા તૈયાર થઈ જાય છે. એવું જ 'જર્ની ટુ ધ સેન્ટર ઑફ ધી અર્થ' નામની કથાનો નાયક ઑલિવર લીન્ડેન બ્રૂક એક ભૂસ્તરશાસ્ત્રી છે. જે વર્ષો જૂની એક નોંધને (ચિઠ્ઠીને) આધારે પૃથ્વીના મધ્યબિંદુ સુધીની સફર ખેડવાની ઘેલછા રાખે છે. આ માટે તે અન્ય બે સાથીઓ સાથે જવાળામુખીના મુખમાંથી પ્રવેશ કરી જમીનની નીચે સેંકડો કિ.મી. લાંબી સફર ખેડે છે. માર્ગમાં આવતી જાનલેવા હરકતોનો તે સામનો કરે છે. જૂલે વર્નની અન્ય એક કથા

'ચેઇઝ ટુ ધ ગોલ્ડન મિટિયોર'માં પણ બે ધૂની વૈજ્ઞાનિકો એક જ ધૂમકેતુને શોધી કાઢવાનો દાવો કરે છે અને તેની પર પોતાનો માલિકી હક સ્થાપિત કરવા છેવટ સુધી પોતાની જીદ પકડી રાખે છે. એવી જ રીતે 'ઑફ ઑન કૉમેટ' નામની કથામાં પણ એક ધૂની વૈજ્ઞાનિક, એક ધૂમકેતુની પૃથ્વી સાથે થનારી સંભવિત અથડામણની પહેલેથી જ ગણતરી કરે છે અને તે સ્થળે આવી પહોંચે છે. ધૂમકેતુની અથડામણ સાથે પૃથ્વીનો કેટલોક ભાગ અને તે વિસ્તારની માનવવસ્તી તેના વાતાવરણ સાથે આવા ધૂમકેતુ પર ચાલ્યાં જાય છે. આ ધૂમકેતુ સૂર્યની ફરતે ચકરાવો લઈ સમગ્ર સૂર્યમાળાના ગ્રહો પાસેથી પસાર થાય છે. પ્રો. પ્રોકોપિયસ સમગ્ર પ્રવાસ દરમિયાન ગણતરીઓ અને વૈજ્ઞાનિક સંશોધનોમાં વ્યસ્ત હોય છે. તે દરેક ગ્રહોનું બારીકાઈથી નિરીક્ષણ કરે છે, પણ જ્યારે એ ધૂમકેતુ સૂર્ય ફરતેનો ચકરાવો પૂરો કરીને, પાછો પૃથ્વી સાથે ટકરાવાની તેમને સંભાવના જણાય છે ત્યારે તેના પર રહેતા અન્ય લોકોની ખુશીથી વિપરીત પ્રો. પ્રોકોપિયસ દુ:ખી થાય છે ! તેમને પૃથ્વી પર પાછા ફરવા કરતાં, ધૂમકેતુની સવારી કરી, ફરીથી અનંત અવકાશની સફરે જવાની ઘેલછા હોય છે ! તેથી પૃથ્વી પર પાછા ફરવાની ઘટના તેને આઘાતજનક લાગે છે.

વૈજ્ઞાનિક ઘેલછા કે ધૂનને કેન્દ્રમાં રાખી વૈજ્ઞાનિક કલ્પનાઓને આધારે વર્ને ઘણી કથાઓ લખી છે, પણ તેવાં ધૂની કે જિદ્દી પાત્રો માત્ર વિજ્ઞાન પાછળ જ દીવાના બતાવ્યાં હોય તેવું નથી. તેની કેટલીક કથાઓમાં જિદ્દી અને ધૂની એવાં રમૂજી પાત્રો પણ છે, જેમાં રમૂજ સાથે સાથે વ્યંગ્યાત્મક ટીકાઓને તેમણે સચોટ રીતે વણી લીધી છે.

'બેગમ્સ ફોર્ચ્યુન નામની કથામાં હેર શૂલ્ઝ નામની વ્યક્તિ પોતાની સમગ્ર આર્થિક અને બૌદ્ધિક ક્ષમતાને માત્ર એવી તોપના સર્જન પાછળ લગાવી દે છે, જેનાથી એક ફ્રૅન્ચ દ્વારા વસાવાયેલા નગરનો ખાતમો બોલાવી શકાય. હેર શુલ્ઝના આ ધૂની પાત્ર દ્વારા જૂલે વર્ને જર્મનીની સામ્રાજ્યવાદી વૃતિ અને જર્મન સરમુખત્યાર બિસ્માર્કનું વ્યંગ્યાત્મક નિરૂપણ કર્યું છે.

આવો જ કટાક્ષ તેણે 'ઑફ ઑન કૉમેટ' નામની કથામાં અતિ લોભી અને વેપારીવૃત્તિ ધરાવતી યહૂદી પ્રજા પર પણ કર્યો છે. આ કથામાં આઇઝેક નામના યહૂદી વેપારીનું પાત્ર છે. પૃથ્વીથી દૂર ધૂમકેતુ પર પહોંચી ગયા બાદ પણ, કોઈ પણ રીતે નાણાં કમાઈ લેવાની તેની લોભીવૃત્તિ છોડતો નથી. આઇઝેક દ્વારા કથામાં યહૂદી પ્રજાના વેપારી માનસ પરનો વ્યંગ્ય રમૂજી રીતે રજૂ કરાયો છે.

જૂલે વર્નની કથાઓમાં નિરાશાવાદી ઘેલછા ધરાવતાં પાત્રો પણ છે. 'ફ્લોટિંગ સિટી' નામની કથામાં ડૉ. પીટફર્જ નામનો ધૂની તબીબ વહેમીલો હોવા ઉપરાંત નિરાશાવાદી છે. તે સતત જહાજોમાં સફર ખેડતો રહે છે. એવી આશા સાથે કે

તેની ગાંડી આગાહી મુજબ એ જહાજ મધદરિયે જળસમાધિ લેશે અને તે ઘટનાનો પોતે પ્રત્યક્ષ સાક્ષી બની શકશે !

વર્નની બધી જ લોકપ્રિય કથાઓના નાયકો ધૂની અને ખૂબ જ જિદ્દી જણાયા છે. તેની સૌથી વધુ જાણીતી કથા 'ઍરાઉન્ડ ધ વર્લ્ડ ઇન એઇટી ડેઝ'નો નાયક ફિલિયાસ ફોગ ઍંસી દિવસમાં પૃથ્વીનું ચક્કર પૂરું કરવાની માત્ર એક શરત જીતવાની જીદ માટે પોતાની બધી જ સંપત્તિ દાવ પર મૂકે છે. આ સફર પૂરી કરવાની ધૂનમાં પ્રકૃતિના સૌંદર્ય કે સાથે રહેલી સુંદર સ્ત્રીથી પણ અસ્પર્શ્ય રહે છે.

જૂલે વર્નની કેટલીક કથાઓમાં જિદ્દી અને સમાજથી વિમુખ થયેલા નિરાશાવાદી નાયકો પણ છે. '૨૦,૦૦૦ લિગ્ઝ અંડર ધ સી' કથાનો નાયક કૅપ્ટન નેમો તેને થયેલા અન્યાયને લીધે, સમગ્ર માનવજાતિથી નફરત કરતો દર્શાવ્યો છે. તે પોતાનું સમગ્ર જીવન એવી જાલિમ દુનિયાથી દૂર પોતાની નોટીલીસ નામની સબમરીનમાં દરિયામાં જ વિતાવે છે. તેની આવી જિદ્દી સામાજિક વિમુખતામાં પણ જૂલે વર્નએ કરુણતાને વર્ણવવા પ્રયત્નો કર્યા છે. 'કલીપર ઑફ ધ કલાઉડ્ઝ'નો નાયક રૉબર પણ આવો જ ભેદી અને પોતાના સમયથી ઘણો આગળ વધેલો બતાવ્યો છે. જે તેના આલ્બાટ્રોસ નામના હવાઈ જહાજમાં અનંતયાત્રા કરતો રહે છે.

આમ, જૂલે વર્નના આવાં ધૂની, જિદ્દી કે પોતાના વિચારોની ઘેલછા પૂર્ણ કરવાની અદમ્ય ઝંખના ધરાવતાં ઉદ્દામ મતવાદી પાત્રોએ રમૂજ, કરુણતા, સાહસ વડે તેની કથાઓને નવા આયામ પર પહોંચાડી છે. તેની કથાઓમાં પ્રાણ ફૂંક્યો છે. આ કથાઓમાં ભૌગોલિક, ઐતિહાસિક પૃષ્ઠભૂમિ, વૈજ્ઞાનિક કલ્પનાઓ અને રહસ્યમય ઉતાર-ચઢાવ ધરાવતા ઘટનાક્રમો સાથેસાથે આ પાત્રો જ આ કથાના કેન્દ્ર જેવાં મને લાગ્યાં છે.

આજથી લગભગ એકાદ દસકા પહેલાં જૂલે વર્નનાં બહુ જ થોડાં પુસ્તકો ગુજરાતીમાં પ્રાપ્ય હતાં. જે હતાં તે પણ તેની મૂળકથાઓના સંક્ષિપ્ત અનુવાદો હતા અને તે બાળકો કે કિશોરોને ધ્યાનમાં રાખીને જ લખાયા હતા. ગ્રંથાલયોમાં બાળકો માટેના સાહિત્યના વિભાગમાં જ એને સ્થાન મળતું હતું.

હવે એ સ્થિતિ રહી નથી. જૂલે વર્નનાં સંપૂર્ણ અનુવાદિત પુસ્તકોની સંખ્યા ૧૦ની ઉપર પહોંચી છે. જેમાં દોલતભાઈ નાયકે કરેલાં પાંચ પુસ્તકો મુખ્ય છે. ૧૮૫૭માં ભારતના પ્રથમ સશસ્ત્ર સ્વાતંત્ર્ય સંગ્રામના પ્રધાનપાત્ર નાનાસાહેબ પેશ્વાને કેન્દ્રમાં રાખી જૂલે વર્નએ લખેલી કથા 'Steam House'ને દોલતભાઈએ 'અગ્નિરથ' નામે અનુવાદ કરી છે. તેમનું આ શ્રેણીનું બીજું પુસ્તક 'લાઇટ હાઉસ'માં દુનિયાને છેડે એક ટાપુ પર આવેલી દીવાદાંડીની કથા છે. તેમનું ત્રીજું પુસ્તક 'મિખાઇલ સ્ટ્રગોવ' રશિયાની ભૂમિ પર ઝાર ઍલેક્ઝાંડર બીજાના કાળની એક

સાહસિક સંદેશાવાહકની કથા છે. તેમની ચોથી કથા ‘એંસી દિવસમાં પૃથ્વીની પ્રદક્ષિણા’ અત્યાર સુધી અનેક ગુજરાતી પ્રકાશકો દ્વારા પ્રકાશિત થઈ છે, પણ આ અનુવાદ મૂળકથાને સંપૂર્ણ સ્વરૂપે રજૂ કરે છે. તેમનું પાંચમું પુસ્તક ‘તરતું મહાનગર’ એક મહાકાય જહાજ ગ્રેટ ઇસ્ટર્નના અમેરિકાપ્રવાસને કેન્દ્રમાં રાખીને લખાયેલી કથા છે. જૂલે વર્નએ આ કથા અમેરિકાની તેણે કરેલી એકમાત્ર યાત્રાને આધારે લખી હતી.

આ ઉપરાંત મેં અનુવાદ કરેલ પ્રથમ પુસ્તક ‘ડૉલ્ફિન’ ૧૮૬૧-૬૫ના સમયમાં અમેરિકામાં થયેલા આંતરવિગ્રહની પૃષ્ઠભૂમિ પર આલેખાયેલી શૌર્ય અને પ્રેમની કથા છે.

આ સિવાય હરીશ નાયકનાં બે પુસ્તકો અને અન્ય લેખકોનાં પુસ્તકો સહિત જૂલે વર્નના સંપૂર્ણ અને વધુ અર્થસભર અનુવાદોની સંખ્યા દસ ઉપર પહોંચી છે. છેલ્લા દસકામાં અનુવાદ થયેલી આ કથાઓ જૂલે વર્નની બાળકથાઓ કે કિશોરકથાઓ તરીકેની જૂની છાપમાંથી બહાર લાવી તેને દરેક ઉંમરના વાચકોના લેખક તરીકે ગુજરાતી વાચકો સમક્ષ રજૂ કરે છે. આવનારા સમયમાં જૂલે વર્નની બધી કૃતિઓ ગુજરાતી વાચકોને પ્રાપ્ય બની રહેશે તેવી મને આશા છે.

અંતે, હું શ્રી દોલતભાઈ નાયક અને તેમનાં પત્ની સુમતિબહેનનો આભાર વ્યકત કરું છું. તેમના વ્યસ્ત કાર્યકરમમાંથી સમય કાઢી મને આ પુસ્તક માટે જરૂરી તમામ પ્રકારનું માર્ગદર્શન પૂરું પાડ્યું છે. તેમની પ્રેરણાએ જૂલે વર્નનાં પુસ્તકોના અનુવાદો વાચકો સમક્ષ રજૂ કરવામાં મારો ઉત્સાહ સતત વધાર્યો છે. આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ.ના શ્રી ચિંતનભાઈ શેઠનો પણ આભારી છું, જેમણે જૂલે વર્નનાં પુસ્તકો છાપવામાં તત્પરતા દાખવી છે. તેમની મહેનતથી જ જૂલે વર્નના ચાહકો સુધી આ પુસ્તકો સરળતાથી પહોંચી શક્યાં છે. આ સિવાય મારા મિત્રો જૉય ચૌહાણ, કૃતાર્થ ઠક્કર અને ચંદન ઠાકોરનો પણ આભાર વ્યકત કરું છું. તેઓનું મારા લેખનક્ષેત્રે પરોક્ષ પ્રદાન રહ્યું છે. તેમણે મારા જીવનના દરેક ચઢાવ-ઉતારના સમયે મને સાથ આપી મારા આત્મવિશ્વાસમાં સતત વધારો કરવાનું કામ કર્યું છે. તેમને મારા સલામ.

જિગર શાહ

(M.com. L.L.B.)

૨૮-૮-૨૦૧૦

ઈ-૫૦૧, સેન્ટપાર્ક સોસાયટી,

ગુજરાત ગૅસ સર્કલ

અડાજણ, સુરત ૩૯૫ ૦૦૯

મો. ૯૪૨૬૭ ૭૭૦૦૧

E-mail : jhs143in@yahoo.co.in

અનુક્રમણિકા

જૂલે વર્નની વિજ્ઞાન અને સાહસ કથાઓ

[દોઢ સદી પહેલાં કલ્પેલી આ વૈજ્ઞાનિક

વાર્તાઓ આજે તો સત્યસૃષ્ટિમાં ઊતરેલી જોઈ શકાય છે.]

એક શિયાળો બરફમાં

જૂલે વર્ન

અનુવાદક : જિગર શાહ

૧

કાળો ધ્વજ

૧૨મી મે, ૧૮૫૫નો સવારનો સમય હતો. ડનકર્ક નગરના પ્રાચીન દેવળના શ્વેતવસ્ત્રધારી પાદરી સવારની પ્રાર્થનાની શરૂઆત કરવાની તૈયારીમાં હતા. પ્રાર્થનાસભામાં શ્રદ્ધાળુઓની પાંખી હાજરી હતી. એ સમયે પ્રાર્થનાખંડમાં એક માણસ ઝડપથી ધસી આવ્યો. લગભગ ૬૦ વર્ષની ઉંમર હશે. આવનાર અતિ ઉત્સાહમાં જણાતો હતો. ૬૦ની ઉંમર છતાં તેના મોઢા પર તેજ છલકતું હતું. એનો શારીરિક બાંધો પણ કોઈ યુવાન જેવો મજબૂત હતો.

"માનનીય પાદરીજી !" આવનાર બોલ્યો.

"હું તમારી માત્ર થોડી ક્ષણો જ લઈશ !"

"અરે, જીન કૉર્નબટ ! તું ? આટલી વહેલી સવારે અહીં ? એવું તે શું કામ આવી પડયું છે કે વહેલી સવારે આ રીતે આવવું પડયું ?" પાદરીએ આશ્ચર્ય અને ઉમળકાના ભાવ સાથે પ્રાર્થનાખંડમાં પ્રવેશેલા જીન કૉર્નબટને પૂછ્યું.

"તમને ભેટીને તમારો આભાર વ્યકત કરવા ઇચ્છું છું." આગંતુકે કહ્યું.

અચાનક આવી ચડેલી વ્યક્તિના ઉત્તેજિત ચહેરાને જોઈ તેને શાંત પાડતા પાદરી બોલ્યા.

"સારું, પ્રાર્થનાને અંતે આપણે બંને મળીને વાત કરીએ. અત્યારે પ્રાર્થના શરૂ કરવાનો સમય થઈ ગયો છે."

"પ્રાર્થના ! એટલે તમે કહેવા માગો છો કે તમે પ્રાર્થના કરો ત્યાં સુધી હું તમારી રાહ જોઉં ? મારું આજનું કામ જ એવું છે કે હું ક્ષણ માટે પણ રાહ જોઈ શકું તેમ નથી." કૉર્નબટે હસતાં હસતાં કહ્યું.

"હા, પ્રાર્થનાનો સૂચક ત્રીજો ઘંટ પણ વાગી ગયો છે. મારે તે હવે શરૂ કરવી જ પડશે." પાદરી બોલ્યા.

"પણ એવા ઘંટ તો આખા દિવસમાં કેટલીય વાર વાગ્યા કરશે. તમારે મને વચન આપવું પડશે કે તમે પોતે મારા પુત્ર લૂઈ અને મારી ભાણી મૅરીના લગ્નપ્રસંગે હાજર રહી તેમનાં ભાવિ સુખી લગ્નજીવન માટે આશીર્વાદ આપશો." જીન કૉર્નબટ બોલ્યા.

“હા, પરંતુ હજી લૂઈને પરત તો આવવા દે ! એ બધી વાત તો, તે આવે પછી જ કરવાની છે ને...” પાદરી પણ કૉર્નબટે કરેલા ખુલાસાથી આનંદિત બન્યા હોય તે રીતે બોલ્યા.

“એ શુભ ઘડી અત્યારે જ આવી ચૂકી છે. આપણું જહાજ ‘જ્યુનહાર્ડી’ પરત ફરી રહ્યું છે. તેની નિશાનીઓ ક્ષિતિજ પર સ્પષ્ટપણે જોઈ શકાય છે. આ એ જ જહાજ છે, જેનું નામકરણ પણ તમે જ કર્યું હતું !”

“ઓહ ! કૉનર્બટ ! તને મારા અંતઃકરણના અભિનંદન. દેવળની પ્રાર્થના અન્ય પાદરીને સોંપી, હું પોતે તારા પુત્રને આશીર્વાદ આપવા આવું છું. બસ ?!”

“આપણી પાસે હવે બહુ સમય નથી. તમારા શુભ હસ્તે જ લૂઈ અને મૅરીનાં લગ્નની જાહેરાત દેવળના નૉટિસબોર્ડ પર મૂકવાની છે. એ ઉપરાંત તે આવે તે જ સમયે સૌપ્રથમ ભગવાન ઈસુની આજ્ઞા મુજબ તેને પાપમુક્ત કરવાની વિધિ તમારે જ કરવાની છે. ઉત્તરી સમુદ્રની લાંબા સમયની મુસાફરીઓ દરમિયાન જાણ્યેઅજાણ્યે તેણે કોઈ પાપ કર્યાં હોય, તેમાંથી તેને ઈશ્વરની માફી અપાવવાની છે. ત્યાર પછી જ તેનાં લગ્નનો સમારંભ યોજીશું.”

“કૉર્નબટ, તું ઝડપથી જા અને એ માટેની તમામ તૈયારીઓ શરૂ કર. તારા જણાવ્યા પ્રમાણે સમય બહુ ઓછો છે. આપણે ઉતાવળ કરવી પડશે.”

“એવી તૈયારીઓ મેં કરી લીધી છે. આપનો ખૂબ ખૂબ આભાર.”

આ શબ્દો સાથે જ જીન કૉર્નબટે તરત જ ઘરે જવા પગ ઉપાડ્યા. તેનું ઘર બંદરના ડક્કા પાસે જ હતું. ઘૂઘવતો ઉત્તરી સમુદ્ર ત્યાંથી સામે જ દેખાતો હતો. આ સાગરખેડુએ એમાં અનેક સાહસી સફરો ખેડી હતી. આ સમુદ્ર પર પોતાની નજર નાખી હંમેશાં તે અંગે તે ગર્વ અનુભવતો. તેના એકના એક પુત્ર લૂઈએ હવે તેનું સ્થાન લીધું હતું.

જીન કૉર્નબટે પોતાનું આ જહાજ ‘જ્યુનહાર્ડી’ પોતાના ખર્ચે બંધાવ્યું હતું. એમાં જ તેણે અનેક સફરો ખેડી હતી. વેપારના હેતુથી ખેડેલી અનેક સફરોમાં પોતાના જહાજમાં લાકડાં, લોખંડ અને કોલસા વગેરે માલસામાનના વેચાણ દ્વારા ડનકર્ક નગરમાં એક સફળ અને સદ્ધર વેપારી તરીકે તેણે નામના મેળવી હતી. હાર્વે તેની જન્મભૂમિ હતી. તેના જહાજનું બાંધકામ પણ ત્યાંના જહાજવાડામાં જ તેણે કરાવ્યું હતું. હવે ઉંમર વધતાં વેપારી સફરો માટે પોતાનું જહાજ પુત્ર લૂઈને સોંપ્યું હતું.

લૂઈ કૉર્નબટ ૩૦ની ઉંમરનો યુવાન અને સાહસિક નાવિક હતો. સમગ્ર ડનકર્કમાં તેના પિતાની માફક જ તેની તોલે આવે એવો બીજો નાવિક શોધ્યો જડે તેમ નહોતો. જહાજનો નવો કૅપ્ટન હવે લૂઈ હતો. પિતાએ તેના પર મૂકેલા વિશ્વાસને ટકાવી

રાખતા, એક સફળ કૅપ્ટન તરીકે તેણે ઉત્તરી સમુદ્રમાં ઘણી સફરો ખેડી હતી. અત્યારે પણ તે આવી સફરે જ ગયો હતો.

લૂઈ તેની સફર પર હતો, પરંતુ તેનું દિલ તો મૅરી સાથે જ જોડાયેલું હતું. મૅરી ૨૦ની ઉંમરની ફ્લેમિશ યુવતી હતી. તેની નસોમાં ડચ લોહી હતું. આ (I) સુંદર છોકરીનો ઉછેર તેની માતાનાં મૃત્યુ પછી જીન કૉર્નબટે જ કર્યો હતો. જૅનીની માતા જીન કૉર્નબટની બહેન હતી અને મૃત્યુ સમયે તેની સારસંભાળનો હવાલો તેણે પોતાના આ ભાઈને જ સોંપ્યો હતો. જીને પણ મૅરીને પોતાની પુત્રીની જેમ જ ઉછેરી હતી. લગ્નને લાયક ઉંમર થતાં મૅરીના સુખદ અને સમૃદ્ધ ભાવિ માટે તેનાં લગ્ન લૂઈ સાથે જ નક્કી કર્યાં હતાં. મૅરી પણ લૂઈને ચાહતી હતી. તેની ગેરહાજરીમાં એકલતા અનુભવતી હતી. લૂઈના આગમન માટેની તેની ઉત્સુકતા જીન કૉર્નબટ કરતાં પણ વધુ હતી.

'જ્યુનહાર્ડી' જહાજ પોતાની વેપારી સફર ખેડીને પરત આવી રહ્યું હોવાના સંકેત ક્ષિતિજ પરથી મળ્યા હતા. એના આગમન સાથે એક ખૂબ જ મહત્ત્વના વેપારીસાહસની પૂર્ણાહુતિ થવાની હતી. આ સફર ઉપર ત્રણેક માસ પહેલાં જહાજ ઊપડ્યું હતું. નૉર્વેના પશ્ચિમી કાંઠે આવેલા બોડો ટાપુ સુધી જઈને ત્યાંથી તે પોતાની વળતી સફર શરૂ કરવાનું હતું અને હવે ગમે તે ઘડીએ પોતાની સફરના પ્રસ્થાનના બંદરમાં પ્રવેશ કરવાનું હતું. જીન કૉર્નબટને પણ આ સફરની સફળતાથી મોટો આર્થિક લાભ થવાની ગણતરી હતી.

પોતાના ઘરમાં પ્રવેશતાં જ જીને અનુભવ્યું કે લૂઈના આગમનના સમાચાર માત્રથી ઘરમાં એક નવી જ ચેતના પ્રગટી ચૂકી હતી. નવવધૂ બનનાર મૅરીના મોં ઉપર, લૂઈના આગમનના સમાચારથી આનંદ અને શરમના ભાવ સ્પષ્ટ જોઈ શકાતા હતા. પોતાનાં લગ્નના ખાસ પોષાકને હાથમાં લઈને જીન કૉર્નબટ સામે જોતાં તે બોલી.

"મને આશા છે કે, જહાજ લાંગરશે ત્યાં સુધીમાં આપણે બધી તૈયારીઓ પૂરી કરી લઈશું. જહાજને કાંઠા સુધી પહોંચતાં હજુ સમય લાગશે."

"હા, પરંતુ આપણે બાકી તૈયારીઓ ઝડપથી પૂરી કરવી પડશે. પવનની દિશા ઉત્તરથી દક્ષિણની છે. તું તો જાણે છે કે જ્યુનહાર્ડીને તેની મદદ મળશે. કાંઠે પહોંચતાં તેને બહુ સમય નહી લાગે." જીન કૉર્નબટ બોલ્યો.

"અંકલ, તમે તમારા મિત્રોને આમંત્રણ આપી દીધું છે ?" મૅરીએ પૂછ્યું.

"હા, બધાને આમંત્રણ અપાઈ ગયું છે."

"અને દેવળના માનનીય પાદરીજીને ? દેવળમાં લગ્નની નોંધણી થઈ ગઈ છે ?"

''હા, એ બધું થઈ ગયું છે. હવે માત્ર તું તૈયાર થાય તેની જ રાહ જોવાય છે.''

તે જ ઘડીએ કૉર્નબટનો જિગરી દોસ્ત ક્લેરબાઉટ ઘરમાં પ્રવેશતાં બોલ્યો,

''કૉર્નબટ, એક ખુશીના સમાચાર છે..! તારું જહાજ પરત આવી રહ્યું છે અને આ જ સમયે ફ્રાન્સની આપણી સરકારે, નૌકાદળ માટે મોટા પ્રમાણમાં લાકડાંનો જથ્થો ખરીદવાની જાહેરાત કરી છે. જહાજમાં લાવવામાં આવનાર લાકડાંનો હવે ખૂબ જ સારો ભાવ આપણને મળી શકશે.''

''મારે માટે અત્યારે એનું કંઈ મહત્ત્વ નથી. ફ્રાન્સની સરકારને જે કરવું હોય તે કરે !'' કૉર્નબટ ક્લેરબાઉટની વાત પ્રત્યે ઉદાસીનતા બતાવતા બોલ્યા. ખરેખર તો પુત્રના આગમનના સમાચારથી જીન કૉર્નબટ એટલા ઉત્તેજિત બની ગયા હતા કે વેપાર અને કમાણીની ગણતરી તેમના મનમાંથી વિસારે પડી હતી.

''શ્રીમાન ક્લેરબાઉટ !'' મૅરીએ વચ્ચે બોલતાં કહ્યું, ''વેપાર તો એની રીતે ચાલ્યા કરશે, પરંતુ આજનો દિવસ અમારા માટે ખૂબ જ મહત્ત્વનો છે, કારણ કે લૂઈ પરત ફરી રહ્યો છે.''

''હા, એમાં કોઈ બેમત નથી. લૂઈ પરત આવી રહ્યો છે એ કારણે તમે બંને બહુ ઉત્સાહિત હોય તે સ્વાભાવિક છે, પરંતુ મારો કહેવાનો અર્થ એ હતો કે લાકડાંની મોટી માંગ...''

કૉર્નબટ તેને વચ્ચેથી જ અટકાવતા હોય તે રીતે બોલ્યા, ''અગાઉ મેં તને જણાવ્યું જ હતું, તેમ છતાં અત્યારે તને ફરીથી યાદ કરાવું છું કે આજે તારે મૅરી અને લૂઈના લગ્નપ્રસંગમાં હાજર રહેવાનું છે.'' ઉમળકાથી ક્લેરબાઉટના બંને હાથ પોતાના હાથમાં લઈ જોરથી હલાવતાં તે બોલ્યા.

ક્લેરબાઉટ લાકડાંની મોટી માંગ અંગે ફરી બોલવા જતા હતા, ત્યાં કૉર્નબટે ફરી વાત ફેરવતાં કહ્યું.

''મેં મારા બધા જ મિત્રો, સગાંસંબંધીઓ અને નાવિકોને આ લગ્નસમારંભનું આમંત્રણ આપી દીધું છે. લૂઈ સાથે જહાજમાં ગયેલા તમામ નાવિકોને પણ જહાજ પરત ફરતાં જ આમંત્રણ પાઠવી દઈશ.''

''અંકલ, હવે આપણે નીકળવું જોઈએ. જહાજના આગમનની રાહ આપણે ડક્કા પર જ જોઈશું.'' પોતાના પ્રિયજનને મળવા અધીરી બનેલી મૅરી હવે આ સ્થળે વધુ સમય થોભી શકે તેમ ન હતી.

‘‘જરૂર ! લૂઈનું આપણે ભવ્યાતિભવ્ય સ્વાગત કરવાનું છે.’’ કૉર્નબટ પણ મૅરી જેટલા જ ઉત્સાહિત હતા. મૅરીની વાતમાં સંમતિ પુરાવતાં તેમણે જવાબ આપ્યો.

જીન કૉર્નબટના આમંત્રિત મહેમાનોની પણ ધીમેધીમે ત્યાં આવવાની શરૂઆત થઈ ગઈ. તેઓ સૌ કૉર્નબટને આ ખુશીના દિવસે અભિનંદન પાઠવવા લાગ્યા. જે દિવસ અને ઘડીની અતિ ઉત્કંઠાપૂર્વક મૅરી રાહ જોતી હતી, તે હવે સાવ નજીકમાં જ હોવાથી આનંદિત, છતાં વિનમ્ર બનેલી મૅરીએ ઈશ્વરનો આભાર માનવા ઘૂંટણિયે પડીને પ્રાર્થના કરી. તે પણ હવે પોતાનાં લગ્નનાં વસ્ત્રોમાં તૈયાર થઈને બહાર આવી. જીવનની આ અનન્ય ઘડીએ તે ખૂબ જ સુંદર લાગતી હતી. આવેલા બધા મહેમાનો પણ તેની સાથે હસ્તધૂનન કરી, મૅરી અને લૂઈના ભાવિ સુખી, સમૃદ્ધ અને સુદીર્ઘ લગ્નજીવન માટેની શુભેચ્છાઓ તથા આશીર્વાદ આપી રહ્યા હતા.

ઉત્સાહિત બનેલા આમંત્રિત મહેમાનો સહિતના સૌ જ્યુનહાડી જહાજને વધાવવા સૂર્યોદય સમયે કાંઠા તરફ આગળ વધ્યા. જ્યુનહાડીના પરત આવવાના સમાચાર પણ બંદરમાં વીજળીવેગે ફેલાઈ ગયા હતા. જીન કૉર્નબટ તથા મૅરી સહિત સૌને લોકો આનંદથી નિહાળી રહ્યાં હતાં. કેટલાક પોતાના ઘરમાંથી બહાર આવીને કૉર્નબટને અભિનંદન પાઠવવા લાગ્યા. જ્યારે કેટલાક પરિચિતોએ પોતાના ઘરની બારીમાંથી જ કૉર્નબટ તરફ હાથ હલાવીને પોતાની શુભેચ્છાઓ વ્યક્ત કરી.

જીન કૉર્નબટ, મૅરી અને સાથે આવેલાં સગાંસંબંધી, મિત્રોનો સમૂહ આખરે ડક્કા પર પહોંચી ગયો. વાતાવરણ ખુશનુમા અને તાજગીભર્યું હતું. ઊગતા સૂર્યનાં કોમળ કિરણોમાં આખો સમુદ્ર સોનેરી બની ગયો હતો. ઉત્તરથી વાતા પવનો અને તેમાં ઊછળી રહેલાં મોજાં કાંઠા સાથે અથડાઈને પાછાં વળી જતાં હતાં. એને કારણે બનતા સફેદ ફીણથી આખો કાંઠો દૂધમય બની ગયો હતો. માછીમારી માટેના અનેક નાનાં-મોટાં જહાજો સમુદ્રમાં જઈ રહ્યાં હતાં. પાણીની સપાટી પર એ જહાજના પસાર થયા બાદ સફેદ પટ્ટાઓ રચાતા હતા.

ડનકર્ક બંદરના મુખ્ય બે ડક્કા હતા. જહાજના સ્વાગત માટે આવેલો સમૂહ એ પૈકીના ઉત્તરી ડક્કા ઉપર રાહ જોઈ રહ્યો હતો. ડક્કાની બાજુમાં જ બંદરના નિયામકનું નાનું ઘર હતું. ઉત્તરથી વાતા પવનોના ધક્કાથી કોઈ રાજવીનું શાહી જહાજ હોય તેવું ‘જ્યુનહાડી’ સ્થિર ઝડપે કાંઠા તરફ આગળ વધતું સૌની નજરે પડયું. સૌએ આનંદના પોકારો કર્યા. દરેક વ્યક્તિની નજર જહાજ ઉપર જ મંડાયેલી હતી. જીન કૉર્નબટ ગર્વભેર પોતાના આમંત્રિત મહેમાનો સાથે વાતો કરી રહ્યા હતા.

‘‘જુઓ, મારું જહાજ ! હજુ પણ એટલું જ ભવ્ય છે, જેટલું અહીંથી તે ગયું ત્યારે હતું. આટલી લાંબી સફરમાં પણ તેને જરાય નુકસાન નથી થયું. હમણાં જ સફર પર જવા તૈયાર કર્યું હોય તેવું જ છે.’’ કૉર્નબટ ઉત્સાહમાં આવી બોલ્યા.

“તમે તમારા પુત્રને જોયો ?” ટોળામાંથી એક વ્યક્તિએ પૂછ્યું.

“ના, હજુ સુધી એ તૂતક પર દેખાયો નથી. કદાચ એ તેના કામમાં વ્યસ્ત હશે.”

“આશ્ચર્ય થાય છે કે હજી સુધી પોતાનો ધ્વજ તેણે ફરકાવ્યો કેમ નથી ?” ક્લેરબાઉટે પૂછ્યું.

“મને પણ એ જ આશ્ચર્ય થાય છે એ માટે કોઈ ચોક્કસ કારણ હશે. એમ હું માનું છું !” કૉર્નબટ બોલ્યા.

“અંકલ, તમારું દૂરબીન ?!” મૅરીએ કૉર્નબટ પાસેથી તેમનું દૂરબીન હાથમાં લેતાં ઉત્સાહથી કહ્યું, “સૌપ્રથમ હું લૂઈને જોવા માગું છું !”

“પણ મૅડમ, એ મારો પણ પુત્ર છે !”

“એ તમારો પુત્ર તો ૩૦ વર્ષથી છે, પરંતુ મારો પ્રેમી છેલ્લાં બે વર્ષથી જ છે !” પ્રસંગને અનુરૂપ ગંભીર હોવા છતાં મૅરીએ હળવા સ્મિત સાથે જણાવ્યું.

જ્યુનહાડી વધુ ને વધુ નજીક આવતું હતું. તેના તૂતક પર ચાલતી પ્રવૃત્તિઓ પણ હવે સ્પષ્ટપણે જોઈ શકાતી હતી. લંગરને પાણીમાં ઉતારવા માટેની તૈયારી પણ તૂતક પર થતી દેખાતી હતી. નાવિકો વ્યસ્ત હતા, પરંતુ મૅરી અને જીન કૉર્નબટની આંખો જેને આતુરતાથી શોધી રહી હતી તે લૂઈ તૂતક પર ક્યાંય દેખાતો ન હતો.

“જુઓ, આન્દ્રે વેસ્લિંગ...” ક્લેરબાઉટે પોતાના એક પરિચિત નાવિક તરફ આંગળી ચીંધી મોટા સાદે બૂમ પાડી.

ત્યાં બીજી એક વ્યક્તિ બોલી ઊઠી, “પેલો રહ્યો જહાજનો સુથાર, ફિડલ...!”

“આપણા મિત્ર ગ્રાડલીનને પણ હું જહાજના તૂતક પર સ્પષ્ટ જોઈ શકું છું.” ટોળામાંથી પાછો એક અવાજ આવ્યો.

ત્યાં હાજર લોકો નાવિકોનાં નામ પોકારી પોતાના હાથ એ તરફ ઊંચા કરી તેમને આવકારી રહ્યા હતા. ટોળાંમાં નાવિકોનાં સગાંસંબંધીઓ પણ ઘણાં હતાં, જે પોતાના સ્વજનને એક લાંબા સમય બાદ જોઈને ભાવવિભોર બની ગયાં હતાં.

જ્યુનહાડી કાંઠાથી માંડ ૩ કેબલ જેટલા અંતરે હતું ત્યારે જહાજના [II] તૂતક પર કાળો ધ્વજ ફરકાવવામાં આવ્યો. આ ધ્વજ જોતાંની સાથે જ ડક્કા પર એકઠાં થયેલાં લોકોનાં ટોળાંમાં શોક અને ગમગીની ફરી વળી. દરેકના મુખ પર ગંભીરતા છવાઈ ગઈ. કૉર્નબટ અને મૅરી અવાક્ બનીને એકબીજાનું મોં જોઈ રહ્યાં.

વધુ નજીક આવી રહેલા જહાજમાં અન્ય તમામ નાવિકો તૂતક પર હતા, પરંતુ લૂઈ દેખાતો ન હતો. સાથે કાળા રંગનો ધ્વજ ફરકતો હતો. કોઈ અશુભ કે દુખદ ઘટના બની હોવાનું એ સૂચન હતું. જહાજના કોઈ ઉચ્ચાધિકારી કે કૅપ્ટનનું સફર દરમિયાન મૃત્યુ થયું હોય ત્યારે આવો ધ્વજ જહાજ પર ફરકાવવાની પ્રણાલી હતી. બધા નાવિકો તૂતક પર દેખાતા હતા ત્યારે લૂઈની ગેરહાજરી કાળા ધ્વજ માટેનું નિમિત્ત હોય એમ સૌને લાગ્યું. ચોક્કસ કંઈ અજુગતું બન્યું હોવાનું ત્યાં આવેલા તમામ પામી ગયા.

જહાજ બંદરમાં પ્રવેશ્યું. તેના તૂતક પર આનંદને સ્થાને સ્મશાનવત્ ઘેરી શાંતિ છવાયેલી હતી. ડક્કા પાસે કૉર્નબટ, મૅરી અને સાથે આવેલી વ્યક્તિઓનું ટોળું ઝડપથી જહાજ તરફ આગળ વધ્યું અને બીજી જ ઘડીએ તેઓ જહાજના તૂતક ઉપર હતાં.

“લૂઈ ! મારો પુત્ર ! ક્યાં છે ?” કૉર્નબટે ગંભીર અને આશ્ચર્યભાવ સાથે નાવિકને પૂછ્યું.

નાવિકના મોંઢામાંથી એક પણ શબ્દ નીકળી શક્યો નહી. તેણે માથું નમાવી તૂતક ઉપર ફરકતા કાળા ધ્વજ તરફ આંગળી ચીંધી. ઘડી પહેલાંનો આનંદનો માહોલ શોકમાં પલટાઈ ગયો. લૂઈ માટેના સમાચાર અશુભ હતા. શરૂનો આશ્ચર્યભાવ હવે આક્રંદમાં બદલાયો. મૅરી પોતાનાં આંસુ રોકી શકે તેમ ન હતી. મોકળા મને તે રડી પડી. અંકલ કૉર્નબટનો હાથ એક દુખદ ઊંહકારા સાથે તેણે પકડી લીધો.

જહાજના પ્રથમ અધિકારી આન્દ્રે વેસ્લિંગે કૅપ્ટન લૂઈની ગેરહાજરીમાં જહાજની વળતી સફર પૂરી કરી હતી. મૅરીનો ભાવિ પતિ અને કૉર્નબટનો એકનો એક પુત્ર લૂઈ જહાજ પર ન હતો.



(I). ફ્લેમિશ : હોલૅન્ડની વતની જે ડચ તરીકે ઓળખાય છે.

*(II). **કેબલ (લંબાઈનું માપ)** : દરિયાઈક્ષેત્રે લંબાઈ માપવા માટેનું એક પ્રાચીન એકમ. જુદા જુદા દેશો મુજબ કેબલનું માપદંડ જુદું જુદું છે.*

બ્રિટિશ કેબલ : લગભગ ૬૦૦ *ફૂટ ઐતિહાસિક માપદંડ (અમેરિકી) મુજબ (એક) કેબલ એટલે ૭૨૦ ફૂટ આશરે.*

૨

જીન કૉર્નબતનું અભિયાન

સ્થિતિની ગંભીરતા સમજી જહાજ પર કૉર્નબટ અને મૅરી સાથે આવેલા અન્ય મિત્રો અને સગાં-સંબંધીઓ મૅરીને આશ્વાસન આપવા લાગ્યા. તેને સમજાવીને જહાજ ઉપરથી લઈ ગયા. મૅરી માટે આ આઘાત અસહ્ય હતો. કૉર્નબટ માટે પણ આ સમાચાર આભ તૂટી પડવા સમાન હતા. આમ છતાં તેમણે પોતાની જાતને સંભાળી લીધી. આવા સમયે જો તે નબળા પડે તો મૅરીને સંભાળવી મુશ્કેલ બને તેમ હતું. જહાજની વળતી સફરમાં કાર્યકારી કૅપ્ટનની ફરજ બજાવનાર આન્દ્રે વેસ્લિંગે આ દુખદ ઘટના ક્યારે અને કેવી રીતે બની તેનો ખ્યાલ જહાજમાં રાખવામાં આવતી દૈનિક નોંધપોથી પરથી આપવા પ્રયત્ન કર્યો. કૉર્નબર્ટે એ દૈનિક નોંધપોથી ઉપર ઝડપથી નજર ફેરવી લીધી.

૨૬મી એપ્રિલનો દિવસ. સવારથી જ દરિયો તોફાની હતો. જોરદાર પવનમાં પહાડ જેવડાં મોજાંઓની હારમાળા શરૂ થઈ હતી. ઊંચે ચઢીને નીચે પછડાતાં એ મોજાંઓ વચ્ચે ઠેકઠેકાણે પાણીના ગોળ ગોળ ફરતાં વમળો સર્જાવાં લાગ્યાં. કાળાં ડિબાંગ વાદળોથી આકાશ ઘેરાઈ ગયું. ધોળા દિવસે પણ વાતાવરણ ધૂંધળું બની વધુ ને વધુ પ્રતિકૂળ બની ગયું. સાથે ધુમ્મસનું આવરણ પણ ગાઢું બન્યું. મોજાંની થપાટો જહાજને આમથી તેમ ફંગોળી રહી. તોતિંગ જહાજો માટે પણ આવા સમયે સંતુલન જાળવવાનું મુશ્કેલ હતું. આવા ભયંકર તોફાનમાં એક નાનકડું જહાજ ભયાનક વમળમાં ચકરાવા લેતું એના મધ્યભાગ તરફ ધસી રહ્યું હતું. વમળની ગતિ સાથે ઘડીમાં નજીક અને ઘડીમાં દૂર જતાં એ જહાજનું સુકાન તેમ જ પાછલો કૂવાથંભ તૂટી ગયાં હતાં. કૅપ્ટન લૂઈના ધ્યાનમાં આવતાં જ એને લાગ્યું કે એ જહાજની જળસમાધિ લગભગ નિશ્ચિત હતી. કૅપ્ટને ઝડપથી બચાવનૌકા પાણીમાં ઊતરાવી તોફાનની ભયાનકતાનો ખ્યાલ કરી એ ડૂબતા જહાજના નાવિકોને બચાવવા પોતે જ જવાનો નિર્ણય લીધો. બચાવનૌકામાં જહાજના બે અન્ય નાવિકો કોર્ટોઇસ અને પિયરે નોક્યુટને પણ સાથે લીધા. એવા વિનાશક ઝંઝાવાતમાં પોતાનો તથા બંને નાવિકોના જાન જોખમમાં મૂકવા સામે જ્યુનહાર્ડીના તમામ નાવિકોએ વિરોધ કર્યો. આમ છતાં ડૂબતા જહાજના તમામ નાવિકોની મદદે જવાનો લૂઈનો નિર્ધાર પાકો હતો. જહાજના બધા નાવિકો ગાઢ ધુમ્મસમાં તેઓની બચાવનૌકાને અદૃશ્ય થતી જોઈ રહ્યા. થોડા સમયમાં સમુદ્રી તોફાનની તીવ્રતા વધી. એમાં જ્યુનહાર્ડી જહાજના ખુદના અસ્તિત્વ સામે જ પ્રશ્ન તોળાયો. કૅપ્ટન લૂઈ અને અન્ય બે નાવિકો લાંબો સમય વીતવા છતાં

બચાવનૌકા સાથે પરત ફર્યા ન હતા. એમના આગમન માટે ત્યાં જ રાહ જોવાનું જરૂરી હતું, પરંતુ તેમના કોઈ અણસાર મળતા ન હતા. ઘણા દિવસો સુધી એ વિસ્તારમાં કૅપ્ટન લૂઈ અને બે નાવિકોની શોધ ચલાવવામાં આવી, પરંતુ ડૂબેલા જહાજનો કોઈ પણ પ્રકારનો ભંગાર, બચાવનૌકા કે કૅપ્ટન અને અન્ય કોઈ પણ નાવિકનાં સગડ મળ્યા નહીં. પોતાના જહાજ માટે હવે જોખમ વધ્યું. ખોરાક-પાણીના પુરવઠાનો પણ પ્રશ્ન હતો. કૅપ્ટન લૂઈ અને અન્ય બે નાવિકો આ તોફાનમાં ગાયબ થયા બાદ અનિશ્ચિત સમય સુધી ત્યાં રોકાઈ રહેવાનું સલાહ ભરેલું પણ ન હતું. એવી સ્થિતિમાં જહાજના પ્રથમ અધિકારી આન્દ્રે વેસ્લિંગે કૅપ્ટન લૂઈ અને અન્ય બે નાવિકોને મૃત સમજી પરત ફરવાનો દુઃખદ નિર્ણય લીધો.

ઠંડા ઉત્તરી સમુદ્રના તોફાનમાં પોતાના પુત્રના ગુમ થવાના સમાચાર પિતા જીન કૉર્નબટ માટે વજ્રાઘાત જેવા હતા. ક્યાંય સુધી તે એક શબ્દ બોલી શક્યા નહીં. એકના એક પુત્રના આ રીતના દુઃખદ અંતને કારણે આંખમાંથી વહેતાં આંસુ સુકાતાં ન હતાં. તેમના માટે આશ્વાસન લેવા જેવી એક જ બાબત એ હતી કે તેમના પુત્રે બહાદુર નાવિકને શોભે તેવી અન્ય નાવિકોની જિંદગી બચાવવાના સાહસી કાર્યમાં પોતાની જાતને હોમી દીધી હતી. બહાદુર સાગરપુત્ર માટે એ ગૌરવભરી વિદાય હતી.

પોતાના પુત્ર સંબંધી આ માહિતી મેળવીને જીન કૉર્નબટ 'જયુનહાર્ડી' જહાજને છોડી બહાર નીકળ્યા. ઘરે પહોંચ્યા બાદ મૅરી સાથે તે એક શબ્દ પણ બોલી શક્યા નહીં. આમ તો લૂઈ ગયો હતો ત્યારથી ઘરમાં મૅરી અને પોતે, બે જ જણાં રહેતાં હતાં, પરંતુ આજે પોતાના ઘરમાં જ તેઓ એકલાઅટૂલા પડી ગયા હોય તેમ લાગ્યું.

ટૂંક સમયમાં આ સમાચાર સમગ્ર ડનકર્કમાં ફેલાઈ ગયા. મિત્રો અને સગાંસંબંધીઓ આ વૃદ્ધ એકલવાયા પિતાને આશ્વાસન આપવા આવતાં હતાં. જહાજના દરેક નાવિક અને તેના કુટુંબીજનો પણ જીન કૉર્નબટને એક વખત મળી ગયા. આન્દ્રે વેસ્લિંગ પણ આવ્યો હતો. તેણે મૅરીને પણ તેના પ્રેમીએ જીવનના છેલ્લા શ્વાસ સુધી ખેડેલા અજોડ સાહસની વિગતો આપી.

જહાજ આવ્યાના બીજા દિવસે જીન કૉર્નબટે થોડી સ્વસ્થતા કેળવી. જહાજના પ્રથમ અધિકારી અને વળતી સફરમાં કાર્યકારી કૅપ્ટન તરીકે જહાજને પરત લાવનારા આન્દ્રે વેસ્લિંગને તેમણે ગંભીરતાથી પૂછ્યું :

"તને ખાતરી છે કે લૂઈ આ તોફાનમાં મૃત્યુ જ પામ્યો છે ?!"

"હા ! શ્રીમાન કૉર્નબટ !! મને તેમાં કોઈ શંકા નથી. એ સમુદ્રી વમળમાં કોઈ પણ જહાજનું સુરક્ષિત રહેવું અશક્ય હતું."

"પરંતુ તેમને શોધવાના પૂરતા પ્રયત્નો તો તેં કર્યા જ હતા ને ?"

''હા, ઘણા દિવસો સુધી તેમને શોધવા માટે અમે શોધ અભિયાન ચલાવ્યું હતું, પરંતુ કૅપ્ટન લૂઈ કે આપણા અન્ય બે નાવિકો કે આપણી બચાવનૌકા કોઈનો પણ પત્તો લાગ્યો ન હતો. મારું માનવું છે કે તેમની નૌકા સાથે ત્રણે જણા વમળમાં જ ડૂબી ગયા હશે.'' આન્દ્રેએ કહ્યું.

''આન્દ્રે, તું આ જ્યુનહાડી જહાજમાં હવે પછીની સફરમાં પ્રથમ મદદનીશ અધિકારી તરીકે જોડાવા તૈયાર છે ?''

''હા, જો એમાં કૅપ્ટનની ઇચ્છા હશે તો ચોક્કસપણે હું જોડાઈશ.''

''આન્દ્રે, લૂઈની ગેરહાજરીમાં જહાજના કૅપ્ટન તરીકેની જવાબદારી હું જ સંભાળવા માગું છું. હું શક્ય તેટલી ઝડપથી જહાજ પર લાદેલા માલને ઉતારી મારા પુત્રની પુનઃશોધના અભિયાન પર જવા ઇચ્છું છું. મારું મન તેના મૃત્યુને સ્વીકારવા તૈયાર નથી. આ અભિયાનમાં તું જોડાશે તો મને ગમશે. મારા પુત્ર સંબંધમાં બનેલી ઘટના અંગે મારા કરતાં તું વધુ જાણકાર છે. જહાજ ઉપરની તારી હાજરીથી અભિયાન વધુ સરળ અને યોગ્ય દિશામાં ચલાવી શકાશે.'' જીન કૉર્નબટ આન્દ્રે સામે જોઈ આત્મવિશ્વાસથી બોલ્યા.

''પરંતુ કૅપ્ટન, તમારો પુત્ર મૃત્યુ પામ્યો છે...! આ સત્ય તમારે સ્વીકારી લેવું જોઈએ. આવા અભિયાનનો હવે કોઈ અર્થ સરતો નથી. મેં તેની દિવસો સુધી તપાસ ચલાવી છે.'' આન્દ્રે વેસ્લિંગ મક્કમતાથી બોલ્યો.

''આન્દ્રે, શક્ય છે કે મારો પુત્ર આ વમળોમાં ફસાયેલા અન્ય નાવિકોને બચાવવા જતાં મૃત્યુને ભેટયો હોય, પરંતુ એ પણ શક્ય છે કે સમુદ્રી તોફાનમાંથી તે પોતાને બચાવવામાં સફળ પણ નીવડ્યો હોય. હું નૉર્વેના કાંઠાઓનાં તમામ બંદરોની તપાસ કરવા ઇચ્છું છું. બની શકે કે મારો પુત્ર મને ફરી મળે. જ્યાં સુધી મને તે અંગે સંપૂર્ણ પુરાવા પ્રાપ્ત નહી થાય ત્યાં સુધી મારા જીવને શાંતિ નહી થાય. એવી તપાસ બાદ પણ લૂઈનો પત્તો નહી મળે અને મને ખાતરી થશે કે હું તેને ફરીથી જોઈ શકીશ નહી, ત્યારે જ હું પાછો આવીશ. મારા જીવનના છેલ્લા શ્વાસ હું અહી જ લઈશ.'' જીન કૉર્નબટના અવાજમાં એક દૃઢ નિશ્ચય જણાઈ રહ્યો હતો.

આન્દ્રેને જ્યારે જણાયું કે જીન કૉર્નબટ પોતાના નિર્ણયમાં દૃઢ હતા ત્યારે તેણે કોઈ વધુ વિરોધ કે તે નિર્ણયને ફેરવવા માટેની દલીલો ન કરી. જીન કૉર્નબટની રજા લઈ તેણે વિદાય લીધી. લૂઈ માટેના શોધ અભિયાનમાં જોડાવા અંગે પોતાની સંમતિ કે અસંમતિ પણ તેણે જીનને જણાવી ન હતી.

જીન કૉર્નબટે લૂઈની શોધ માટેના અભિયાનની વાત જ્યારે મૅરીને કરી ત્યારે તેની આંખોમાં લૂઈ અંગેની આશા ફરી જાગી. મૅરીએ તો પોતાના પ્રેમી લૂઈના મૃત્યુને

સ્વીકારી જ લીધું હતું, પરંતુ જ્યારે આશાનું આ નવું કિરણ જન્મ્યું ત્યારે તે જીન કૉર્નબટને ભેટી પડી. મૅરી આ સમયે પોતાના રુદનને રોકી શકી નહી. મૅરીનાં આંસુઓએ જીન કૉર્નબટના આ શોધઅભિયાનને મૂક પ્રોત્સાહન પૂરું પાડ્યું.

જીન કૉર્નબટે શક્ય તેટલી ઝડપથી જ્યુનહાર્ડીને શોધ અભિયાન પર જવા માટે તૈયાર કરવાની સૂચના આપી. તેઓ શક્ય તેટલા વહેલા આ અભિયાન પર ઊપડવા માગતા હતા. 'જ્યુનહાર્ડી' હજી તો હમણાં જ લાંબી સફરેથી આવ્યું હતું, પરંતુ તે હજુ હમણાં જ પાણીમાં ઉતારાયેલા નવા નક્કોર જહાજ જેવું લાગતું હતું. તેમાં સમારકામ કે અન્ય ફેરફારો કરવાની કોઈ જરૂર ન હતી. પરિણામે ઝડપથી આવી સફર ઉપર નીકળી શકાય તેમ હતું. જીન કૉર્નબટે પણ નાવિકોને આવા અભિયાન પર ગમે ત્યારે નીકળવા માટે તૈયાર રહેવા સૂચના આપી દીધી. તેમણે નાવિકોની પસંદગીમાં કોઈ ફેરફાર કર્યો નહી. જે નાવિકો અગાઉની સફરે હતા, તેમને યથાવત્ રાખ્યા. આ બધા નાવિકો અનુભવી અને ઉત્તરી સમુદ્રની પરિસ્થિતિથી ટેવાયેલા હતા, તેથી તે સૌને સાથે લેવાનો તેમણે નિશ્ચય કર્યો. માત્ર કૅપ્ટન તરીકે પોતાના પુત્ર લૂઈના સ્થાને તે પોતે અને સુકાન સંભાળનાર તરીકે પિયરે નોક્યુટના સ્થાને પેનેલનની પસંદગીને બાદ કરતાં અન્ય નાવિકો અલાઇન તક્વિટ, ફિડલ મિસોન, ગ્રાડલીન, ઓપિક અને ગુરેવીચ આ શોધ અભિયાનમાં નાવિકો તરીકે યથાવત્ રહ્યા.

જીન કૉર્નબટે આન્દ્રે વેસ્લિંગને પણ આ શોધ અભિયાનમાં પ્રથમ અધિકારી તરીકે જોડાવા પ્રસ્તાવ મૂક્યો હતો. તેની પસંદગીનું કારણ સ્પષ્ટ હતું કે તે આગળ પણ ઉત્તરી સમુદ્રની સફરો ખેડી ચૂક્યો હતો અને લૂઈની ગેરહાજરીમાં તેણે જ જહાજની કાર્યકારી કૅપ્ટન તરીકેની જવાબદારી સંભાળી ડનકર્ક સુધી સફળતાપૂર્વક દોરી લાવ્યો હતો. કૉર્નબટના આ પ્રસ્તાવ સામે શરૂમાં આન્દ્રે દ્વિધામાં હતો. અભિયાનમાં જોડાવા માટે તાત્કાલિક સંમતિ આપવાને બદલે તે અંગે વિચારણા માટે કૉર્નબટ પાસે સમય માગ્યો.

કૅપ્ટન કૉર્નબટે પણ તેને વધુ આગ્રહ ન કરતાં આન્દ્રેને કહ્યું હતું :

"આન્દ્રે ! સફર પર નીકળીએ ત્યાં સુધીમાં ગમે ત્યારે તારી ઇચ્છા થાય તો, તું અમારી સાથે જોડાઈ શકે છે."

જીન અને પેનેલન જૂના મિત્રો હતા. પેનેલને પણ જીન સાથે સમુદ્રમાં અનેક સફરો ખેડી હતી. મૅરી પણ પેનેલનને વડીલ સમાન જ માનતી હતી. બંને વચ્ચે લાંબો ઉંમરભેદ હોવા છતાં પેનેલન અને મૅરી વચ્ચે, બે મિત્રો વચ્ચે હોય તેવા સંબંધો હતા. પેનેલન આ શોધઅભિયાનનો હિમાયતી હતો. શોધઅભિયાન પર જવા માટે જરૂરી તૈયારીઓ કરવાની જવાબદારી જીન કૉર્નબટે તેને જ સોંપી હતી અને તેમાં તેણે કોઈ કસર બાકી રાખી ન હતી. પેનેલનનું માનવું હતું કે આન્દ્રે વેસ્લિંગે ખોવાયેલાઓની

શોધ કરવા માટે યોગ્ય તકેદારી લીધી ન હતી, તેથી આવું શોધઅભિયાન હાથ ધરવાનું તેને જરૂરી લાગતું હતું. આમ છતાં મુશ્કેલ સમયમાં પણ કૅપ્ટન લૂઈની ગેરહાજરીમાં વેસ્લિંગ જવાબદારીપૂર્વક જહાજને ડનકર્ક લઈ આવ્યો હતો એ હકીકતનું મહત્ત્વ પણ પેનેલનને મન ઘણું મોટું હતું.

લગભગ એક અઠવાડિયા જેટલા ટૂંકા ગાળામાં જ 'જ્યુનહાર્ડી' પોતાની સફર પર નીકળવા માટે તૈયાર થઈ ગયું. આ વખતે તેના ફાલકામાં પ્રત્યેક સફર વખતે વેપાર અર્થે ભરાતા માલસામાનને સ્થાને જુદા જ પ્રકારની સામગ્રીનો વિપુલ જથ્થો ભરવામાં આવ્યો. જેમાં મુખ્યત્વે સૂકવેલું માંસ, બિસ્કિટ, લોટ, બટાટા તેમ જ ઠંડીમાં રક્ષણ આપી શકે તે માટે બ્રાન્ડી, વાઇન જેવાં પીણાં અને કૉફી, ચા, તમાકુ જેવી વિવિધ વસ્તુઓથી જ્યુનહાર્ડીનું ભંડકિયું ભરાઈ ગયું. આવી સફરનો કોઈ નિશ્ચિત સમય નક્કી ન હતો અને ટૂંક સમયમાં જ ઉત્તરમાં કારમો શિયાળો શરૂ થવાનો હતો. તેવી સ્થિતિમાં આવું અભિયાન લાંબું ચાલવાની સંભાવના પણ નકારી શકાય તેમ ન હતી. તેથી જરૂરી માલસામાન, ખાદ્યસામગ્રીનો જથ્થો જહાજમાં પૂરતાં પ્રમાણમાં સાથે લેવો જરૂરી હતો.

૨૨મી મેનો દિવસ જવા માટે નક્કી કરવામાં આવ્યો. આગળના દિવસથી સાંજ સુધી આન્દ્રે વેસ્લિંગે સફરમાં જોડાવા અંગેનો કોઈ જવાબ જીન કૉર્નબટને આપ્યો ન હતો. હજુ તે પોતે નક્કી કરી શક્યો ન હતો કે આ અભિયાનમાં જોડાવું કે નહી. તે જીન કૉર્નબટને મળવા તેમના ઘેર આવ્યો. કૉર્નબટ ઘરમાં ન હતા, પરંતુ ઘરનો દરવાજો ખુલ્લો હતો. તે અંદર પ્રવેશ્યો અને ઘરમાં કોઈ હોય તો તેને શોધતો આગળ વધ્યો. ત્યાં તેને મૅરીના ખંડમાંથી અવાજ સંભળાયો. મૅરી કોઈ વ્યક્તિ સાથે વાત કરી રહી હતી. આન્દ્રેએ આ વાર્તાલાપ ધ્યાનથી સાંભળતાં તેને ખ્યાલ આવ્યો કે તે પેનેલન સાથે વાત કરી રહી હતી. આન્દ્રે બંને વચ્ચે ચાલતી દલીલબાજી ધ્યાનથી સાંભળી રહ્યો. પેનેલન મૅરીની વાતનો સખત વિરોધ કરતો હોય તેવો સૂર એ વાતચીતમાંથી નીકળતો હતો.

"મારા અંકલ કૉર્નબટની ઉંમર કેટલી હશે ?" મૅરીએ પેનેલનને પૂછ્યું.

"લગભગ ૬૦ આસપાસની હશે." પેનેલને જવાબ આપ્યો.

"તો શું તેઓ આ ઉંમરે પોતાના પુત્રને શોધવા જવાનું જોખમ નથી ખેડી રહ્યા ?" મૅરીએ પૂછ્યું.

"હા, પરંતુ કૅપ્ટન કૉર્નબટમાં ૬૦ની ઉંમરે પણ એક યુવાન જેટલો જુસ્સો છે. એમનો શારીરિક બાંધો લોખંડ જેવો મજબૂત છે અને તેમણે ઉત્તરી સમુદ્રની અનેક સફરો ખેડી છે, જેનો તેઓ બહોળો અનુભવ પણ ધરાવે છે. તેથી તેઓ આ સફર પર

જાય એમાં મને કોઈ જોખમ દેખાતું નથી. તેઓ આ ઉંમરે પણ આ પડકાર ઝીલવા સક્ષમ છે.'' પેનેલને મૅરીને કહ્યું.

''ઓહ પેનેલન ! જ્યારે માનવી પર સંકટો આવી પડે છે ત્યારે તેનો સામનો કરવાની શક્તિ ઈશ્વર એવી વ્યક્તિને આપોઆપ આપતો હોય છે. આ બાબત તમારે સમજવી પડશે અને મને મદદ પણ કરવી પડશે !''

''ના, મૅરી ! એ ક્યારે શક્ય નહી બને. હું આ શોધઅભિયાનમાં જોડાવાની તારી જીદ ક્યારેય નહી સ્વીકારું. કોણ જાણે આ શોધઅભિયાનમાં ક્યાં ક્યાં જવું પડશે અને કેવાં કેવાં સંકટોનો સામનો કરવો પડશે. તારા જેવી નાજુક છોકરી એ ક્યારેય નહી સહી શકે. મેં આ સમુદ્રમાં અને તેની કારમી ઠંડીમાં ભલભલા લોખંડી માણસોને તૂટી જતા અને જાન ગુમાવતા જોયા છે. તારી જિંદગી સાથે એવું જોખમ હું ક્યારેય નહી ખેડી શકું.''

''પેનેલન, સાથે આવવાના મારા પ્રસ્તાવને તું નહી સ્વીકારે તો હું માની લઈશ કે તને મારા માટે કોઈ જ લાગણી નથી.''

ખંડની બહાર ઊભેલા આન્દ્રેએ મૅરીની આવી વાતો સાંભળી. તે જીન કૉર્નબટના અભિયાનમાં જોડાવા માટે અસમંજસમાં હતો, પરંતુ તેણે પોતાનો નિર્ણય તે જ ઘડીએ લઈ લીધો.

જીન કૉર્નબટ તે જ ઘડીએ ઘરમાં પ્રવેશ્યા. જીનને ઘરમાં આવતા જોઈ, તેની પાસે જઈ આન્દ્રે બોલ્યો :

''કૅપ્ટન ! તમારી સાથે આ સફરમાં જોડાવા માટે હું તૈયાર છું. એ અંગેનો નિર્ણય મેં કરી લીધો છે. તમારા નાવિકોની ટુકડીમાં તમે મારી પણ ગણતરી કરી શકો છો.''

''મને એ બાબતે કોઈ શંકા ન હતી. તું એક બહાદુર નાવિક છે. આ અભિયાનમાં તું ચોક્કસપણે જોડાઈશ જ એવી મને ખાતરી હતી.'' કૅપ્ટન જીન કૉર્નબટે આન્દ્રેના પ્રસ્તાવને વધાવી લીધો. આન્દ્રે જોડે હાથ મિલાવ્યા અને સાથે મૅરીને પણ જોરથી બૂમ પાડી.

મૅરી અને પેનેલન તે જ ઘડીએ તેમના ખંડમાંથી બહાર આવી કૅપ્ટન જીન સામે હાજર થયા.

''કાલે વહેલી સવારે ભરતી ઊતરતાં લૂઈને શોધવા માટેની આ સફરની શરૂઆત કરીશું.'' ત્યાર બાદ મૅરી સામે જોઈ ઉદાસ ચહેરે કૅપ્ટન બોલ્યા :

‘‘મૅરી ! મારી વહાલી દીકરી, આ છેલ્લી સાંજ છે, જે આપણે સાથે વિતાવીશું. ત્યાર બાદ ઈશ્વર જાણે કે ક્યારે આપણી મુલાકાત થશે !’’

કૉર્નબટના આ શબ્દો સાંભળતાં જ મૅરી પોતાનાં આંસુ રોકી શકી નહી. પિતાતુલ્ય કૉર્નબટને તે ભેટી પડી. પોતાના પ્રિયજનના અનિશ્ચિત બનેલા ભાવિ અંગે ચિંતાતુર બની ક્યાંય સુધી હીબકાં ભરતી રહી.

‘‘ભગવાનની કૃપા હશે તો ખૂબ ઝડપથી અમે તારા ભાવિ જીવનસાથીને શોધી પરત આવીશું.’’ કૉર્નબટ મૅરીના માથા પર હાથ મૂકી બોલ્યા.

‘‘હા, અમે લૂઈને લઈને જ પરત ફરીશું.’’ આન્દ્રેએ મૅરીને આશ્વાસન આપતા શબ્દો કહ્યા.

‘‘છેવટે તેં અમારી સાથે આવવાનો નિશ્ચય કરી જ લીધોને, આન્દ્રે ?’’ પેનેલને પૂછ્યું.

‘‘હા પેનેલન ! આન્દ્રેએ સંમતિ આપી છે. જહાજના પ્રથમ અધિકારી તરીકેની જવાબદારી એણે જ ઉઠાવવાની છે.’’ કૉર્નબટે પેનેલનને જવાબ આપતાં કહ્યું.

‘‘ઓહ ! ખરેખર.’’ પેનેલને આશ્ચર્યભાવ સાથે ઉત્તર આપતાં કહ્યું.

‘‘તેનું આપણી સાથે જોડાવું આપણને ખૂબ મદદરૂપ પુરવાર થશે. તે એક બહાદુર નાવિક છે, અનુભવી પણ છે. લૂઈ સમુદ્રી તોફાનમાં ગુમ થયો તે સમયે એ જહાજ પર જ હતો. એની હાજરી અને સલાહ આપણા શોધઅભિયાનમાં મહત્ત્વનો ભાગ ભજવશે.’’ કૅપ્ટન જીન કૉર્નબટ બોલ્યા.

‘‘કૅપ્ટન ! તમે અમારા કરતાં વધુ અનુભવી અને સક્ષમ છો. તમો અમારા માટે એક પ્રેરણારૂપ નાવિક છો. આ ઉંમરે પણ તમે ખૂબ સક્રિય છો.’’ આન્દ્રેએ કૅપ્ટન કૉર્નબટનાં વખાણ કરતાં કહ્યું.

‘‘ચાલો મિત્રો, તો કાલ સુધી હવે તમારી રજા લઈશ. હજી એક વખત જહાજ પર જઈ તૈયારીઓ યોગ્ય રીતે થઈ ગઈ છે કે નહી તેની ચકાસણી કરવાની છે.’’

આન્દ્રે અને પેનેલન કૅપ્ટનની રજા લઈ ત્યાંથી પાછા ફર્યા. જીન અને મૅરી ફરી એક વખત ઘરમાં એકલાં પડ્યાં. એ સાંજે મૅરી જીન કૉર્નબટ જોડે ઘણું રડી. જીન પણ મૅરીની એવી સ્થિતિ સમજી શકતા હતા. હવે પછીની સ્થિતિની તેમને વધુ ચિંતા હતી. આવતી કાલે તેમના નીકળ્યા બાદ તો મૅરી આ ઘરમાં તદ્દન એકલી થઈ જવાની હતી. એવી એકલતા મૅરીને વધુ સાલવાની હતી, પરંતુ આવી જોખમી સફર ઉપર મૅરીને સાથે લઈ જવી પણ શક્ય ન હતી. મૅરીને તેની રાત્રિની ઊંઘમાં ખલેલ

પહોંચાડ્યા વિના જ મળસ્કે ઊઠીને જહાજ પર પહોંચી જવાનું તેમણે નક્કી કર્યું. કૉર્નબટે મૅરીના કપાળ પર વહાલથી ચુંબન કરી વિદાય લીધી.

વહેલી સવારે ૩ વાગે જીન કૉર્નબટ ઘરેથી નીકળી જહાજ ઉપર પહોંચી ગયા. જહાજની વિદાય સમયે ડનકર્ક બંદરના ડક્કા પર મિત્રો અને નાવિકોના સગાંસંબધીઓની વિશાળ ભીડ એકઠી થઈ હતી. દેવળના પાદરી પણ જીનને શુભેચ્છા પાઠવવા આવ્યા હતા. જીન કૉર્નબટે ત્યાં આવેલી દરેક વ્યક્તિ સાથે હાથ મિલાવી તેઓની શુભેચ્છા બદલ આભાર વ્યક્ત કર્યો. જહાજ ઉપર ચઢીને સુકાન પોતાના હાથમાં લીધું. સફરમાં જોડાનાર તમામ નાવિકો પણ ત્યાં સમયસર હાજર થઈ ગયા હતા. બધું યોગ્ય જણાતા આન્દ્રે વેસ્લિંગે જહાજનું લંગર ઉપાડવાનો આદેશ આપ્યો. લંગરના બંધનથી મુક્ત થયેલા જહાજના સઢમાં પવન ભરાયો અને ખોવાયેલા પુત્રની ખોજ માટે વૃદ્ધ પિતાની જોખમી યાત્રા શરૂ થઈ. જહાજ 'જ્યુનહાર્ડી' ઉત્તર-પશ્ચિમ દિશામાં સમુદ્રના પાણીને કાપતું આગળ વધ્યું. જહાજની ગતિ વધી. અનુકૂળ પવનની દિશાને કારણે જહાજ ઝડપથી બંદરથી દૂર જઈ રહ્યું હતું ત્યાં હાજર પાદરી ઘૂંટણિયે પડી જહાજની સફર સફળ નીવડે તે માટેની પ્રાર્થના કરવા લાગ્યા. જહાજનું સાચું સુકાન ઈશ્વરના હાથમાં સોંપતાં તેઓ બોલી રહ્યા હતા :

"હે પરમકૃપાળુ, આ જહાજ ક્યાં જશે એ તારા સિવાય કોઈ જાણતું નથી. એના આ અભિયાનમાં એણે કેવાં કેવાં જોખમો ખેડવાં પડશે, તેનો કોઈને ખ્યાલ નથી. એ જે માર્ગે જવાનું છે તેમાં અગાઉ અનેક જહાજો ગુમ થઈ ગયાં હતાં અને આજદિન સુધી તે પાછાં ફરી શક્યાં નથી. માત્ર તું જ જાણે છે કે તેની આ સફરનો અંત કેવો આવશે...! હે ઈશ્વર, આ જોખમો સામે ઝઝૂમવાની શક્તિ આ સાહસિકોને આપજો અને તેમના માર્ગદર્શક બનજો. એવી મારી સાચા હૃદયથી પ્રાર્થના છે તને...!"



3

આશાનું કિરણ

મે મહિનાનો અંત હતો. વાતાવરણ ખુશનુમા હતું, ઉત્તરના કાતિલ શિયાળાની શરૂઆતને હજી વાર હતી. ઠંડી શરૂ થાય તે પહેલાં નાવિકો તોફાનમાં નાશ પામેલા જહાજ સુધી પહોંચી જવાની અને તેના અવશેષો શોધી કાઢવાની ગણતરી રાખતા હતા. જીન કૉર્નબટે પણ તે અંગેની સંપૂર્ણ યોજના વિચારી રાખી હતી. જહાજના સૌ નાવિકોને બોલાવી તેમની સમક્ષ પોતાની યોજના તેમણે રજૂ કરી. સૌપ્રથમ તેઓ ફેરો ટાપુ સમૂહ તરફ જવા ઇચ્છતા હતા. ઉત્તરી પવનો આવા તોફાનમાં ગુમ થયેલા નાવિકોને તે ટાપુ પર ઘસડી ગયા હોય તેવી સંભાવના વધુ જણાતી હતી. લૂઈ અને તેના બે સાથીઓનો પત્તો ત્યાં નહી મળે તો પણ જહાજની નિશાની, નાવિકોના સંદેશ કે અન્ય નિશાની પણ મળી આવે તેવી શક્યતાઓ નકારી શકાય તેમ ન હતી. તેને આધારે વધુ આગળ જઈને શોધ ચલાવવા માટે તે માર્ગસૂચક બની શકે તેમ હતું. ત્યાર બાદ તેમની ઇચ્છા ઉત્તરી સમુદ્રમાં માનવવસ્તી વિહોણા જેટલા પણ ટાપુઓ હતા તેના પર શોધ કરવાની હતી. ત્યાં પણ પત્તો ન લાગે તો નૉર્વેના સમગ્ર પશ્ચિમ કાંઠાના વિસ્તારોને ખૂંદી વળવાની તેમની તૈયારી હતી.

આન્દ્રે વેસ્લિંગનો મત કૅપ્ટન જીન કૉર્નબટ કરતાં તદ્દન જુદો હતો. ગુમ થયેલા નાવિકોની શોધ આયરલૅન્ડના કાંઠે ચલાવવી જોઈએ તેવી તેની માન્યતા હતી, પરંતુ પેનેલને એવા વિચારોનું સંપૂર્ણ ખંડન કર્યું. એની દલીલ પણ તાર્કિક હતી. સમુદ્રી તોફાનમાં જહાજ ડૂબ્યું ત્યારે પવનની દિશા પશ્ચિમથી પૂર્વ તરફની હતી, તેથી આવા ગુમ થયેલા નાવિકોની આયરલૅન્ડ તરફ જવાની કે ઘસડાઈ જવાની કોઈ સંભાવના જણાતી ન હતી. પશ્ચિમી પવનો આવા નાવિકોને નૉર્વેના કિનારા તરફ ઘસડી ગયા હોવાની શક્યતા વધુ હતી. આયરલૅન્ડ તરફ શોધ ચલાવવાના આન્દ્રેના સૂચનનો ત્યાં જ અંત આવી ગયો.

'જ્યુનહાર્ડી' ડનકર્કથી નીકળ્યા બાદ સતત ઉત્તર તરફ આગળ વધી રહ્યું. જીન કૉર્નબટ એ વિસ્તારના નકશાના અવલોકનમાં મગ્ન હતા. ત્યાં પાછળથી એક કોમળ હાથ તેમના ખભા ઉપર પડયો. સાથે પ્રેમાળ અવાજ તેમના કાને સંભળાયો :

"અંકલ ! આશા રાખું છું કે આપણે આ અભિયાનમાં ચોક્કસ સફળ થઈશું !"

કૅપ્ટન કૉર્નબટ પાછળ ફરીને જોતા ચકિત રહી ગયા. મોં ઉપર સ્મિત સાથે મૅરી ત્યાં ઊભી હતી. મૅરી તેમને ભેટી પડી.

''મૅરી ! તું... જહાજ પર...?!''

''એક પિતા જો પોતાના પુત્રને શોધવા આ ઉંમરે આવું જોખમ ખેડી શકતા હોય તો, એક પ્રેમિકા પોતાના ભાવિ પતિને શોધવા માટે આવા સાહસમાં ન જોડાઈ શકે ?''

''પરંતુ મૅરી ! આ સાહસમાં આવી પડનાર મુશ્કેલીઓ તું સહી નહી શકે. તું અમારી સાથે હોવાથી નાવિકોની શોધમાં અંતરાય ઊભો થશે. હું કોઈ પણ કિંમતે તારા જીવને જોખમમાં ન નાખી શકું...!''

''ના અંકલ, હું કોઈ પણ પ્રકારની મુશ્કેલીનો સામનો કરવા સક્ષમ છું.''

''મૅરી, એ તો ઈશ્વર જ જાણે છે કે અમારે આ શોધઅભિયાનમાં ક્યાં ક્યાં જવું પડશે અને કેવી કેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. તું આ નકશો જો. અમારે જે સ્થળોએ શોધ ચલાવવાની છે, એ સ્થળો એટલાં જોખમી છે કે શક્તિશાળી અને અનુભવી નાવિકોનાં મનોબળ પણ તૂટી જાય, તેવી ત્યાંની વાસ્તવિક સ્થિતિ છે. ઉત્તર સમુદ્રની ભયાનકતાઓ તું નહી સમજી શકે. તું તો હજી એક નાની બાળકી જ ગણાય.''

''હું પણ સાહસી નાવિકોની વંશજ છું. મારી નસોમાં પણ સાહસવીરોનું જ લોહી વહે છે. બાળપણથી આવી સાહસકથાઓ અને સમુદ્રી તોફાનોની ઘટનાઓ મારા જીવનના ઘડતર સાથે વણાઈ ગયેલી છે. જ્યાં સુધી તમે અને મારો મિત્ર પેનેલન છે, ત્યાં સુધી મને કોઈ ચિંતા નથી. હું સંપૂર્ણ સુરક્ષિત છું.'' મૅરી આત્મવિશ્વાસથી બોલી.

''પેનેલન ! ઓહ... તો તેણે તને ગુપ્ત રીતે આ જહાજ પર આવવા મદદ કરી છે ?!'' કૅપ્ટન કૉર્નબટને મૅરીની હાજરીનું રહસ્ય હવે સમજાયું.

''હા અંકલ, તેણે જ્યારે જોયું કે મેં જહાજ પર આવવાનો દૃઢ નિશ્ચય કરી જ લીધો છે ત્યારે જ પેનેલને મને મદદ કરી. તેણે મદદ ન કરી હોત તો પણ હું તો જહાજ પર આવવા કટિબદ્ધ હતી જ.''

''પેનેલન...!'' કૅપ્ટન કૉર્નબટે જોરથી બરાડો પાડ્યો. પેનેલન તરત જ ત્યાં હાજર થયો.

''પેનેલન ! તેં જે ભૂલ કરી છે તેને તો કોઈ પણ સંજોગોમાં પાછી સુધારી શકાય તેમ નથી, પરંતુ એક વસ્તુ યાદ રાખજે કે મૅરીની સલામતીની સંપૂર્ણ જવાબદારી તારી છે.'' કૅપ્ટન ગુસ્સામાં બોલ્યા.

"કૅપ્ટન શાંત થાઓ. મૅરીમાં આ સફર માટે જરૂરી હિંમત અને શક્તિ બંને છે. લૂઈ પ્રત્યેના તેના પ્રેમને ધ્યાનમાં રાખીને જ તેને આ જહાજ પર આવવા મેં સંમતિ આપી છે ! તમારાથી આ વાત ગુપ્ત રાખી એ બાબતે હું દિલગીર છું, પરંતુ મારી એક માન્યતા છે, જે તમે સારી રીતે જાણો છો... 'વિશ્વમાં જે કંઈ પણ બને છે તે બધું સારા માટે જ બને છે.' તેથી તમને મૅરી અંગે ખોટી ચિંતા ન કરવા વિનવું છું." પેનેલન કૅપ્ટન કૉર્નબટને શાંત પાડતાં બોલ્યો.

પેનેલને મૅરી માટે એક અલાયદી કૅબિનની વ્યવસ્થા કરાવી. તેની મહત્તમ સુવિધા જળવાય તે માટેની તમામ કાળજી લેવામાં આવી. મૅરી પણ તેની નવી કૅબિનમાં સારી રીતે ગોઠવાઈ ગઈ.

એક અઠવાડિયાની ઉત્તર તરફની સતત મુસાફરી બાદ જ્યુનહાર્ડીએ ફેરો ટાપુ સમૂહમાં પોતાનું લંગર ઉતાર્યું. ફેરો ટાપુસમૂહ ઉપર તેમણે ૧૦ દિવસ સુધી રોકાણ કર્યું. તોફાનમાં નાશ પામેલા જહાજ કે તેના અવશેષો કે તેમાં ખોવાયેલા નાવિકોની સતત તપાસ કરવામાં આવી. આવી એકધારી તપાસનું કોઈ પરિણામ આવ્યું નહી. કોઈ નાવિક કે જહાજ કે તે અંગેની કોઈ પણ નિશાની હાથ લાગી નહી. ૧૦ દિવસની સતત શોધ અને નિરાશા બાદ ૧૦મી જૂને જ્યુનહાર્ડીનું લંગર ઉપાડવામાં આવ્યું. જ્યુનહાર્ડીની દિશા હવે નૉર્વેના પશ્ચિમી કાંઠા તરફની હતી. ત્યાં હવે આવી શોધ ચલાવવાની હતી ત્યાંથી આવા જહાજ કે નાવિકોની માહિતી પ્રાપ્ત થાય તેવી સંભાવનાઓ વધુ હતી. ઉત્તરી સમુદ્ર પણ શાંત હતો. પવનની દિશા પણ પશ્ચિમથી પૂર્વની હતી જે જ્યુનહાર્ડીને સાનુકૂળ હતી.

કૅપ્ટન જીન કૉર્નબટની ઇચ્છા જહાજને બોડો બંદર તરફ લઈ જઈ ત્યાં લૂઈની શોધ ચલાવવાની હતી. તેમને આશા હતી કે ગુમ થયેલા નાનકડા જહાજ અને તેના નાવિકો કે જેની મદદે જવાનું લૂઈએ જોખમ લીધું હતું તે અંગેના કાંઈક પણ સમાચાર એ બંદરેથી મળી રહેશે.

૩૦મી જૂને જ્યુનહાર્ડી નૉર્વેના બોડો બંદરે પહોંચ્યું, ત્યાંના બંદર ઉપરના અધિકારીઓની મુલાકાત લઈ, તોફાનમાં સપડાયેલા જહાજના નાવિકોને બચાવવાના પ્રયાસમાં પોતાના પુત્ર લૂઈ અને તેના બે સાથીઓ કેવી રીતે ગુમ થયા તે હકીકત તેમને જણાવી, એ જહાજના નાવિકો કે તેના પુત્ર અને તેના સાથીઓ અંગે કોઈ માહિતી હોય તો તેની માગણી કરી. બોડો બંદર પરના અધિકારીઓએ એક મહત્ત્વપૂર્ણ સંદેશો કૅપ્ટનને આપ્યો. કાંઠા ઉપર મોજાં સાથે ધકેલાઈ આવેલી કાચની બૉટલમાં એ પત્ર હતો. કૉર્નબટે તે વાંચ્યો જેમાં લખ્યું હતું :

"૨૬મી એપ્રિલ, જ્યુનહાર્ડી જહાજની બચાવનૌકામાં, વમળોમાં ફસાયેલા જહાજ ફ્રૂઅર્નના બચાવ અર્થે અમે નીકળ્યા હતા. આ વમળોમાંથી

અમારી બચાવનૌકા અને જહાજ મુક્ત થઈ શક્યાં નહી. પવન અને પાણીના જોરદાર પ્રવાહમાં અમે ઉત્તરના બરફ આચ્છાદિત સમુદ્ર તરફ ઘસડાયા હતા. અમે અત્યારે આ નિર્જન વિસ્તારમાં ઈશ્વરની દયા ઉપર જ જીવીએ છીએ,. ''

પોતાના પુત્ર લૂઈના હાથથી જ લખાયેલા આવા સંદેશાને જોઈ કૅપ્ટન કૉર્નબટ પોતાની લાગણી પર કાબૂ ન રાખી શક્યા. તોફાનમાં પોતાના પુત્રના સંભવિત મૃત્યુના સમાચાર બાદ લગભગ બે મહિને તેના સમાચાર મળ્યા હતા. તેમના હૃદયમાં આશાનું એક નવું જ કિરણ ફૂટયું હતું. તેમણે ઈશ્વરનો ખૂબ ખૂબ આભાર માન્યો.

ફ્રૂઅર્ન એક નાનકડું નૉર્વેજિયન જહાજ હતું. કૅપ્ટન લૂઈ અને તેના બે સાથીઓ બચાવનૌકામાં એ જહાજના નાવિકોને બચાવવા માટે ગયા હતા. બોડો બંદરના અધિકારીઓએ પણ મદદ અંગેનો સંદેશો મળતાં ઉત્તરી સમુદ્રમાં તોફાનમાં સપડાયેલા નાવિકોની મદદ માટે શોધ ચલાવી હતી, પરંતુ તેમનો કોઈ પત્તો લાગ્યો ન હતો, પરંતુ સંદેશા આધારે એક વાત તો નિશ્ચિત બની હતી કે તોફાનમાં જહાજ નાશ પામ્યા બાદ પવનમાં નાવિકો ઉત્તર તરફ ધકેલાઈ ગયા હતા, તેથી હવે પછી તેમની શોધ ચોક્કસ કઈ દિશામાં ચલાવવી તે નક્કી થઈ શક્યું.

પોતાનો પુત્ર જીવંત હોવાના સમાચાર બાદ એક દિવસનો વિલંબ પણ જીનને પોસાય તેમ ન હતો. તેમણે જહાજને ઉત્તરી સમુદ્ર તરફ હંકારવા માટે જરૂરી તૈયારીઓ કરી લેવા આદેશ આપ્યો. જ્યુનહાર્ડીએ ઉત્તરી સમુદ્રની અતિ કઠિન અને જોખમભરી પરિસ્થિતિમાં જવાનું હતું. જહાજમાં સમારકામ કરનાર સુથાર ફિડલ મિસોને સૌપ્રથમ જહાજના બાહ્ય આવરણમાં કોઈ ગંભીર ક્ષતિ નથી તે અંગે ઝીણવટભરી તપાસ કરી લીધી. હિમશિલાઓ સામે રક્ષણ મેળવવા આવા બાહ્ય આવરણની મજબૂતી પહેલી આવશ્યકતા હતી. હિમશિલાઓ સાથે થતી અથડામણ અને તેના ઝટકાઓ જહાજ સહી ન શકે તો તેની જળસમાધિ ત્યાં જ નિશ્ચિત બને તેમ હતી.

પેનેલનને ઉત્તરના ઠંડા સમુદ્રમાં વિશાળકાય વહેલ માછલીઓના શિકારનો બહોળો અનુભવ હતો. ત્યાંની અતિ વિષમ ઠંડીમાં શરીરને રક્ષણ આપે તેવાં ગરમ કપડાં તથા ચામડામાંથી બનેલા ખાસ પોષાકનો જથ્થો એણે જહાજમાં મુકાવ્યો. સીલ માછલીના ચામડાંમાંથી બનેલા ટકાઉ જોડા પણ ખરીદ્યા. લૂઈની શોધમાં જો ઉત્તરીય વિસ્તારમાં મુસાફરી કરવાની જરૂર પડે તે માટે સ્લેજગાડીઓ બનાવવા પૂરતાં પ્રમાણમાં લાકડાં પણ જહાજના ફાલકામાં ભરવાની શરૂઆત કરી દીધી હતી. ડનકર્કથી નીકળ્યા બાદ ખાધાખોરાકીનો જે જથ્થો વપરાઈ ચૂક્યો હતો તે પણ પાછો ભરી લેવામાં આવ્યો. આ ઉપરાંત સ્પિરિટ અને કોલસાના જથ્થાને પણ આ વખતે મોટા પ્રમાણમાં લેવામાં આવ્યો. ડનકર્કથી નીકળતાં કરેલી તૈયારીઓ કરતાં પણ મોટા

પ્રમાણમાં આ વખતે તૈયારીઓ કરવામાં આવી રહી હતી, તેનું કારણ એ હતું કે ઉત્તરમાં શિયાળો બેસવાનો સમય હવે બહુ દૂર ન હતો. ખોવાયેલા નાવિકોની શોધ લાંબી ચાલે તેવી શક્યતા હતી. એ સ્થિતિમાં આખો શિયાળો ગ્રીનલૅન્ડના કોઈ કાંઠે જ ગાળવો પડે તેવી શક્યતા વધુ હતી. તેવી પરિસ્થિતિમાં જરૂરી સામાનનો વિશાળ અનામત જથ્થો સાથે લેવો આવશ્યક હતો. શિયાળા દરમિયાન સમુદ્રની સપાટી થીજી જવાની હતી, તેવી સ્થિતિમાં જહાજનો વળતો પ્રવાસ તાત્કાલિક શરૂ કરી શકાય તેમ ન હતું. સફર લાંબો સમય ચાલી શકે તેવી સંભાવનાઓને ધ્યાનમાં રાખીને ઊંચી કિંમત આપીને મોટા જથ્થામાં લીંબુ પણ લેવામાં આવ્યાં. સમુદ્રમાં લાંબી મુસાફરીએ જતા સાહસિકોમાં સ્કર્વિરોગ એક મોટી સમસ્યા હતી. તાજાં ફળો અને શાકભાજીના અભાવને કારણે લાંબો સમય વિટામિન ‘સી’ની ઊણપથી નાવિકો આ રોગનો ભોગ બનતા હતા. આવો રોગ લાંબો સમય સુધી યોગ્ય ઉપચાર ન મળે તો જીવલેણ પણ પુરવાર થતો હતો. સૂકવેલું માંસ, બિસ્કિટ, બ્રાન્ડી જેવી ખાદ્યાખોરાકીની વસ્તુઓ સાથે એક નવી જ વાનગી ‘પેમીકન’ પણ ખોરાકમાં સામેલ કરવામાં આવી. ‘પેમીકન’ ઉત્તરી અમેરિકીઓ દ્વારા તૈયાર કરાતી વાનગી હતી. તેમાં ખૂબ જ નાના જથ્થામાં, મોટી માત્રામાં પોષક તત્ત્વો રહેલાં હતાં. ઉત્તરના કારમા શિયાળામાં જતા સાહસિકો માટે જ સૂકવેલા માંસમાંથી આ વાનગી ખાસ તૈયાર કરવામાં આવતી હતી.

કૅપ્ટન કૉર્નબટના હુકમ મુજબ બરફના ચક્કાઓ કાપવા માટે કરવતો, દારૂગોળો તેમ જ જહાજના માર્ગમાંથી આવા ચક્કાઓને દૂર હડસેલી જહાજનો માર્ગ કાઢવા ભાલા જેવાં સાધનો પણ જહાજ પર લેવામાં આવ્યાં.

જહાજના બધા નાવિકો આ ઉત્તરી સફર પર ઊપડવાની પૂર્વ તૈયારીમાં વ્યસ્ત હતા. ઓપિક, ગુરેવીચ અને ગ્રાડલીન વગેરે નાવિકો પેનેલનની સૂચનાઓનો ઉત્સાહપૂર્વક અમલ કરતા હતા. ઉત્તરી સમુદ્રની કાતિલ ઠંડીમાં શરીરના રક્ષણ માટે જરૂરી ગરમ કપડાં સાથે નહીં લેવા બદલ પેનેલને તેમને ઠપકો આપ્યો અને તે માટે જરૂરી ગરમ કપડાંની વ્યવસ્થા કરી લેવા ચેતવ્યા.

પેનેલન, આન્દ્રે વેસ્લિંગને કોઈ સલાહ, સૂચન કે આદેશો આપતો ન હતો, પણ તેના કાર્ય અને વર્તણૂક ઉપર સતત ધ્યાન રાખતો હતો. આન્દ્રે જન્મે ડચ હતો. તેના વિશેની વધુ કોઈ પણ પ્રકારની માહિતી કોઈ જાણતું ન હતું, પરંતુ તે એક બહાદુર નાવિક હતો. નાવિક તરીકે જ્યુનહાર્ડી પર અગાઉ ઘણી સફરો તે ખેડી ચૂક્યો હતો. પેનેલને અનુભવ્યું હતું કે આન્દ્રે પોતાની ફરજ કરતાં મૅરી ઉપર વધુ ધ્યાન આપતો હતો. તે સતત મૅરીના સંપર્કમાં રહેવા પ્રયત્નશીલ રહેતો. પેનેલને આ બાબતમાં આન્દ્રે સમક્ષ કોઈ વિરોધ ઉઠાવ્યો ન હતો, પરંતુ તેને આન્દ્રેની આવી વર્તણૂક પસંદ ન હતી.

નાવિકોના સખત પરિશ્રમના પરિણામે જ્યુનહાર્ડી બોડો બંદરે આવ્યાના એક પખવાડિયામાં જ ઉત્તરી સમુદ્રમાં જવા માટે સંપૂર્ણપણે તૈયાર થઈ ગયું. ઉત્તરી સમુદ્રમાં હજુ બે મહિના સુધી હવામાન હૂંફાળું રહેવાનું હતું. સમુદ્રની સપાટી થીજી બરફ બનવાને હજી વાર હતી. આ બે મહિના, ખોવાયેલા નાવિકોની શોધ ચલાવવા માટે એકદમ અનુકૂળ રહે તેમ હતું. ૧૬મી જુલાઈના રોજ ગ્રીનલૅન્ડના કાંઠા પાસે ૭૦° અક્ષાંશવૃત્ત પર આવેલી બ્રેવસ્ટરની ભૂશિર તરફ જવા માટે જ્યુનહાર્ડીને હંકારવામાં આવ્યું.



૪

ઉત્તરી સમુદ્રમાં

૨૩મી જુલાઈનો દિવસ હતો. જ્યુનહાર્ડી અત્યારે ડેવીસની સામુદ્રધુનીમાં હતું. ક્ષિતિજ ઉપર જોઈ શકાતા પ્રકાશના પરાવર્તનથી સ્પષ્ટ જાણી શકાતું હતું કે ત્યાં હિમશિલાઓનો જમાવ હતો. એવી સ્થિતિમાં સમુદ્રમાં ચારે તરફ તકેદારી રાખવાની જરૂર હતી. એકાદ મોટી હિમશિલાની, જહાજ સાથેની ટક્કર પણ તેના માટે જોખમકારક સાબિત થાય તેમ હતી, તેથી ચારે બાજુ સતત નજર રાખવાનો કૅપ્ટન કૉર્નબટે આદેશ આપ્યો.

હિમશિલાઓથી જહાજને સુરક્ષિત રાખવાની નાવિકોને સોંપાયેલી આ જવાબદારી ખૂબ જ મહત્ત્વની હતી. નાવિકોની બે ટુકડી પાડવામાં આવી, જેમણે વારાફરતી સમુદ્ર પર ચારે તરફ નિરીક્ષણ કરતા રહેવાનું હતું. પ્રથમ ટુકડીમાં ફિડલ મિસોન, ગ્રાડલીન તેમ જ ગુરેવીચ હતા. જ્યારે બીજી ટુકડીમાં આન્દ્રે વેસ્લિંગ, ઓપિક અને પેનેલનને આ મહત્ત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી. દરેક નાવિકે વારાફરતી માત્ર બે-બે કલાક માટે જ આ નિરીક્ષણની કામગીરી બજાવવાની હતી. જ્યુનહાર્ડી જહાજે ૬૩° અક્ષાંશવૃત્ત પણ પાર કર્યું ન હતું અને થર્મોમિટરનો પારો શૂન્ય નીચે ૯° સૅન્ટિગ્રેડ તાપમાન બતાવતો હતો. કાતિલ ઠંડીમાં માણસોની શક્તિ ક્ષીણ થતી હોય છે અને તૂતક પર રહી ચારે દિશામાં નજર રાખવાનું લાંબો સમય શક્ય ન હતું તેથી ટૂંક સમયમાં નાવિકોની આવી ફેરબદલી કરતા રહેવાની જરૂર હતી.

હિમવર્ષા પણ વારંવાર થયા જ કરતી. વાતાવરણ ખૂલતું ત્યારે મૅરી પણ જહાજના તૂતક પર આવી ઉત્તરી સમુદ્રનો ચારેબાજુનો આ ભયંકર નજારો જોઈ રહેતી. એના જીવનની આ પ્રથમ સફર હતી. પોતાના પ્રિયપાત્રની શોધમાં તે નીકળી હતી. તેની હયાતી સામે પ્રશ્નાર્થચિહ્ન મુકાયું હતું, છતાં લૂઈ એને મળશે જ એવી ઊંડી શ્રદ્ધા પણ તેને હતી. વિષમ હવામાન અને હાડમારી વચ્ચે પણ ઉત્તરી સમુદ્રને માણવાનો મોકો તે ખોવા માગતી ન હતી.

એકાદ અઠવાડિયું એ રીતે જહાજ ઉત્તર તરફ આગળ વધતું રહ્યું. ૧લી ઑગસ્ટનો દિવસ હતો. મૅરી તેના અંકલ સાથે જહાજના તૂતક પર ઊભી હતી. પેનેલન અને આન્દ્રે પણ ત્યાં હાજર હતા. જહાજ ૩ માઈલ જેટલી પહોળી એક સાંકડી ખાડીમાં પ્રવેશ્યું. ખાડીમાં બરફની નાની મોટી શિલાઓ ચોમેર પથરાયેલી હતી.

જોરદાર પવનોથી એ શિલાઓ ધીમેધીમે ઉત્તરથી દક્ષિણ તરફ ધકેલાઈ રહી હતી. જહાજ માટે એવી સ્થિતિ અડચણરૂપ અને જોખમી બને તેમ હતી.

"આપણને ક્યારે જમીન દેખાશે ?" મૅરીએ પૂછ્યું.

"મોડામાં મોડા ચાર દિવસ..." કૉર્નબટે જવાબ આપ્યો.

"તમને આશા છે કે લૂઈ, તેના સાથીઓ કે તેમની કોઈ નવી નિશાની ત્યાં મળશે ?"

"શક્ય છે કે મળે, પરંતુ એ બાબતમાં ચોક્કસપણે કંઈ પણ કહેવું શક્ય નથી. હજી આપણે ઘણા દૂર છીએ. શક્ય છે કે તોફાન બાદ ઉત્તરી પવનો ફ્રૂઅર્ન જહાજને વધુ ઉત્તરે પણ ઘસડી ગયા હોય. આવી સ્થિતિમાં આપણે ઉત્તરમાં વધુ આગળ જવું પણ પડે." કૉર્નબટે કહ્યું.

"હા, એવું બની શકે છે..." આન્દ્રેએ કૉર્નબટની વાતને સમર્થન આપતાં ઉમેર્યું, "તોફાન એ સમયે લગભગ ત્રણ દિવસ સુધી ગંભીર રીતે ચાલ્યું હતું. ત્રણ દિવસ જેટલા ગાળામાં તો આવા પવનો જહાજને દૂર દૂર સુધી ખેંચી લઈ જઈ શકે તેવી સ્થિતિ હતી."

"વેસ્લિંગ, એ બાબતે હું તારાથી જુદી રીતે વિચારું છું." જીન અને વેસ્લિંગ વચ્ચે ચાલી રહેલી વાતમાં પેનેલને પોતાનો જુદો સૂર રજૂ કર્યો.

"એ ઘટના એપ્રિલમાં બની હતી. શિયાળાના બરફને ઓગાળી શકે તેવું હૂંફાળું હવામાન હજી શરૂ થયું ન હતું. મારું માનવું છે કે ફ્રૂઅર્ન જહાજ એ સમયે તો શિયાળામાં જામેલા બરફમાં જ કેદ થયું હોવું જોઈએ."

"તારી વાત જો સાચી હોય તો ચારે તરફ જામેલા બરફની ભીસમાં જહાજના ચૂરેચૂરા થઈ ગયા હોય અને એવી સ્થિતિમાં જહાજનો એક પણ નાવિક જીવતો બચી શક્યો નહીં હોય. એ સ્થિતિમાં આવું અભિયાન નિરર્થક બની રહેશે એમ મને લાગે છે." આન્દ્રેએ પોતાના તર્ક મુજબ વળતી દલીલ કરી.

"પરંતુ એવી સ્થિતિમાં જહાજના નાવિકો નજીકના કિનારાની જમીન પર સરળતાથી પહોંચી શક્યા હોય. સખત રીતે જામેલા બરફના થર ઉપર થઈને કાંઠે પહોંચવાનું નાવિકો માટે મુશ્કેલ ન જ બને." પેનેલને નાવિકોની શોધનું અભિયાન યોગ્ય છે તેની તરફેણમાં પોતાની દલીલ રજૂ કરી.

"આપણે આશા રાખીએ કે જે કંઈ બન્યું હોય તે, પરંતુ જહાજના નાવિકો સુરક્ષિત હોય...!" બંને જવાબદાર અધિકારીઓની અનંત ચાલે તેવી એ દલીલબાજી

અનિચ્છનીય કડવાશમાં પરિણમે તે પહેલાં તેને અટકાવવી જીનને જરૂરી લાગી. એ બંને વચ્ચે આવી ગરમાગરમી રોજિંદી ઘટના બની ગઈ.

“હું આશા રાખું છું કે વહેલી તકે આપણે ભૂમિનાં દર્શન કરી શકીશું.” આ સાથે કૉર્નબટે વાત બદલવા પ્રયત્ન કર્યો.

“જુઓ... જુઓ... ! પેલી તરફ...! આપણે જમીનથી બહુ નજીક હોઈએ એવું લાગી રહ્યું છે. ક્ષિતિજ પર પર્વતો દેખાઈ રહ્યા છે.” એકદમ ઉત્તેજિત થઈને મૅરીએ બૂમ પાડી.

“ના મૅરી ! એ જમીન નથી એ હિમખંડો જ છે. આપણને અગાઉ પણ આવા હિમખંડો સમુદ્રમાં જોવા મળ્યા જ હતા. એની વચ્ચેથી પસાર થવાનું આપણા માટે ખૂબ જ જોખમી અને પડકારરૂપ પુરવાર થશે. એની સાથેની એક અથડામણ પણ આપણી સફરનો અંત આણવા માટે પૂરતી છે.” કૉર્નબટ મૅરી તરફ જોઈ બોલ્યા.

પચાસ જેટલા વિશાળકાય હિમખંડો તરફ જહાજ આગળ વધી રહ્યું હતું. સ્થિતિ ભયજનક હતી. એક નાનકડી ભૂલ પણ, જહાજનો અંત લાવી શકે તેમ હતું. સ્થિતિની ગંભીરતા જોઈ પેનેલને ઝડપથી જહાજનું સુકાન સંભાળી લીધું. કૅપ્ટન કૉર્નબટ પણ સતર્ક બની ગયા હતા, જહાજને યોગ્ય રીતે આગળ વધારવા અને હિમખંડો વચ્ચેથી માર્ગ કાઢવા પેનેલનને માર્ગદર્શન આપી રહ્યા હતા.

સાંજ સુધીમાં તો જહાજ આ હિમખંડોથી ઘેરાઈ ગયું. જહાજની ચારેતરફ ઘસાઈને પાછળ ખસી રહેલા આ હિમખંડો સાથે નાની નાની અથડામણો અનિવાર્ય હતી, પરંતુ કોઈ ગંભીર નુકસાન વિના જહાજ આ હિમખંડો વચ્ચેથી આગળ વધતું રહ્યું. આ જોખમી રસ્તા ઉપર જહાજને સલામત રીતે આગળ વધારવું તે એક મોટો પડકાર હતો. સાંજના સમયે અજવાળું પણ એકદમ ઘટી ગયું હતું. હિમખંડોના એ કાફલામાંથી જેમ બને તેમ જલદીથી બહાર નીકળવું જરૂરી હતું, પરંતુ ગાઢ ધુમ્મસ અને બદલાતી રહેતી હિમખંડોની સ્થિતિને કારણે જહાજને ચોક્કસ દિશામાં આગળ વધારવાનું મુશ્કેલ હતું. મૅરી પોતાની કૅબિનમાં જતી રહી હતી. તમામ નાવિકો કૅપ્ટન જીનના આદેશ અનુસાર તૂતક ઉપર હાજર હતા. એ દરેકના હાથમાં લાંબા વાંસ જેવાં લાકડાં તથા સળિયા હતા. હિમશિલાઓને પોતાના જહાજથી દૂર રાખવા તેનાથી તેઓ ધક્કો મારતા હતા. હિમશિલાઓથી સલામત અંતર જળવાઈ રહે તે માટે તેને માર્ગમાંથી દૂર ધકેલવા માટેનો એ સામૂહિક પ્રયાસ હતો.

જહાજ ધીમેધીમે આગળ વધતું હતું. સાથે ખાડી વધુ ને વધુ સાંકડી બનતી જતી હતી. સાવ નજીકમાં તરતી હિમશિલાઓનું પ્રમાણ હવે વધ્યું હતું. શિલાઓ વારંવાર જહાજ સાથે અથડાતી છતાં જહાજને કોઈ ગંભીર નુકસાન પહોંચ્યું ન હતું. જોકે આવી સ્થિતિમાં તેનું લાંબું ટકવું શક્ય બને તેમ ન હતું. ઘણી મુશ્કેલીઓ છતાં

જહાજની ઝડપમાં કોઈ ઘટાડો નોંધાયો ન હતો. દક્ષિણી પવનોના સહારે જહાજની ઝડપ જળવાઈ રહી હતી, પરંતુ આવી સ્થિતિમાં વધુ ઝડપ પણ જહાજ માટે જોખમી હતી. કૅપ્ટન કૉર્નબટ તૂતક પર આવ્યા. તેમણે ઝડપ ઘટાડવા મુખ્ય સઢને સંકેલી લેવાની સૂચના આપી.

''આપણી આ સફર તો શાપિત બની ગઈ લાગે છે.'' આન્દ્રે વેસ્લિંગ બીજા નાવિકોની હાજરીમાં જ કકળાટ કરતા બોલ્યો.

''આમાંથી આપણું હેમખેમ રહીને બહાર નીકળવાનું મુશ્કેલ છે.'' નજીકમાં ઊભેલા નાવિક ઓપિકે આન્દ્રેની વાતમાં સૂર પુરાવ્યો. સાથે સાથે પ્રાર્થના કરતાં મનોમન બોલ્યો :

''આ મહામુસીબતમાંથી આપણે હેમખેમ બહાર નીકળીશું તો હિમદેવતા સમક્ષ સુંદર મીણબત્તી સળગાવીશું.''

''કોને ખબર હજી આપણે આવી કેટલીયે હિમશિલાઓ વચ્ચેથી પસાર થવાનું છે.'' આન્દ્રે વેસ્લિંગે નિસાસો નાખ્યો.

''હિમશિલાઓને પસાર કર્યા પછી પણ આપણે ક્યાં પહોંચીશું, તેનો પણ હાલમાં કોઈ અંદાજ નથી. આપણે તો બસ આંખો બંધ કરીને આગળ જ વધી રહ્યા છીએ.'' ફિડલે અવિશ્વાસ વ્યક્ત કર્યો.

''મિત્રો ! વાતો કરવાને બદલે આપણે કાર્યમાં ધ્યાન આપીશું તે વધુ ઠીક રહેશે. ! ફરિયાદ કરવાનો આ સમય નથી. આ મુશ્કેલીમાંથી બહાર નીકળ્યા બાદ આવી ફરિયાદો કરવા માટે આપણને પૂરતો સમય મળી રહેશે.'' હિમશિલા સાથે પોતાના હાથમાંનો સળિયો ટેકવી જોર આપી તેને દૂર હડસેલવા અને જહાજનું તેનાથી સલામત અંતર જાળવી રાખવા પ્રયત્ન કરતાં ગુરેવીચ બોલ્યો.

નાવિકો વચ્ચેની વાતચીત ચાલુ હતી એ દરમિયાન એક વિશાળકાય હિમખંડની બરાબર સામે જહાજ જઈ રહ્યું હોવાની સ્થિતિ સૌના ધ્યાનમાં આવી. સાંકડી ખાડીનો માર્ગ એ હિમખંડને કારણે બંધ થઈ ગયો હતો. જહાજ માટે આગળની દિશા બંધ હતી.

''પેનેલન ! જહાજના સુકાનને થોડું બીજી બાજુ ફેરવ.'' કૉર્નબટે સૂચના આપી.

''કૅપ્ટન ! સુકાન બીજી તરફ ફરી શકે તેમ નથી.'' પેનેલને નિરાશાત્મક જવાબ આપ્યો.

કૅપ્ટન નાવિકોને ઉત્સાહિત કરવાના ઉદ્દેશથી તેમની તરફ જોઈ બોલ્યા, ‘‘આપણે કોઈએ પણ ગભરાવાની જરૂર નથી. હાથમાંના એ સળિયાઓ દ્વારા હિમશિલાઓને જહાજથી દૂર રાખવા એકસામટું જોર લગાવવાની જરૂર છે.’’

સામે આવી રહેલો વિશાળ હિમખંડ ૬૦ ફૂટ જેટલો મોટો હતો. જહાજ સાથે તેની ટક્કર થતાં જ જહાજની જળસમાધિ નિશ્ચિત હતી. કૅપ્ટનના સ્પષ્ટ આદેશ છતાં નાવિકો પોતાની ફરજ પરથી પાછા હટવા લાગ્યા. જહાજ સામે ચાલીને મોત સાથે ટક્કર લેવા ધસી રહ્યું હોવાનો સૌને આભાસ થયો. સૌ ભયભીત હતા. સાક્ષાત મોત સામે આવી રહ્યું હોય તેમ તેમને લાગ્યું.

થોડી વધુ ક્ષણો અને હિમખંડ સાથેની સીધી અથડામણ નિશ્ચિત હતી. એના ઘાતક પરિણામના વિચારમાત્રથી સૌ ધ્રૂજી ઊઠ્યા. સામે જ ઊભેલું એ મોત જહાજથી માંડ અડધા કૅબલ જેટલા અંતરે હશે. ત્યાં તો ભયંકર અવાજ નાવિકોના કાને પડયો. પાણીનું મોટું મોજું ઊછળ્યું હોય તેવું સૌએ અનુભવ્યું. જહાજનું તૂતક પણ આ પાણીની ઊંચે ઊઠેલી છોળોથી આખું ભીજાઈ ગયું. ભેદી અવાજ સાથે શું બન્યું હતું તે નાવિકો હજી સમજી શકતા ન હતા. સમગ્ર જહાજમાં ભયની લાગણી પ્રસરી ગઈ, પરંતુ આછા પ્રકાશમાં ધ્યાનથી જોતાં તેમને ખ્યાલ આવ્યો કે વિશાળ હિમખંડ હવે ત્યાં ન હતો. જહાજને આગળ વધવા માટેનો જળમાર્ગ તેમની સમક્ષ ખુલ્લો હતો. આથમતા સૂર્યનાં આછાં કિરણો વચ્ચે એ માર્ગ સ્પષ્ટ રીતે જોઈ બધા નાવિકોમાં એક નવી આશા જન્મી.

‘‘આપણો માર્ગ એકદમ ખુલ્લો છે. પવનને અનુકૂળ આવે તે રીતે બધા સઢ ખોલી નાખો. ઝડપથી આગળ વધવાની આ તક છે.’’ પેનેલને આનંદનો પોકાર પાડ્યો.

વિશાળકાય હિમખંડનું એકાએક આ રીતે અદૃશ્ય થવું એ નાવિકો માટે એક ચમત્કાર જ હતો, છતાં આ વિસ્તારમાં આવી ઘટના તદ્દન સામાન્ય કહી શકાય તેવી હતી. આ વિસ્તારમાં આવી ઘટનાઓ અવારનવાર બનતી જ હોય છે. આ વિશાળકાય હિમખંડો, બરફના વિશાળ પડથી છૂટા પડી પવન તથા મોજાંના હલકારાથી સંતુલિત રીતે પાણીની સપાટી પર તરતા આગળ વધતા હોય છે. આવા હિમખંડો આ તરફ તણાઈ આવતા, જ્યાં સમુદ્રના પાણીનું તાપમાન ઉત્તરી સમુદ્ર કરતાં સહેજ ઊંચું રહેતું હતું. પાણીના ઊંચા તાપમાનમાં હિમખંડોનો પાણીમાં ડૂબેલો ભાગ ધીમેધીમે પીગળતો હોય છે. આવા હિમખંડો વચ્ચે ટક્કરો પણ થતી હોય છે. હિમખંડોનો પાણીમાં ડૂબેલો ભાગ વધુ પીગળતાં ઉપરના વજનદાર ભાગ સાથે તેનું સંતુલનબિંદુ વિસ્થાપિત થાય છે. અન્ય હિમખંડ સાથેની નાની સરખી ટક્કર કે પવનની લહેર પણ તેને ઊથલાવી દેવા પૂરતી હોય છે. સાક્ષાત મોત બનીને સામે ઊભેલો એ હિમખંડ પણ એ જ રીતે એકાએક ઊથલી પડયો હતો. જ્યુનહાર્ડીને માથેથી એક ઘાત ટળી ગઈ. એ સાથે ઉત્તરમાં વધુ આગળ વધવા સામેનો મોટો અંતરાય દૂર થયો.



૫

લિવરપુલ ટાપુ

૩જી ઑગસ્ટ સુધી જહાજ હિમશિલાઓ વચ્ચે ઝઝૂમતું રહ્યું. ચૅનલની પહોળાઈ માંડ એક કૅબલ જેટલી હતી. આવી હિમશિલાઓ વચ્ચે રસ્તો કાઢવા તેણે અનેક વખત આમતેમ વળાંકો લેવા પડતા હતા.

પેનેલન ઠંડા વાતાવરણમાં મૅરીની પૂરતી કાળજી રાખતો હતો. મોટા ભાગના નાવિકો જહાજના તૂતક પર દરરોજ બે-ત્રણ કલાક કસરત કરતા. ભયંકર ઠંડી સામે રક્ષણ મેળવાનો આ એક શ્રેષ્ઠ ઉપાય હતો.

મૅરીએ આવી ભયંકર ઠંડીમાં પણ પોતાની હિંમત ગુમાવી ન હતી. તે હજી પણ તંદુરસ્ત હતી. નાવિકો સાથે હવે તે સારી રીતે હળીમળી ગઈ હતી. તૂતક પર ઘણો સમય તે નાવિકો સાથે વાતચીતમાં ગાળતી. આન્દ્રે વેસ્લિંગ પણ મૅરીનું ખાસ ધ્યાન રાખતો. મૅરીના સંપર્કમાં રહેવાનો એક પણ મોકો આન્દ્રે ચૂકતો ન હતો. આમ છતાં ખોવાયેલા નાવિકોની શોધની બાબતમાં તેનું વલણ બહુ સકારાત્મક ન હતું. તે હંમેશાં મૅરીના મગજમાં એવું ઠસાવવા પ્રયત્નશીલ રહેતો કે લૂઈ અને તેના સાથીઓની શોધ હવે નિરર્થક વ્યાયામ હતો. મૅરી માટે આન્દ્રેના વલણ સાથે સહમત થવાનો સવાલ જ ન હતો. આન્દ્રે અને મૅરીના સંપર્કમાં તેમ જ વાર્તાલાપ ઉપર પેનેલન ખાસ ધ્યાન આપતો. આન્દ્રે દ્વારા શોધઅભિયાન અંગે થયેલી નકારાત્મક વાતોની અસર દૂર કરવા પેનેલન હંમેશાં મૅરીને આશાવાદી આશ્વાસન આપતો હતો.

મૅરી પાસે હવે એક મહત્ત્વનું કામ હતું, નવો પોશાક બનાવવાનું. પેનેલનની સલાહ મુજબ ઠંડા વાતાવરણમાં તેનાં પરંપરાગત વસ્ત્રો તેને રક્ષણ આપી શકે તેમ ન હતાં. સૌપ્રથમ તેણે સામાન્ય ચામડાનું પેન્ટ તૈયાર કર્યું, જેની કિનારીઓ પર તેણે સીલનું ચામડું લગાડ્યું. તેનું સ્કર્ટ ખૂબ ટૂંકું હતું. તે તેના ઘૂંટણ સુધી માંડ આવતું હતું અને ચારે બાજુ બરફની ચાદર છવાઈ હોય ત્યારે ટૂંકું સ્કર્ટ તેને રક્ષણ આપી શકે તેમ ન હતું. શરીરના ઉપરના ભાગના રક્ષણ માટે તેણે ચામડાનો ઝભ્ભો તેમ જ માથામાં પહેરવાની ચામડાની ટોપી પણ તૈયાર કરી.

નાવિકોએ પણ તેમની ફરજ બાદ મળતા વધારાના સમયમાં ઠંડી સામે રક્ષણ આપે તેવાં જરૂરી કપડાં ચામડામાંથી તૈયાર કર્યાં. બરફથી છવાયેલી જમીન પર ચાલવા સીલના ચામડાના ઘૂંટણ સુધી આવે તેવા બૂટ પણ તૈયાર કર્યાં. નજીક આવી

રહેલા શિયાળા માટેની તૈયારીઓ અને ખાડીમાં હિમશિલાઓ વચ્ચેથી જહાજનો રસ્તો કાઢવાના બેવડા કાર્યને પરિણામે જહાજ ઉપર બધા જ નાવિકો વ્યસ્ત રહેવા લાગ્યા.

આન્દ્રે વેસ્લિંગ બહુ જ સારો નિશાનબાજ હતો. તે પક્ષીઓના શિકારમાં આખો દિવસ વ્યસ્ત રહેતો. પરિણામે ઉત્તરી પક્ષીના તાજા માંસની વાનગીઓના નાવિકોને રોજેરોજ મળતી રહેતી હતી. આથી સૂકવેલા માંસના વૈવિધ્યહીન અને સ્વાદહીન ભોજનથી એમને મુક્તિ મળી હતી.

ઘણા દિવસોની એકધારી મુસાફરીને અંતે જહાજમાંથી જમીનનાં દર્શન થયાં. એ બ્રેવસ્ટરની ભૂશિર હતી. કિનારાથી દૂર જહાજને ઊભું રાખવામાં આવ્યું અને એક નૌકા પાણીમાં ઉતારવામાં આવી. કૅપ્ટન કૉર્નબટ અને પેનેલન તેમાં બેસી કિનારા પર તપાસ માટે ગયા. નિર્જન દેખાતા એ કિનારા ઉપર માનવવસ્તી હોવાનાં કોઈ ચિહ્નો મળ્યાં નહી.

જહાજને લિવરપુલ ટાપુ તરફ આગળ વધારવામાં આવ્યું. લિવરપુલ ટાપુની શોધ, ૧૮૨૧માં કૅપ્ટન સ્કોર્સબી નામના સાહસિકે કરી હતી. આ ટાપુ પર ત્યાંના મૂળ નિવાસીઓની વસ્તી હતી. નાવિકોએ કિનારા ઉપર એ લોકોને જોઈ ઉત્સાહથી પોતાનો હાથ ઊંચો કરી પોકારો કર્યા. ટાપુના રહેવાસીઓની ભાષાના કેટલાક શબ્દો પેનેલન જાણતો હતો. વ્હેલના શિકાર માટે અહીંના જળવિસ્તારમાં આવતાં જહાજોના નાવિકો પાસેથી આ આદિવાસીઓ પણ તેઓની ભાષાના થોડા શબ્દો શીખ્યા હતા અને એ કારણે બંને વચ્ચે વાર્તાલાપ દ્વારા સંપર્ક સાધી શકાયો. આ વિસ્તારમાં તેમના આવવાનો હેતુ પણ ત્યાંના રહેવાસીઓને સમજાવવામાં આવ્યો.

ટાપુના આ મૂળનિવાસીઓ ઠીંગણા અને જાડા હતા. ઊંચાઈ લગભગ ચાર ફૂટ દસ ઇંચ જેટલી. તેમનાં મોઢા લાલ અને ગોળમટોળ હતાં. તેમ જ સીધા અને કાળા વાળ ખભા સુધી લંબાયેલા હતા. તેઓના સડેલા દાંત અને શારીરિક દેખાવ પરથી રક્તપિત્તના દર્દીઓ જેવો તેઓનો દેખાવ હતો. આ મત્સ્યાહારી પ્રજા પહેલી નજરે જ પછાત દેખાતી હતી.

તેમની સાથેની વાતચીતને આધારે જાણી શકાયું કે તેઓ લોખંડ અને કાંસાની ધાતુના ચળકતા ટુકડાઓના ખૂબ લોભી હતા. કદાચ આવા ટુકડાઓ આ ટાપુ પર ચલણી નાણાં તરીકે વપરાતા હશે. ચમકતી ધાતુઓના આ ટુકડાઓના બદલામાં આ ટાપુવાસીઓ પાસેથી સફેદ રીંછના રુવાંટીવાળાં ચામડાં, અન્ય સમુદ્રી જીવો અને રુવાંદાર પ્રાણીઓનાં ચામડાંનો મોટો જથ્થો કૅપ્ટન કૉર્નબટે ખૂબ નીચી કિંમતે ખરીદ્યો, કારણ કે ઉત્તરી ઠંડીમાં એ વસ્તુઓ ઉપયોગી બની શકે તેમ હતું.

ટાપુવાસીઓ સાથે સ્થપાયેલા સંબંધો પરથી અને પેનેલન દ્વારા ભાંગીતૂટી તેમની ભાષાની જાણકારી પરથી કૅપ્ટન કૉર્નબટ પોતાનો અહી આવવાનો હેતુ સમજાવી

શક્યા. તેમણે થોડા મહિના પહેલાં અહી કોઈ જહાજ આવવા વિશે, કોઈ પણ જાણકારી હોવા અંગે પૂછપરછ કરી. ટાપુવાસીઓમાંથી એકે તરત જ બરફની સપાટી ઉપર જહાજનાં આકારનું ચિત્ર દોર્યું તેની પાસેથી જાણી શકાયું કે આશરે ત્રણ માસ અગાઉ ઉત્તર તરફ વાતા પવનોમાં એક નાના જહાજને ઉત્તર તરફ ધકેલાતું જોયું હતું, પરંતુ સમુદ્રી તોફાન, તરતી હિમશિલાઓ અને પવનની ભયંકરતાને કારણે આ ટાપુવાસીઓ પોતાની નાની નૌકામાં આવા જહાજના નાવિકોને મદદે જઈ શકે તેમ ન હતા. લાંબો સમય ચાલુ રહેલા એ તોફાનમાં જહાજ વધુ ઉત્તરે ખેંચાઈ ગયું હતું. તેના નાવિકો કે જહાજનું ત્યાર બાદ શું થયું તેની માહિતી આ લોકો પાસે ન હતી.

લિવરપુલ ટાપુવાસીઓ પાસેથી મળેલા સમાચારને આધારે ખોવાયેલા નાવિકો અંગે ફરી પાછી આશા જાગી. શોધ માટેની દિશા અને માર્ગદર્શન તેને આધારે મળી શકે તેમ હતું. નાવિકોને શોધ માટે ઉત્તરી સમુદ્રમાં વધુ આગળ વધવા સમજાવવાનું કૅપ્ટન કૉર્નબટ માટે સરળ બન્યું.

લિવરપુલ ટાપુ છોડતાં પહેલાં કૅપ્ટને ઉત્તરી ઠંડી સામે ટકી શકે અને સ્લેજ ખેંચી શકે તેવા છ કૂતરા ખરીદી જહાજના તૂતક પર લેવડાવ્યા. ૧૦મી ઑગસ્ટની વહેલી સવારે જ્યુનહાર્ડી જહાજનું લંગર આ ટાપુ પરથી ઉપાડી લેવામાં આવ્યું. વધુ ઉત્તર તરફની એની સફર શરૂ થઈ.

વર્ષના લાંબામાં લાંબા દિવસો હજુ હમણાં જ શરૂ થયા હતા. અહી સૂર્ય આથમતો ન હતો. ક્ષિતિજના નીચામાં નીચા બિંદુએથી તે ફરી પાછો આકાશમાં ચઢી જતો હતો. એ કારણે આ ઉત્તરીય વર્તુળમાં ચોવીસ કલાક અજવાળું છવાયેલું રહેતું. જોકે વાતાવરણમાં ખૂબ જ ધુમ્મસ છવાયેલું રહેતું. અવારનવાર વરસાદ તેમ જ હિમવર્ષા પણ થયા કરતી હતી. ઘણી વાર સૂર્ય વાદળોથી ઢંકાઈ જતો હતો અને જહાજ મધ્યરાત્રિ જેવી અંધકારની કાળી ચાદરમાં ખોવાઈ જતું.

નિર્ધારિત દિશામાં જ્યુનહાર્ડી ઝડપથી આગળ વધતું હતું. પોતાની તેમ જ સાથીઓના સ્વાસ્થ્યની ચિંતા પણ કૅપ્ટને કરવાની હતી, તે માટે યોગ્ય તકેદારી લેવાનું તેઓ ચૂકતા ન હતા. ઠંડા કાતિલ પવનોથી રક્ષણ મેળવવા જહાજના તૂતકને ઢાંકી દેવામાં આવ્યું. દરરોજ સવારે તાજી હવાની અવરજવર માટે થોડો સમય તેને ખોલવામાં આવતું. જહાજની કૅબિનોમાં હૂંફાળું વાતાવરણ જાળવી રાખવા માટે સ્ટવ પણ ચાલુ કરવામાં આવ્યા. એની ગરમ હવા પાઇપ દ્વારા જહાજની દરેક કૅબિનોમાં હૂંફ જાળવી રાખવા માટે મદદરૂપ બનતી. દરેક નાવિકને પોતાનાં સુતરાઉ કપડાં ઉપર જ એક ઊનનો કોટ અને તેના પર ચામડાનો મોટો કોટ પહેરવા માટે સલાહ આપવામાં આવી. જહાજમાં ગરમી માટે હજી તાપણું કરવામાં આવતું ન હતું, કારણ કે આગળ જતાં ઠંડી હજી વધુ કાતિલ બનવાની હતી, તેવા સમય માટે લાકડાં અને કોલસાનો જથ્થો જાળવી

રાખવાનું ખૂબ જ જરૂરી હતું. શારીરિક ગરમી જળવાઈ રહે તે માટે નાવિકોને સવાર-સાંજ ગરમ કૉફી અને ચા આપવામાં આવતાં. ખોરાકમાં હજી તેમને શિકાર કરેલા દરિયાઈ પક્ષીઓનો તાજો ખોરાક મળી રહેતો હતો.

જીન કૉર્નબટ મુખ્ય કૂવાથંભની ટોચે બનાવવામાં આવેલી એકબાજુ ખુલ્લી કૅબિનમાં બેસી દૂર દૂર સુધી સમુદ્રની સ્થિતિનું નિરીક્ષણ કરતા. ખોવાયેલા જહાજ અને તેના નાવિકોની શોધ કે તે અંગેની નિશાનીઓ મેળવવા આવી નજર રાખવી જરૂરી હતી.

લિવરપુલ છોડ્યાના બે જ દિવસમાં જહાજ જ્યુનહાર્ડીએ ઉત્તર તરફ ખૂબ લાંબી મજલ કાપી નાખી. ઠંડા પવનોનું જોર ધીમેધીમે વધતું જતું હતું અને તાપમાનમાં પણ દિવસે દિવસે ઘટાડો થતો જતો હતો. ઉત્તરનો કાતિલ શિયાળો બેસવાની નિશાનીઓ વર્તાઈ રહી હતી. શિયાળો બેસતાં સમુદ્રની સપાટી બરફના જાડા થરમાં ફેરવાઈ જવાની હતી, અને ત્યાર બાદ જહાજ માટે વધુ આગળ વધવું શક્ય બનવાનું ન હતું. સમુદ્રની સપાટી ઉપર ક્યાંક ક્યાંક બરફ જામવો શરૂ થઈ ગયો હતો. કેટલીક જગ્યાએ આ બરફના થરની જાડાઈ ૨૦ ફૂટ જેટલી હતી.

૩જી સપ્ટેમ્બરની સવારે જ્યુનહાર્ડી ગાયલ-હેમકીસની ખાડીના મુખ પાસે હતું. જમીન ત્યાંથી માત્ર ત્રીસ માઈલ જેટલા અંતરે હતી, પરંતુ જહાજ સામે એક નવું વિઘ્ન ઊભું થયું હતું. જહાજ એક મહાકાય હિમખંડની આગળ આવી અટકી ગયું. આ હિમખંડ એકાદ માઈલ જેટલો પહોળો હશે. એમાંથી મુક્તિ મેળવવાનો એક જ રસ્તો હતો. કરવતો અને દારૂગોળા વડે આ પોપડાને તોડી, તેમાંથી જહાજ માટે રસ્તો કાઢવાનો. જહાજના બધા નાવિકો આ કાર્યમાં જોડાઈ ગયા. પેનેલન, ઓપિક, ગ્રાડલીન, તકિવટે સતત વીસ કલાક સુધી બરફના આ પોપડાને કાપી તેમાંથી રસ્તો કાઢવા પ્રયત્નશીલ રહ્યા. ભયંકર ઠંડીમાં આવા બરફના પડ ઉપર ઊભા રહી આ કાર્ય કરવું ખરેખર ખૂબ જ મુશ્કેલ હતું. ક્યારેક બરફનો પાતળો થર અચાનક તૂટતાં તેઓ સમુદ્રના ઠંડા પાણીમાં પડી જતા હતા. જોકે આવા ઠંડા પાણી સામે તેમણે પહેરેલાં સીલનાં ચામડાનાં વસ્ત્રો રક્ષણ આપતાં હતાં, પરંતુ તેવું રક્ષણ સંપૂર્ણ ન હતું. થોડી ઘણી ભીનાશ તો રહી જ જતી હતી અને આટલા નીચા તાપમાને તે સહેવું અસહ્ય બનતું હતું.

કાતિલ ઠંડીના વાતાવરણમાં બરફના પડને કાપીને તેમાંથી રસ્તો કાઢવાનું ભગીરથ કાર્ય કરતા બધા જ નાવિકો થાકી જતા હતા. થોડા થોડા સમયે દરેકે આરામ કરવો પડતો. અતિશય ઠંડી હવામાં તેઓને માટે શ્વાસ લેવાનું પણ મુશ્કેલ બનતું. સૌ નાવિકોનો સામૂહિક પરિશ્રમ આખરે સફળ થયો અને જહાજનો રસ્તો ખુલ્લો થયો. આ અંતરાયને પાર કરતું જહાજ ઉત્તર તરફ આગળ વધ્યું.



૬

હિમકંપ

દિવસો સુધી જ્યુનહાર્ડી આવી પડેલી મુશ્કેલ પરિસ્થિતિ સામે ઝઝૂમતું આગળ વધતું રહ્યું. અવારનવાર આવતા અંતરાયોને દૂર કરવા, તેમના નાવિકો સામૂહિક રીતે પ્રયત્નો કરતા રહ્યા. બરફના ચક્કાઓને કરવત વડે કાપવા ઉપરાંત, હિમશિલાઓને ભાલાઓ વડે દૂર હડસેલવી પડતી હતી. તો ક્યારેક બરફના જાડા થરને તોડી તેની વચ્ચેથી રસ્તો કાઢવા દારૂગોળાનો ઉપયોગ પણ જરૂરી બનતો.

૧૨મી સપ્ટેમ્બરે પરિસ્થિતિ વધુ વણસી. જહાજ ચારેબાજુથી બરફની શિલાઓ વચ્ચે ઘેરાઈ ગયું. સમુદ્રની સપાટી પણ હવે ધીમેધીમે બરફ બનવાની શરૂઆત થઈ ગઈ હતી. જહાજ માટે આગળ વધવું હવે શક્ય ન હતું, પરંતુ પાછા ફરી શકાય તેવી સ્થિતિ પણ ન હતી. થર્મોમિટરનો પારો શૂન્ય નીચે ૧૬° સૅન્ટિગ્રેડ બતાવી રહ્યો હતો. ઉત્તરના કાતિલ શિયાળાની શરૂઆત થઈ ચૂકી હતી. જહાજ અત્યારે ૨૧° પશ્ચિમ રેખાંશવૃત્ત અને ૭૬° ઉત્તર અક્ષાંશવૃત્ત પર ગાયલ-હેમકીસની ખાડીમાં હતું.

જહાજના કૅપ્ટન કૉર્નબટે અહી શિયાળો ગાળવા માટે જરૂરી તૈયારીઓની શરૂઆત કરી દીધી. સૌપ્રથમ એક એવી નાની ખાડીની શોધ કરવાની હતી કે જેમાં એમનું જહાજ શિયાળાના કાતિલ ઠંડા પવનો તેમ જ હિમકંપ સામે સુરક્ષિત રહી શકે. જમીન અહીથી પશ્ચિમ તરફ આશરે ૩૦ માઈલના અંતરે હતી ! ત્યાં જ આવું સુરક્ષિત આશ્રયસ્થાન મેળવી શકાય તેમ હતું, પરંતુ ત્યાં સુધી પહોંચવું હવે અશક્ય લાગી રહ્યું હતું.

જહાજ માટે એવા અનુકૂળ આશ્રયસ્થાનની શોધ શરૂ થઈ. આન્દ્રે, પેનેલન, ગ્રાડલીન અને તકિવટને પણ કૅપ્ટને સાથે લીધા.

હિમવર્ષા પણ હવે શરૂ થઈ ગઈ હતી, પરંતુ બરફ હજી બધે બરાબર જામ્યો ન હતો. સમુદ્રની સપાટી પર બરફ બનવાની હજી માત્ર શરૂઆત જ થઈ હતી, તેથી ઘણી જગ્યાએ આવું બરફનું પડ સાવ પાતળું હતું. આવા પાતળા પડ પર આગળ વધવામાં ભારે જોખમ હતું. એ માટે ખૂબ જ તકેદારી રાખવી જરૂરી હતી. એની ઉપર આગળ વધતાં તે તૂટવાનો અને ઠડા પાણીમાં ગરક થવાનો સતત ભય રહેતો હતો. પેનેલન ટુકડીની મોખરે હતો. તે પોતાની લોખંડનો ખીલો ધરાવતી લાકડીથી બરફના

પડને ઠોકી તેની મજબૂતીની ચકાસણી કરતો. શરીરનું વજન ઉઠાવી શકે એટલી મજબૂત બરફની સપાટી જણાય ત્યાર બાદ જ ટુકડી આગળ વધતી હતી.

આખા દિવસની સતત પગયાત્રા બાદ બધા જ સભ્યો થાકી ગયા. સાંજના ૫ વાગ્યા. વાતાવરણમાં ધુમ્મસ પણ ઘેરું બન્યું. આવી સ્થિતિમાં આગળ વધવું મુશ્કેલ હતું. પેનેલને ઠંડા પવનોથી રક્ષણ મળી રહે તેવી એક હિમશિલાની ઓથે આશ્રયસ્થાન શોધી લીધું. ત્યાં નાવિકો પોતાની પાસેનું સીલનું ચામડું પાથરી એકબીજાની લગોલગ સૂઈ ગયા, જેથી શારીરિક તાપમાન જાળવી શકાય. તેઓની પાસે ઠંડીમાં મદદરૂપ બની શકે એવું, ગરમ કૉફી કે ચા જેવું પીણું તો હતું જ નહીં. સાથે લીધેલું સીલનું ચામડું તેમણે ઓઢી લીધું. આખા દિવસની મુસાફરીના થાકને પરિણામે સૂતાંની સાથે જ દરેક જણ ગાઢ નિદ્રામાં પોઢી ગયા.

બીજા દિવસે વહેલી સવારે ઊઠ્યા ત્યારે કૅપ્ટન કૉર્નબટ અને તેના અન્ય સાથીઓ એક ફૂટ જાડી બરફની ચાદર નીચે દટાયેલા હતા. તેમણે ઓઢેલા સીલના ચામડાને કારણે બરફ અંદર પ્રવેશી શક્યો ન હતો. એવું સીલના ચામડાનું સુરક્ષિત આવરણ ન હોત તો જીવતાજીવત તેમની દફનવિધિ થઈ ગઈ હોત. બરફના આવા થરને કારણે તેમની શારીરિક ગરમીને પણ બહાર ઉત્સર્જિત થતી અટકાવી હતી. આમ, આ બરફની ચાદર તેમના માટે વરદાનરૂપ પુરવાર થઈ હતી.

કૅપ્ટન જીને સૌને આગળ વધવાની સૂચના આપી. દરિયાનાં પાણી ઉપર બંધાયેલા બરફના જાડા થર ઉપર બપોર સુધી તેઓ આગળ વધતા જ રહ્યા. આખરે ટાપુના કિનારે સૌ પહોંચ્યા. એ કિનારાની જમીન ઉપર બરફના નાનાં નાનાં શિખરો રચાયાં હતાં. જમીન ઉપર જામેલા બરફમાંથી ઊભાં ઊઠેલાં એ શિખરો અર્ધપારદર્શક સ્ફટિક જેવાં હતાં. જીન અને તેના સાથીઓના આગમનથી ભડકી ઊઠેલાં દરિયાઈ પક્ષીઓ, નજીકથી ઊડીને આગળ જઈ ગોઠવાઈ જતાં. બરફની પથારી પર આળસુની જેમ પડેલા સીલ જેવાં જળચરો પણ ત્યાંથી પાણીમાં કૂદી અદૃશ્ય થવાં લાગ્યાં.

સીલનાં ટોળાંને જોઈ પેનેલન બોલ્યો, ‘‘હમણાં આપણને સીલના ચામડાની, ચરબીની કે એમની સાથેની રમતની જરૂર નથી !’’

જીન સહિતના નાવિકોની ટુકડીને જોઈને ભાગી રહેલા સીલનાં ટોળાંને જોઈ કૅપ્ટને કહ્યું, ‘‘આપણને જોઈને ભાગી રહેલી સીલ એ વાતનો પુરાવો છે કે માણસો અહીં આવ્યા હોવા જોઈએ. જ્યાં માનવ વસતીથી પ્રાણીઓ પરિચિત નથી હોતાં, ત્યાં આટલી ઝડપથી ક્યારેય ભાગી છૂટે નહીં..!’’

‘‘હા, અહીં વારંવાર ગ્રીનલૅન્ડના રહેવાસીઓની અવરજવર રહેતી હશે, તેથી તેઓ માનવોથી પરિચિત હશે તેવું લાગે છે.’’ આન્દ્રેએ કહ્યું.

‘‘મને નથી લાગતું કે અહી આવીને કોઈ ગ્રીનલૅન્ડવાસીઓ રહ્યા હોય. અત્યાર સુધી તેવી કોઈ નિશાની મેં જોઈ નથી.’’ પેનેલન આ શબ્દો સાથે એક ઊંચા બરફના ટેકરા પર ચઢ્યો.

ટેકરાની ઊંચાઈએથી ચારેબાજુ નજર ફેંકી નિરીક્ષણ કરતાં અચાનક તેણે બૂમ પાડી, ‘‘કૅપ્ટન...! જલદી અહી આવો. થોડે જ દૂર જમીન પાસેની ફાંટ, આપણા માટે ઉત્તરપૂર્વીય પવનો સામે સુરક્ષિત આશ્રયસ્થાન બની શકે તેવું લાગે છે.’’

એનો અવાજ સાંભળી કૅપ્ટન કૉર્નબટ ઝડપથી ઉપર પહોંચી ગયા. સાથીઓને પણ ત્યાં આવવા ઈશારો કર્યો.

પેનેલનની વાત સાચી હતી. કાંઠા તરફ જમીનનો એક ભાગ થોડો ઊંચકાયેલો નજરે પડયો. ઠંડા પવનોથી આ ભાગ થોડો સુરક્ષિત લાગી રહ્યો હતો. તેની આજુબાજુ હજી સુધી બરફ જામ્યો ન હતો. શિયાળાના આશ્રયસ્થાન તરીકે એ સ્થળ અનુકૂળ રહે તેવું પણ હતું. તેની બાજુમાં એક માઈલ જેટલી પહોળી ખાડી પણ હતી. તેમાં હજી પૂરેપૂરો બરફ જામ્યો ન હતો. નાના મોટા બરફનાં ચોસલાંઓ ખાડીના પાણીમાં તરતાં હતાં.

પેનેલનની નજરે ચઢેલું એ સ્થળ, જહાજ અને તેના નાવિકોના શિયાળાના આશ્રયસ્થાન તરીકે શ્રેષ્ઠ પુરવાર થાય તેમ હતું. અન્ય સાથીઓએ શિયાળા દરમિયાન એ સ્થળે રોકાવાની સંમતિ આપી, પરંતુ આન્દ્રે મૌન હતો. આ સ્થળે રોકાણ માટે તે સહમત હતો કે નહી તેનો કોઈ ખ્યાલ આવ્યો નહી...! હવે માત્ર જહાજને ત્યાં સુધી પહોંચાડવાની જ વાર હતી, પરંતુ કૅપ્ટન કૉર્નબટે અનુભવ્યું કે એ સ્થાન સુધી જહાજને લઈ જવાનું આસાન ન હતું. આ સ્થળ સુધી લાવવા માટેનો જળમાર્ગ ખુલ્લો ન હતો. ચારેબાજુ દૂરદૂર સુધી સમુદ્રની સપાટી બરફ બની ગઈ હતી. આ બરફના થરની જાડાઈ એટલી હતી કે તેને કાપીને તેમાંથી રસ્તો કાઢવાનું પણ ખૂબ જ મુશ્કેલ હતું. અહી સુધી જહાજને લાવવા માટે કોઈ અન્ય ખાડી કે નહેર શોધવી જરૂરી હતી. ત્યાં જઈ વધુ તપાસ કરતાં ખ્યાલ આવ્યો કે જહાજને કોઈ પણ રીતે અહી સુધી દોરી લાવવું શક્ય ન હતું. આન્દ્રેએ હવે પોતાનું મોં ખોલ્યું. આ સ્થાન શિયાળામાં રોકાવા માટેના આશ્રયસ્થાન તરીકે યોગ્ય નહી હોવાની એણે દલીલ કરી. વાસ્તવિક સ્થિતિનો વિચાર કરી છેવટે કૅપ્ટને તે સ્થાનની પસંદગી પડતી મૂકી અને કોઈ નવા સ્થાનની શોધ કરવા માટે સૌને જણાવ્યું.

આવું આશ્રયસ્થાન ટાપુના દક્ષિણ કાંઠે શોધી શકાય તેવી સંભાવનાઓ પણ ઘણી હતી. એ તરફ પ્રયાસ કરવાનું નક્કી થતાં સૌ જહાજ તરફ પાછા વળ્યા. આમ પણ તેમની પાસે માત્ર બે દિવસ ચાલે તેટલો જ ખોરાક હતો. જે હવે પૂરો થવા આવ્યો હતો. તેથી વધુ આગળ વધી શકાય તેમ ન હતું. કૅપ્ટન કૉર્નબટ બરફમાં એવી ફાંટ કે

નહેરની શોધમાં હતા કે જેમાંથી જહાજને બરફના થરની પેલે પાર લઈ જઈ શકાય, પરંતુ આવો કોઈ પણ રસ્તો શોધવામાં તેમને સફળતા મળી નહી.

આખા દિવસની વળતી મુસાફરી કર્યા બાદ સાંજે તેઓ આગલી રાત્રે જ્યાં વિસામો લીધેલો ત્યાં આવી પહોંચ્યા. આખા દિવસ દરમિયાન હિમવર્ષા થઈ ન હતી, તેથી આગલી રાત્રે જ્યાં તેઓ સૂતા હતા ત્યાં તેમના શરીરના આકારની છાપ યથાવત્ જ રહી હતી. આખા દિવસની કષ્ટમય મુસાફરીને કારણે સૌ થાકેલા હતા. તેમણે એ જ જગ્યાએ રાત્રિનિવાસ કરવાનું નક્કી કર્યું. ફરી સીલનાં ચામડાં પથરાઈ ગયાં. ઠંડીમાં શરીર ઉપર ઓઢવામાં પણ આ જ ચામડાનો ઉપયોગ તેમણે કરવાનો હતો.

પૂરા દિવસની રખડપટ્ટીથી થાકેલા સૌએ ત્યાં જ લંબાવ્યું. કોઈ સુરક્ષિત આશ્રયસ્થાન શોધવા ખેડેલા પ્રવાસમાં નિષ્ફળતા મળતાં પેનેલન નિરાશ થયો હતો. તેને ઊંઘ આવતી ન હતી. આમતેમ પડખાં ફેરવી રહ્યો હતો. ત્યાં તેને ભેદી ગડગડાટનો અવાજ સંભળાયો. અવાજ કઈ તરફથી આવી રહ્યો હતો તેનો તેણે ખ્યાલ મેળવવા પ્રયત્ન કર્યો, પરંતુ તેને કંઈ ખ્યાલ આવ્યો નહી. તેણે તરત જ કૅપ્ટન કૉર્નબટને જગાડ્યા. તેમણે પણ આ અવાજ સાંભળી અવાજ શેનો છે, તે જાણવા પ્રયત્ન કર્યો, પરંતુ તે પણ કંઈ સમજી શક્યા નહી.

"આ શેનો અવાજ છે ?!" કૅપ્ટને આતુરતાથી પેનેલનને પૂછ્યું.

"કૅપ્ટન ધ્યાનથી સાંભળો..." પેનેલન બોલ્યો.

અવાજની તીવ્રતા ખૂબ ઝડપથી વધી રહી હતી.

"આ સ્થળ, તાપમાન અને વાતાવરણને જોતાં તોફાન આવવાની તો કોઈ સંભાવના જણાતી નથી." કૅપ્ટન પોતાના અનુભવના આધારે અનુમાન કરતા બોલ્યા.

"મને લાગે છે કે, સફેદ રીંછનું ટોળું આપણી તરફ આવી રહ્યું છે." પેનેલને અવાજને આધારે અનુમાન કરતા કહ્યું.

"ઓહ...! તો તો આપણે મોટી મુશ્કેલીમાં મુકાઈશું... પરંતુ હજી સુધી એક પણ રીંછ દેખાયું નથી." કૅપ્ટન બોલ્યા.

"વહેલા-મોડા ગમે ત્યારે બરફના રણના આ રાક્ષસો સાથે મુલાકાતનો ભય તો હતો જ... આપણે તેમના સ્વાગત માટે તૈયાર રહેવું જોઈએ." પેનેલન ચેતવણી સૂચક સ્વરમાં બોલ્યો.

પોતાની બંદૂક હાથમાં લઈ પેનેલન સુરક્ષિત સ્થાને વ્યૂહાત્મક રીતે ગોઠવાયો, આવી રહેલી મુસીબતનો સામનો કરવાની તૈયારી કરી લીધી. રાત્રિનો સમય હતો. અંધકાર છવાયેલો હતો. એની નજરે કંઈ દેખાતું ન હતું, પરંતુ ભેદી અવાજો કોઈ આવી

પડનારી મુશ્કેલીના સૂચક હતા. તેનો સામનો કરવા તૈયાર રહેવું જરૂરી હતું. કૅપ્ટન કૉર્નબટ અને હવે જાગી ગયેલા અન્ય સાથીઓ પણ ચિંતામાં હતા. નજીક આવી રહેલા આ જોખમથી સૌ સચેત બની ગયા. તેનો સામનો કરવા દરેકે પોતાની બંદૂકો હાથમાં લીધી અને પેનેલન પાસે આવી સુરક્ષિત રીતે છુપાઈ ગયા.

એક નવી મુશ્કેલીએ તેમને ઘેરી લીધા હતા. રાત્રિના અંધકારમાં બરફની સપાટી પર જાણે કોઈ દરિયાઈ મોજું ઊંચુંનીચું થતું તેમની તરફ આગળ વધી રહ્યું હોય તેવું તેમણે અનુભવ્યું. નજીક આવી રહેલી એ અદૃશ્ય આફત, બરફની સપાટી ઉપર પણ કંપને કારણે અનુભવાઈ રહી હતી. અચાનક સૌને આંચકો લાગ્યો. બધાએ જ પોતાનું સંતુલન ગુમાવ્યું. કોઈ કાંઈ પણ વિચારી શકે તે પહેલાં જ દરિયાઈ મોજાંની જોરદાર થપાટ લાગી હોય તે રીતે સૌ ધરાશાયી થઈ ગયા.

''મિત્રો, તમે ક્યાં છો ?'' પેનેલને મોટેથી ચીસ પાડી.

''હા, હું બરફ નીચે દટાઈ ગયો છું.'' અચાનક કોઈનો અવાજ કાને પડયો.

''તકિવટ, ગ્રાડલીન... તમે સુરક્ષિત તો છો ને ?''

''હા, હું અહીં છું...'' પોતાના પરથી બરફનો થર હાથથી ખસેડી મહામુશ્કેલીથી બહાર આવવા પ્રયત્ન કરતો તકિવટ બોલ્યો.

''વેસ્લિંગ અને હું અહીં સુરક્ષિત છીએ.'' કૅપ્ટન પણ બરફ ખસેડતાં, મહામહેનતે બહાર નીકળતાં બોલ્યા, પરંતુ ''ગ્રાડલીન...?!'' કૅપ્ટને ચિંતા વ્યક્ત કરતાં કહ્યું.

''હું અહીં છું... બરફના થર નીચે દબાયેલો. મને એમાંથી બહાર કાઢવા મદદ કરો...'' ગ્રાડલીને મોટા અવાજે કહ્યું.

અંધારું હોવા છતાં ઝાંખા પ્રકાશમાં સૌ એકબીજાને શોધવા પ્રયાસ કરવા લાગ્યા. પેનેલને ગ્રાડલીનને બહાર કાઢવા તેના પરનો બરફનો થર ખસેડતાં, તેને ઊભો કરવા પ્રયત્ન કર્યો.

ગ્રાડલીન ખૂબ ગભરાયેલો હતો. દરૂજતા અવાજે તે બોલ્યો, ''આપણે મોટી મુશ્કેલીમાં ફસાયા છીએ. એમાંથી બહાર આવવું મુશ્કેલ છે.''

''ના, જે મહામુશ્કેલીમાં આપણે મુકાયા હતા તેમાંથી બચી ગયા છીએ.'' પેનેલને કહ્યું.

પેનેલનના આ શબ્દો માંડ પૂરા નહીં થયા હોય ત્યાં વીજળી પડી હોય તેવો કડાકો સંભળાયો. બરફનો આખો પોપડો દરુજારી સાથે તૂટી પડયો. બધા નાવિકો જે બરફની વિશાળ શિલાની ઓથે છુપાયા હતા, તેને વળગી રહ્યા. તેમની મુશ્કેલીઓનો

અંત આવ્યો જણાતો ન હતો. બરફનો એ પોપડો સમુદ્રની સપાટી થીજીને જ બન્યો હતો. ત્યાં નક્કર ભૂમિ હતી જ નહીં. તેમાં કંપ આવતાં આ ટુકડો ભાંગી રહ્યો હતો. તેમની જળસમાધિ નિશ્ચિત જણાતી હતી. નાવિકોથી થોડા ફૂટના અંતરે જ બરફના પોપડામાં એક મોટી ફાટ પડી હતી. ધરતીકંપ જેવો જ આ હિમકંપ હતો. આ કંપ લગભગ બે મિનિટ સુધી સતત ચાલુ રહ્યો. ત્યાર બાદ અચાનક જ આ કંપ અટકી ગયો. કૅપ્ટન અને તેના સાથીઓ જે હિમશિલાની આડશમાં છુપાયા હતા, તેને જ આડા પડીને ચોંટી રહ્યા. રાત્રિના અંધકારમાં ક્યાંય પણ આગળ વધવું શક્ય ન હતું. આ કંપને કારણે કેવી સ્થિતિ સર્જાઈ છે તે જાણવા માટે સવારનું અજવાળું થાય ત્યાં સુધી રાહ જોવી પડે તેમ હતું.

બાકીની રાત સૌએ ભયના ઓથાર વચ્ચે વિતાવી. એવી સ્થિતિમાં સમય પણ જાણે સાવ ધીમો વહેતો હતો. ભયંકર રાત્રિ બાદ સવારનું અજવાળું ફેલાયું. આજુબાજુનું દૃશ્ય ધીમેધીમે સ્પષ્ટ બન્યું. રાત્રે થયેલા હિમકંપે ચારેબાજુ ખૂબ મોટો ફેરફાર કરી નાખ્યો હતો. પહેલાં ચારેબાજુ દેખાતો બરફનો જાડો થર, અનેક ટુકડાઓમાં વહેંચાઈને તૂટી ગયો હતો. જે હિમશિલાની ઓથે તેઓએ રાતવાસો કર્યો હતો એ પણ આ કંપમાં ભાંગીને તૂટી ગઈ હતી. બરફના પોપડાના ટુકડાઓની વચ્ચે સમુદ્રનું પાણી સ્પષ્ટ જોઈ શકાતું હતું.

કૅપ્ટન કૉર્નબટના મગજમાં સૌપ્રથમ વિચાર, પોતાના જહાજ જયુનહાર્ડી વિશે આવ્યો.

''મારું જહાજ... આ હિમકંપે તેને ગંભીર નુકસાન પહોંચાડ્યું હશે. મને મૅરીની ચિંતા થાય છે...'' કૅપ્ટન કૉર્નબટ ચિંતિત મુદ્રામાં બોલ્યા.

જહાજની સ્થિતિ બાબતમાં નાવિકો પણ ચિંતિત બની ગયા. જો જહાજને ગંભીર નુકસાન પહોંચ્યું હોય અને તે વળતી સફર માટે સલામત ન રહ્યું હોય તો સૌનું મૃત્યુ અહીં નિશ્ચિત જ હતું.

પેનેલને બધાને આશ્વાસન આપતાં કહ્યું, ''મિત્રો, હિંમત રાખો... રાત્રે થયેલો આ કંપ આપણને મદદરૂપ પુરવાર થયો છે. શિયાળાના આશ્રયસ્થાન તરીકે પસંદ કરેલા સ્થળે જવા માટે જરૂરી રસ્તો આ કંપને કારણે ખૂલી ગયો છે એવું હું માનું છું.'' પડેલી મોટી ફાટ તરફ ધ્યાન દોરતાં પેનેલને આગળ ચલાવ્યું.

''આ ફાટમાંથી સરળતાથી આપણા જહાજને, શિયાળુ આશ્રય માટે પસંદ કરેલા સ્થાન સુધી લઈ જઈ શકીશું.'' ત્યાં જ તેને દૂર કંઈ નજરે ચડ્યું.

પેનેલન તે દિશામાં હાથનો ઈશારો કરતાં બોલ્યો, ''જો મારી ભૂલ ના થતી હોય તો પેલું આપણું જહાજ જયુનહાર્ડી જ છે. તે આપણાથી માંડ થોડા માઈલના અંતરે

જ હશે.’’

એ જહાજ જ્યુનહાર્ડી જ હતું.

પોતાના જહાજને હેમખેમ દશામાં ઊભેલું જોઈને સૌએ આનંદના પોકારો પાડ્યા. ઝડપથી તે તરફ દોટ મૂકી. આ દોટમાં તેઓ ભાન ભૂલી ચૂક્યા હતા. તક્વિટ આ અવિચારી દોટને પરિણામે બરફના બે પડ વચ્ચેની ફાટમાં પડી ગયો. કૅપ્ટને તેને ઝડપથી પોતાની લાકડી વડે સહારો આપી બહાર કાઢ્યો. તે બરફ જેવા ઠંડા પાણીથી આખો ભીંજાઈ ગયો હતો. તેનું શરીર ઠંડીથી અકડાઈ ગયું હતું.

જહાજ થોડા માઈલના અંતરે ધ્યાનસ્થ દશામાં ઊભું હતું. અનેક મુશ્કેલીઓ વેઠ્યા બાદ સૌ જહાજ પાસે પહોંચ્યા. જહાજને ચકાસતાં તેમને ખાતરી થઈ કે જહાજને કોઈ મોટું નુકસાન થયું ન હતું. તે હજી પણ લાંબી સફર ખેડી શકવા માટે સક્ષમ હતું, પરંતુ એના સુકાનને બરફ સાથેની અથડામણને કારણે થોડું નુકસાન પહોંચ્યું હતું.



૭

શિયાળાનું આશ્રયસ્થાન

પેનેલન ફરી એક વાર સાચો ઠર્યો હતો. જે કંઈ બન્યું હતું તે સારા માટે જ થયું હતું. હિમકંપમાં તેઓને કોઈ ગંભીર નુકસાન પહોંચ્યું ન હતું, પરંતુ જહાજ માટે તેના સુરક્ષિત આશ્રયસ્થાન સુધી જવાનો રસ્તો ખૂલી ગયો હતો. બરફનો પોપડો તૂટવાથી એક નહેર જેવો રસ્તો ખુલ્લો થયો હતો, એમાંથી જહાજને સરળતાથી કાંઠા સુધી લઈ જઈ શકાય તેમ હતું.

૧૯મી સપ્ટેમ્બરના દિવસે જહાજને તેના આશ્રયસ્થાન તરફ દોરી જવામાં આવ્યું. આ સ્થાન કાંઠાથી આશરે ૨ કૅબલના અંતરે હતું. જહાજનું લંગર યોગ્ય સ્થળે ઉતારવામાં આવ્યું. ખૂંટા સાથે બંધાયેલા પ્રાણીની જેમ જ લંગર સાથે બંધાયેલું જહાજ પણ સ્થિર બની ઊભું રહી ગયું. બીજા દિવસથી જ જહાજની આજુબાજુની પાણીની સપાટી બરફ બનવાની શરૂઆત થઈ ગઈ, પરંતુ તે અંગે હવે બહુ ચિંતા ન હતી. આખો શિયાળો જહાજે અહી જ કાઢવાનો હતો. શિયાળો પૂરો થતાં, તાપમાનમાં વધારો નોંધાતા બરફ આપોઆપ પીગળવાની શરૂઆત થવાની હતી. હવે ઠંડી વધતાં રોજબરોજ બરફનો પોપડો જાડો થતો જવાનો હતો. એવી જાડાઈ માણસોના વજનને ખમી શકે તેટલી મજબૂત થયા બાદ નાવિકો માટે કાંઠા સુધી જવું સરળ બનવાનું હતું.

લાંબો શિયાળો અહી જ ગાળવાનો હોવાથી જહાજના સઢ અને અન્ય દોરડાંઓને ઉતારી લેવામાં આવ્યાં. તેની હવે કોઈ જરૂરિયાત ન હતી. પવનમાં લાંબો સમય ખુલ્લા રહેવાથી તેને નુકસાન પહોંચે તેમ હતું. ઠંડા પવનોથી રક્ષણ મેળવવા સમગ્ર તૂતકને ઢાંકી દેવાનું જરૂરી હતું. માત્ર આગળના કૂવાથંભની ઊંચાઈની નિરીક્ષણબેઠકને બાદ કરતાં સમગ્ર તૂતકને આવરી લેવાનું નક્કી થયું. આ બેઠક પરથી ચારેબાજુ દૂર સુધી નજર રાખી શકાતી હતી. દૂરથી પસાર થતાં વહાણો કે ખોવાયેલા યાત્રીઓની કોઈ નિશાનીઓ નજરે પડે કે જરૂરિયાત સમયે તેમને મદદ કરી શકાય તે માટે તેના સ્થાને તે બેઠકને જાળવી રાખવામાં આવી.

સૂર્ય હવે માંડ ક્ષિતિજથી થોડે સુધી ઉપર ચડતો હતો. જૂનના અયનાંત પછી દિવસો ધીમેધીમે ટૂંકા થવાની શરૂઆત થઈ ગઈ. દિવસો ક્રમશઃટૂંકા થતાં ડિસેમ્બર સુધીમાં તો એક લાંબી રાત્રિમાં ફેરવાઈ જવાના હતા.

કાતિલ શિયાળાની શરૂઆત સાથે જહાજ પરના તમામ નાવિકો તે અંગેની તૈયારીમાં લાગી ગયા. પેનેલન દરેક કાર્ય પર ધ્યાન રાખતો, તેમ જ નાવિકોને જરૂરી

ઉત્સાહ અને માર્ગદર્શન પૂરું પાડતો. જહાજની આજુબાજુનો બરફનો પોપડો વધુ ને વધુ જાડો થતો જતો હતો. એ રીતે જામેલા બરફનું વધુ પડતું દબાણ જહાજ માટે જોખમકારક બની શકે તેમ હતું. પેનેલન બરફના આ પડને થોડું વધુ જાડું થવા દેવાના મતનો હતો. બરફના પોપડાની લગભગ ૨૦ ફૂટ જેટલી જાડાઈ થયા બાદ તે તેને જહાજની બહારની બાજુએ થોડું અંતર રાખીને કાપવા માગતો હતો. બરફની જાડાઈ વધતી જતાં બરફની ચારે તરફની ભીંસ સામે જહાજને સલામત રાખવા રોજેરોજ જામી જતા બરફને નિયમિત રીતે કાપવાનું જરૂરી હતું. જેથી જહાજ આ બરફના પોપડાથી છૂટું પાણી પર તરતું રહી શકે.

બહારના ઠંડા પવનોથી જહાજને રક્ષણ આપી શકે તેવી ૫-૬ ફીટ જાડી બરફની દીવાલ બનાવવી જરૂરી હતી. આવી દીવાલ બહારના ઠંડા પવનોથી રક્ષણ આપવા ઉપરાંત જહાજની અંદરની ગરમીને બહાર ઉત્સર્જિત થતી રોકવામાં પણ મદદરૂપ થાય તેમ હતી. તૂતક ઉપર પણ કૅનવાસના તંબુ ઓઢાડવામાં આવ્યા. એની ઉપર વ્યવસ્થિત રીતે ચામડાં પાથરી તેને સંપૂર્ણપણે ઢાંકી દેવામાં આવ્યું. વચ્ચે માત્ર નાવિકો અવરજવર કરી શકે તેટલી જ જગ્યા છોડવામાં આવી.

વધારાનો પુરવઠો જાળવી રાખવા, જહાજની બહાર બનાવવામાં આવેલી બરફની દીવાલને અડીને બરફનો એક પુરવઠા કક્ષ પણ બાંધવામાં આવ્યો. જહાજના ભંડકિયાનો થોડો સામાન અહીં ખસેડી તેમાં નાવિકો માટે હૂંફાળી અને મોકળાશભરી વ્યવસ્થા કરવાની હતી. નાવિકોની કૅબિનોને છૂટા પાડતા લાકડાનાં પાટિયાં ખસેડી લેતાં ત્યાં એક વિશાળ સળંગ શયનખંડ તૈયાર થઈ ગયો. તાજી હવાની અવરજવર માટે કૅનવાસની જાળી મૂકવામાં આવી. જેને ખોલ્યા વગર જ બહારની સ્વચ્છ હવા નાવિકોને મળી રહેતી હતી.

૨૫મી સપ્ટેમ્બરે શિયાળાની પૂર્વ તૈયારીઓ પૂર્ણ થઈ. એ માટે દરેક નાવિકે તનતોડ મહેનત કરવી પડી. આન્દ્રે વેસ્લિંગ આ તૈયારીમાં ધ્યાન આપવાને બદલે મૅરીની કાળજી રાખવામાં અને તેની સાથે વાતચીતમાં વધુ સમય વ્યસ્ત રહેતો હતો. આન્દ્રેની આવી વર્તણૂક જીન કૉર્નબટના પણ ધ્યાનમાં આવી હતી. આ અંગે પેનેલને પણ અગાઉ તેમનું ધ્યાન દોર્યું હતું. આન્દ્રેની આવી વર્તણૂક તેમ જ ખોવાયેલા નાવિકોને શોધવા માટેના અભિયાન તરફની તેની ઉદાસીનતા, તેના ઈરાદાને સ્પષ્ટ કરતા હતા. આન્દ્રે મૅરીને ચાહતો હતો, પરંતુ મૅરી પોતે લૂઈના પ્રેમમાં હતી. બંનેનાં લગ્ન પણ થવાનાં હતાં, પરંતુ બદલાયેલી પરિસ્થિતિમાં આન્દ્રેની આશા પુનર્જીવિત થઈ હતી. લૂઈ અને તેના સાથીઓ અફાટ બર્ફસ્તાનમાં ઠંડીમાં મૃત્યુ પામ્યા હોય, તો જ તેની આશા ફળવાની હતી. તેઓ આ અભિયાનમાં ન મળે એવું આન્દ્રે મનોમન ઈચ્છતો હતો અને ખરેખર એવું બને તો જ ડનકર્ક પરત ફરી મૅરીનો હાથ લગ્ન માટે જીન કૉર્નબટ પાસે તે માગી શકે તેમ હતો. મૅરી સાથે લગ્ન કરવા માટે માત્ર પ્રેમ કરતાં પણ

કાંઈક વિશેષ બાબત આન્દ્રેના મનમાં રમતી હતી. મૅરી તેનાં માતાપિતા તથા જીન કૉર્નબટની સંપત્તિની હવે એકમાત્ર વારસદાર હતી. મૅરી જોડે પોતાનાં લગ્ન થઈ શકે તો માત્ર મૅરી જ નહીં, પણ જીન કૉર્નબટના મૃત્યુ બાદ તેની સંપત્તિ પણ તેને મળે તેવી ગણતરી હતી. તેની આવી બદદાનતનો ખ્યાલ હવે પેનેલન અને કૉર્નબટ બંનેને આવી ગયો હતો.

આન્દ્રે ઘણી વખત અવિવેકી વર્તન પણ કરતો. ખોવાયેલા નાવિકોને શોધવા માટેના અભિયાનને પણ તે નિરર્થક ગણાવતો હતો. કૉર્નબટ જોડેની વાતમાં લૂઈ વગેરેને હવે મૃત માની લેવા દલીલો કરતો હતો. જ્યારે નાવિકોના સંદેશા કે તેમનાં જીવતાં હોવાની નિશાનીઓ પ્રાપ્ત થતી ત્યારે સ્પષ્ટ રીતે તે નિરાશ થયો હોય તેવું જણાઈ આવતું હતું. નાવિકોની મળેલી નિશાનીઓને તે યોગાનુયોગમાં ખપાવવા હંમેશાં પ્રયત્નશીલ રહેતો. આન્દ્રેના આવા વર્તનને કારણે પેનેલનને પહેલેથી જ તે ગમતો ન હતો, પરંતુ પેનેલનને મુખ્ય ચિંતા એ બાબતે હતી કે આન્દ્રે જહાજના નાવિકો વચ્ચે ફાટફૂટ પડાવી તેઓને વિદ્રોહ કરવા ન પ્રેરે.

સૂર્ય હવે થોડા સમય માટે જ દર્શન આપતો હતો. રાતોની લંબાઈ વધતી જતી હતી. જે ક્રમશઃહજી વધવાની હતી. વાદળછાયા અને અંધારિયા વાતાવરણને કારણે જહાજના નાવિકોમાં નિરાશા વર્તાઈ રહી હતી. પશ્ચિમી ઠંડા પવનોનું જોર પણ વધ્યું હતું. દિવસે ને દિવસે હવે તે વધતું જવાનું હતું. મોટા ભાગનું કાર્ય ચંદ્રની ચાંદની જેવા ઝાંખા પ્રકાશમાં જ કરવું પડતું હતું. હિમવર્ષા પણ અટકવાનું નામ લેતી ન હતી. રાતભર થતી હિમવર્ષાને કારણે જહાજની બહાર બરફના મોટા થર જામી જતાં બરફના આવા થરને દરરોજ એક વાર સાફ કરવાનું જરૂરી હતું. જહાજથી થોડા અંતરે પેનેલને બરફના જાડા પોપડામાં એક મોટું છિદ્ર પાડ્યું. જેના પર દરરોજ જામી જતા બરફના પાતળા પડને તોડીને તેમાંથી સમુદ્રનું પાણી કાઢવામાં આવતું. આવા પાણીનું તાપમાન બાહ્ય તાપમાન કરતાં થોડું ઊંચું રહેતું હતું. જેથી આવા પાણીને ઉપયોગમાં લેવા માટે ગરમ કરવામાં લાકડાં અને કોલસાના વપરાશમાં થોડી બચત થઈ શકે. શિયાળાના લાંબા વસવાટ દરમિયાન અનેક બાબતોમાં આ રીતે કરકસર જરૂરી પણ હતી.

શિયાળાની પ્રાથમિક તૈયારીઓ એકાદ અઠવાડિયાંમાં જ પૂરી થઈ ગઈ હતી, પરંતુ લાંબા સમય માટેની તૈયારીઓ પૂર્ણ થતાં લગભગ ત્રણ અઠવાડિયાં જેટલો સમય વીતી ગયો. એ કામ પૂરું થતાં ખોવાયેલા નાવિકોને શોધવાનો હવે સમય હતો. એ માટે વધુ ને વધુ ઉત્તરમાં જવું પડે તેમ હતું. જહાજ ૬થી ૭ મહિના બરફની વચ્ચે કેદ રહેવાનું હતું. લાંબા શિયાળા બાદ હૂંફાળો ઉનાળો બેસતાં બરફ પીગળે ત્યાર બાદ જ જહાજની વળતી મુસાફરી શરૂ થઈ શકે તેમ હતી. લાંબો અને અતિશય ઠંડો ઉત્તરી શિયાળો તેમણે અહીં જ વિતાવવાનો હતો. એ દરમિયાન જહાજ બરફમાં જકડાઈ

રહેવાનું હતું. એનો આડકતરો ફાયદો એ થવાનો હતો કે ખોવાયેલા નાવિકોને શોધવા માટે તેમની પાસે પૂરતો સમય હતો. તેથી ઉત્તરમાં ખૂબ દૂર સુધી જઈને લૂઈ અને તેના સાથીઓની શોધ ચલાવી શકાય તેમ હતી.



૮

શોધઅભિયાનની પૂર્વયોજના

૯મી ઑક્ટોબરે કૅપ્ટન જીન કૉર્નબટે પોતાના પુત્ર લૂઈને શોધવા માટે અભિયાન શરૂ કરતાં અગાઉ તે અંગેનું આયોજન કરવા જહાજના નાવિકો સાથે વિચારવિમર્શ કર્યો. એ એક જોખમી સાહસ હતું. એમાં દરેકનો સાથસહકાર, ઉત્સાહ તથા હિંમતની કસોટી થાય તેમ હતું. સૌપ્રથમ કૉર્નબટે નકશો ઉઘાડી તેમની સ્થિતિ, તેમના પડાવોના ચોક્કસ સ્થાન વગેરેની વિગત વાર માહિતી સૌને આપી.

કૉર્નબટના જણાવ્યા પ્રમાણે એમણે ગ્રીનલૅન્ડના પૂર્વીય કાંઠા ઉપર, ઉત્તર તરફ સીધા આગળ વધવાનું હતું. એ વિસ્તારમાં અગાઉ આવી ગયેલા સાહસિક સાગરખેડુઓએ, ગ્રીનલૅન્ડના એ સાગરકાંઠાના વાસ્તવિક કહી શકાય તેવા નકશા તૈયાર કર્યા હતા. એ નકશા પ્રમાણે એ લોકો અત્યારે જ્યાં હતા તે સ્થાનથી પશ્ચિમે ગ્રીનલૅન્ડનો કિનારો લગભગ ૫૦૦ લીગ [(III)] દૂર હતો. વચ્ચેના ઉત્તરી સમુદ્રમાં જમીનનો કોઈ ભાગ ન હતો ત્યાં બરફની થીજેલી સપાટી ઉપર આગળ વધવાનું હતું. આખા વિસ્તારમાં ગાયલ-હેમકીસની ખાડીની ઉત્તરે આવેલો એકમાત્ર શેનોન ટાપુ હતો. એ વિસ્તારમાં સમુદ્રમાંથી ઊપસી આવેલા નાના-મોટા જમીનના અનેક ટુકડાઓ હતા અને આવા ભૂમિભાગને જ જ્યુનહાડી જહાજે પોતાનું શિયાળું આશ્રયસ્થાન બનાવ્યું હતું.

નૉર્વેજિયન જહાજ ફ્રુઅર્ન સમુદ્રી તોફાનમાં ઘસડાઈને શેનોન ટાપુ તરફ ગયું હોય તેવી સંભાવનાઓ વધુ હતી, તેથી કૅપ્ટનનો મત હતો કે વધુ ઉત્તર તરફ આગળ વધીને ત્યાં જ લૂઈ અને તેના સાથીઓની શોધ ચલાવવી.

આન્દ્રે વેસ્લિંગે કૅપ્ટન કૉર્નબટના મતનો વિરોધ કર્યો. તેના મતે શેનોન ટાપુની પાસે શોધ ચલાવવાની જરૂર ન હતી.

લૂઈ કૉર્નબટ અને તેના સાથીઓ જો બચવા પામ્યા હોય તો પણ તેઓ ઉત્તરના કાતિલ શિયાળાનો સામનો કરી શકવાના ન હતા, તેથી શિયાળાની કાતિલતા વધે તે પહેલાં જ તેમને બચાવવાની જરૂર હતી. તે બાબત આન્દ્રે વેસ્લિંગ ખૂબ સારી રીતે સમજતો હતો, તેથી તેણે વધુ ઉત્તર તરફ શોધ ચલાવવાની યોજનામાં શક્ય તેટલા વધુ અંતરાયો નાખી, તેને પાછી ઠેલવા માગતો હતો. જેથી લૂઈ અને તેના સાથીઓને બચાવી જ ન શકાય, પરંતુ કૅપ્ટન પોતાનું મંતવ્ય અને યોજના ફેરવવા એકના બે ન થયા.

કૅપ્ટન લૂઈ અને તેના સાથીઓને ઉત્તરમાં શોધવા જવા માટેના પ્રવાસની પૂર્વ તૈયારીઓ ૨૦મી ઑક્ટોબર સુધીમાં આટોપી લેવામાં આવી. હવે આ અભિયાનમાં કોણે જવું, તે જ નક્કી કરવાનું બાકી હતું. કૅપ્ટન, મૅરીને પોતાની કે પેનેલનની દેખરેખ સિવાય અન્ય નાવિક સાથે મૂકવા તૈયાર ન હતા, તો બીજી બાજુ તેઓ બંને માટે આ શોધઅભિયાનમાં સાથે જવું ખૂબ જ જરૂરી હતું.

મૅરીને સાથે લેવામાં મુખ્ય પ્રશ્ન એ હતો કે ઉત્તરના કાતિલ શિયાળા સામે ટકી શકવા તે સક્ષમ હતી કે કેમ ? આવી સફરનો તેને કોઈ અનુભવ ન હતો. આખરે ઘણી વિચારણા બાદ મૅરીને સાથે લેવાનું જ નક્કી કરવામાં આવ્યું. તેને માટે સ્લેજ ઉપર જ એક નાનકડી કૅબિન બનાવવાનું નક્કી થયું. મૅરી પણ તેને સાથે લઈ જવાના નિર્ણયથી અત્યંત ખુશ હતી. તે પણ કૅપ્ટન અને પેનેલનની ગેરહાજરીમાં જહાજ પર અન્ય નાવિકો સાથે એકલી રહેવા માગતી ન હતી.

શોધઅભિયાનમાં જવા માટેની ટુકડી નક્કી કરવામાં આવી. કૅપ્ટન કૉર્નબટ, મૅરી, પેનેલન, આન્દ્રે વેસ્લિંગ, ઓપિક અને ફિડલ મિસોન એમ કુલ છ વ્યક્તિઓએ ઉત્તર તરફ જવાનું હતું. જ્યારે એલાઈન તકિવટે જહાજનો હવાલો સંભાળવાનો હતો. ગુરેવીચ અને ગ્રાડલીનને પણ તકિવટ સાથે જ જહાજ પર રાખવાનું નક્કી કરવામાં આવ્યું. સફર પર નીકળતાં પહેલાં સાથે લઈ જવા માટે પર્યાપ્ત માત્રામાં ખોરાક અને અન્ય જરૂરી સામાન બાંધવામાં આવ્યો. બધી સામગ્રીનું વજન આશરે ૭૦૦ પાઉન્ડ જેટલું થતું હતું. જેને સ્લેજ પર મૅરી માટે બનાવવામાં આવેલી લાકડાની કૅબિન જોડે જ બાંધી દેવામાં આવ્યો. જહાજ પર સાથે લેવાયેલા કૂતરા સરળતાથી આટલો સામાન સ્લેજ સાથે ખેંચી શકે તેમ હતાં. જીન કૉર્નબટ ખૂબ જ દૂર સુધી તપાસ ચલાવવા ઈચ્છતા હતા, આ સફર એ કારણે લંબાવાની સંભાવના હતી. તેથી દર સાત-આઠ દિવસની મુસાફરી પછી પુરવઠાભંડાર ઊભો કરવાનું નક્કી કરવામાં આવ્યું. વળતી સફરે જરૂરી સાધનસામગ્રીની અછત સમયે તેનો ઉપયોગ કરી શકાય અને વધારાનો સામાન છેક સુધી લઈ જવો ન પડે, તે માટે પણ એ જરૂરી હતું.

૨૨મી ઑક્ટોબરે કૅપ્ટન કૉર્નબટની આગાહી મુજબ હવામાનમાં એકાએક ફેરફાર જણાયો. વાતાવરણ ચોખ્ખું બની રહ્યું હતું. તારાઓના પ્રકાશથી આકાશ ઝળહળી રહ્યું હતું. ચંદ્ર પણ પૂર્ણકળાએ ખીલ્યો હતો. ચંદ્રનો આ પ્રકાશ ૧૫ દિવસ સુધી યથાવત્ રહેવાનો હતો, પરંતુ થર્મોમિટરનો પારો દિવસે ને દિવસે વધુ નીચે જઈ રહ્યો હતો. તાપમાન ઘટીને શૂન્ય નીચે ૨૫° સેલ્સિયસ થઈ ગયું. તેના પછીના દિવસે જ ઉત્તર તરફની લાંબી સફર પર નીકળવાનું નક્કી કરવામાં આવ્યું.



(III) **લીગ :** આશરે ત્રણ(૩) માઈલ જેટલું અંતર.

૯

બરફનું ઘર

૨૩મી ઑક્ટોબરે સવારે ૧૧ના સુમારે આકાશમાં ચંદ્ર પૂર્ણકળાએ ખીલ્યો હતો. જીન કૉર્નબટની આગેવાનીમાં સમગ્ર કાફલાએ ઉત્તર તરફ પ્રયાણ કર્યું. સમુદ્રની સપાટી થીજી ને સખત થઈ ગઈ હતી. પ્રવાસીઓનાં પગલાંની છાપ પણ પડતી ન હતી. થોડા થોડા અંતરે કૅપ્ટન ચોક્કસ નિશાનીઓ મૂકતા જતા હતા. રસ્તામાં આવતા નાના ખડકો વગેરે ઉપર પણ પ્રાણીઓના ચામડાની બનાવેલી રુવાંદાર નિશાનીઓ તેઓ બાંધતા, જેથી વળતી સફરે રસ્તાનું માર્ગદર્શન મળી શકે.

૧૫ માઈલ જેટલા સતત પ્રવાસ પછી સૌપ્રથમ પડાવ નાખવાનું નક્કી કરવામાં આવ્યું. પેનેલને ટૂંક સમયમાં જ ચામડાનો તંબૂ બાંધી બધી તૈયારી કરી લીધી. મૅરીને આ ભયંકર ઠંડીની અસર બહુ થઈ ન હતી. તેના માટે સ્લેજ ઉપર બાંધવામાં આવેલી નાની કૅબિનમાં ઠંડીથી શક્ય તેટલું રક્ષણ મળતું હતું. તે પણ ઘણી વખત એમાંથી બહાર આવી થોડી વાર પગપાળા જ અન્ય સાથીઓ સાથે ચાલતી. શરીરના લોહીનું પરિભ્રમણ યોગ્ય રીતે થાય તે માટે આવી શારીરિક કસરત જરૂરી પણ હતી.

રાત્રિના સમયે મૅરી માટે સ્લેજ પર બનાવવામાં આવેલી લાકડાની કૅબિન ઉપર પણ તંબૂ ફેલાવવામાં આવ્યો. ઠંડી સામે મૅરીને એ કારણે વધુ રક્ષણ મળી શકે તેમ હતું. રાત્રિના ભોજનમાં તાજાં માંસ, પૌષ્ટિક પેમિકન અને ઠંડીમાં શરીરને એક નવી જ ચેતના આપી શકે તેવી ગરમ ચાની મજા બધાએ માણી. સ્કર્વિ સામેના રક્ષણ માટે જીન કૉર્નબટે લીંબુનો રસ લેવા પણ દરેકને જણાવ્યું. પગપાળા સફર પર નીકળ્યા પછી આ તેમની પ્રથમ રાત્રિ હતી અને સમગ્ર દિવસની પગપાળા મુસાફરીનો થાક દરેકને વર્તાઈ રહ્યો હતો. ટૂંક સમયમાં જ બધા ગાઢ નિદ્રામાં પોઢી ગયા.

ઠંડીની કાતિલતા કરતાં પણ નાવિકોને ઓપ્થાલમિયા નામનો આંખનો રોગ વધુ સતાવતો હતો. બરફની સફેદ સપાટી ઉપર ચંદ્રનાં કિરણો પડતાં, તેના પ્રકાશના પરાવર્તનથી બરફની સપાટી ખૂબ ચમકતી હતી. આ પ્રકાશના પરાવર્તનને પરિણામે નાવિકોની આંખો અંજાઈ જતી હતી. તેમની આંખોમાં સોજો ચડતો. બળતરા સાથે આંખોમાંથી પાણી નીકળ્યા કરતું હતું. આની સૌથી વધુ અસર ઓપિક અને મિસોનને થઈ. તેમને આંખનો દુખાવો શરૂ થયો. પ્રકાશ પરાવર્તનને કારણે એક જાતનો દૃષ્ટિભ્રમ પણ પેદા થતો હતો. એને કારણે આગળ વધવાનું તેમને માટે ખૂબ મુશ્કેલ બનતું હતું. નાવિકો રસ્તે ચાલતાં કોઈ ખાડો આવે તો તેમને એવો આભાસ થતો

કે તે કોઈ ટેકરો છે. તેના પર ચડવા જતા તેઓ ઘણી વાર ગબડી પણ પડતા. પેનેલન બધાની મજાક ઉડાવતો હતો. કોઈ નાવિકને પડવાથી ગંભીર ઈજા નહોતી થઈ, પરંતુ પેનેલને દરેકને પહેલાં લાકડી વડે આગળની બરફની સપાટીને ચકાસી પછી જ ડગલું ભરવા ચેતવ્યા.

૧લી નવેમ્બરે, દસ દિવસની સતત મુસાફરી પછી કાફલો જહાજના પડાવથી આશરે ૫૦ લીગ જેટલો ઉત્તરે પહોંચી ચૂક્યો હતો. આટલી લાંબી મુસાફરીનો થાક સૌને વર્તાઈ રહ્યો હતો. ઓપ્થાલમિયા હવે વધુ વકર્યો. કૅપ્ટન કૉર્નબટ પણ તેના શિકાર બન્યા. ઓપિક અને મિસોનની સ્થિતિ પણ પહેલાં કરતાં વધુ ખરાબ હતી. મૅરીને આવી કોઈ અસર જણાતી ન હતી. સ્લેજ ઉપર બનાવેલી કૅબિનમાં તે વધુ સુરક્ષિત હતી. પેનેલન પણ બધાં કષ્ટોને સહી શકે તેમ હતો, પરંતુ બધા નાવિકોમાં આન્દ્રે વેસ્લિંગની શક્તિ અભૂતપૂર્વ હતી. અતિ કાતિલ ઠંડી કે અન્ય કોઈ પણ પ્રકારની તકલીફની તેના પર કોઈ અસર થતી ન હતી. તે માનસિક અને શારીરિક રીતે હજુ પણ એટલો જ સ્વસ્થ હતો. અન્ય નાવિકોની ખરાબ સ્થિતિનો તેને ખ્યાલ આવી ગયો હતો. આન્દ્રેના મનમાં એક જ વસ્તુની ઇંતેજારી હતી કે શિયાળાની તકલીફો અસહ્ય બનતાં અન્ય નાવિકો પરત ફરવાની ક્યારે માગણી કરે. આ શોધઅભિયાન બહુ આગળ ચાલે તેમાં તે રાજી ન હતો.

૧લી નવેમ્બરે જ નાવિકોની નાદુરસ્ત તબિયત અને થાકને કારણે એક-બે દિવસનો વિરામ લેવાનું અનિવાર્ય બની ગયું. પડાવ નાખવા માટેની જગ્યા નક્કી કરી, તે માટેની તૈયારીઓ શરૂ કરવામાં આવી. એક નાની ભૂશિરના સહારે બરફનું ઘર બાંધવાનું નક્કી કરવામાં આવ્યું. મિસોનેએ ૨૫ ફૂટ લંબાઈ અને ૮ ફૂટ પહોળાઈની જગ્યાએ બાંધવાના બરફના ઘરની રૂપરેખા દરેકને સમજાવી. પેનેલન, ઓપિક અને મિસોને બરફનાં ચોસલાંઓ કાપીને એક પછી એક મૂકી તેની દીવાલ બનાવવાની શરૂઆત કરી દીધી. બાંધકામમાં વાપરવાનો બરફ ચારેબાજુ વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ હતો. થોડા સમયમાં જ પાંચ ફૂટ જેટલી જાડાઈની બરફની દીવાલના પાયારૂપ બાંધકામ પૂરું કરવામાં આવ્યું ૮ કલાકની સખત મહેનત પછી ઘરની ચારે દીવાલોનું બાંધકામ પૂરું થયું. ઉત્તર તરફથી ફૂંકાતા કાતિલ પવનોથી રક્ષણ મેળવવા ઘરનું પ્રવેશદ્વાર દક્ષિણ તરફ રાખવામાં આવ્યું. ત્યાર બાદ કૅનવાસ વડે સમગ્ર ઘરની દીવાલોને ઢાંકી દેવામાં આવી. માત્ર ઘરનું ઉપરનું છાપરું જ બાંધવાનું બાકી હતું. બીજા ત્રણ કલાકની વધુ મહેનત બાદ આ બરફનું ઘર બાંધવાનું કાર્ય સંપૂર્ણપણે પૂરું થયું.

બરફના ઘરના બાંધકામમાં સખત મહેનતને પરિણામે બધા જ નાવિકો થાક્યા હતા. ઘણાની તબિયત પહેલેથી જ નાદુરસ્ત હતી. તેમાં કૅપ્ટન કૉર્નબટની તબિયત સૌથી વધુ ખરાબ હતી. તેઓ ચાલી પણ શકતા ન હતા. તેમાં આન્દ્રેએ તેમને

આ શોધઅભિયાનને વધુ આગળ ન ચલાવવાની વિનંતી કરી તેમને માનસિક રીતે વધુ ઠેસ પહોંચાડી. આન્દ્રેના મંતવ્ય મુજબ હવે ખોવાયેલા નાવિકોની મળવાની કોઈ સંભાવના ન હતી. અન્ય સાથીઓની ખરાબ તબિયતનું કારણ આગળ ધરીને તેણે કૅપ્ટનને પરત ફરવા સમજાવ્યા. કૅપ્ટન પર આન્દ્રેના આ પ્રકારના દબાણની જાણ પેનેલનને ન હતી.

છેવટે શોધઅભિયાનને અહીં જ અટકાવી પરત ફરવાનો નિર્ણય લઈ લેવામાં આવ્યો. વળતી મુસાફરી તત્કાળ શરૂ કરવા મોટા ભાગના નાવિકો તૈયાર ન હતા, તેથી બે-ત્રણ દિવસ અહીં જ આરામ કરી લેવાનું નક્કી કરવામાં આવ્યું. ૪થી નવેમ્બરે વધારાનો ખોરાક અને અન્ય સામાન ત્યાં જ બરફમાં દાટી દેવામાં આવ્યો અને કૅપ્ટને નિશાનીરૂપ ચિહ્ન ત્યાં બનાવ્યું, જેથી ફરી પાછું બીજું શોધ અભિયાન ચલાવવામાં આવે તો આ નિશાનીને આધારે આગળ વધી શકાય. આ ઉપરાંત એમના માર્ગમાં આવતાં સ્થળોએ ખોરાક વગેરેનો પુરવઠો, બરફમાં નીચે સંતાડતા જ હતા અને એવા દરેક સ્થળે નિશાનીઓ પણ મૂકી હતી. ચાલુ સફરમાં આ વધેલા સામાનની તેઓને જરૂર ન હતી. તેમ જ વધારાનો સામાન બરફમાં એ રીતે દાટી દેવાથી સ્લેજ ઉપર પણ ઘણી જગ્યા ફાજલ રહેવાની હતી. જેથી વળતી મુસાફરી દરમિયાન જે નાવિકોની તબિયત વધુ બગડે તેમને સ્લેજ ઉપર સરળતાથી લઈ જઈ શકાય.

પરત ફરવાના નિર્ણયથી અને અભિયાનની નિષ્ફળતાથી સમગ્ર કાફલામાં નિરાશા ફેલાઈ ગઈ. સૌથી વધુ દુખ કૅપ્ટન અને મૅરીને હતું. કૅપ્ટનની આ સ્થિતિ મૅરીથી જોઈ શકાતી ન હતી. તેની આંખમાં આંસુ આવી ગયાં. પેનેલન અને મૅરીની પરત ફરવાની ઈચ્છા ન હતી. તેઓ હજુ વધુ આગળ શોધ ચલાવવા ઈચ્છતાં હતાં. પોતાના પ્રેમી લૂઈને શોધવા મૅરી ગમે તેવાં કષ્ટો વેઠવા અને ગમે ત્યાં જવા તૈયાર હતી. પેનેલને પણ નાવિકોને સમજાવી અભિયાનમાં આગળ વધવા હાકલ કરી, પરંતુ તેનું કોઈ પરિણામ આવ્યું નહીં. વળતી સફર બીજા દિવસે એટલે કે ૫મી નવેમ્બરની સવારે ૧૦ વાગે શરૂ કરવાનું નક્કી કરવામાં આવ્યું.

શોધઅભિયાનને અહીં જ અટકાવી પરત ફરવાના નિર્ણયથી સૌથી વધુ આનંદ આન્દ્રે વેસ્લિંગને થયો. તે તો પહેલેથી જ એવું ઈચ્છતો હતો. આ અભિયાનની નિષ્ફળતામાં તેને પોતાનો પરોક્ષ વિજય દેખાઈ રહ્યો હતો. તેને હવે ખાતરી થઈ ગઈ હતી કે કૅપ્ટન લૂઈ અને તેના સાથીઓને શોધી નહીં શકાય. બીજું શોધઅભિયાન ચલાવવામાં આવે તો તે પણ શિયાળો પૂરો થાય તે પહેલાં શક્ય બનવાનું ન હતું. જ્યારે લૂઈ અને તેના સાથીઓ ખોરાકના અભાવે આવી કાતિલ ઠંડીમાં આખો શિયાળો કાઢી શકે તેમ ન હતા, એ બાબત તે ખૂબ સારી રીતે જાણતો હતો. આમ, આન્દ્રેને મૅરી સાથેના તેનાં લગ્નનો માર્ગ મોકળો થતો દેખાઈ રહ્યો હતો.

❐

૧૦

જીવતેજીવ દફન

પરત ફરવાની આગલી રાત્રે દરેક વ્યક્તિ ભોજન કરી આરામ કરતી હતી. પેનેલને ખાલી થયેલા લાકડાનાં પીપ તોડી તેના ટુકડા એકઠા કર્યા. જેનો ઉપયોગ ઠંડી સામે રક્ષણ મેળવવા તાપણાના બળતણ તરીકે કરી શકાય તેમ હતું. ચારેતરફ ધુમ્મસ ફેલાઈ ગયું. અચાનક એક ભૂકંપનો ઝટકો લાગ્યો હોય તેમ આખું બરફનું ઘર દરુજી ઊઠ્યું. બધા નાવિકો ભયભીત થઈ ગયા. બહાર શું બન્યું છે તે તપાસ માટે પેનેલન ઝડપથી ગયો.

બહાર અંધકાર હતો. વાતાવરણે પલટો લીધો હતો. કાતિલ પવનો વધવા સાથે બરફનું ભયંકર વાવાઝોડું શરૂ થયું. ઠંડી પણ વધી રહી હતી. થોડી જ ક્ષણોમાં પેનેલનને લાગ્યું કે ઠંડીના લીધે તેના હાથ બરફ બની રહ્યા હતા...! તે ઝડપથી બરફના ઘરમાં પાછો ધસી આવ્યો.

ગરમી મેળવવા પેનેલન પોતાના હાથ ઘસવા લાગ્યો. તેણે કૅપ્ટન સામે જોઈ કહ્યું.

‘‘બહાર બરફનું ભયંકર તોફાન આવ્યું છે. બહાર જઈ શકાય તેવી કોઈ સંભાવના નથી. મને શંકા છે કે તોફાનની તીવ્રતા આપણા બનાવેલા આ બરફના આશ્રયસ્થાનને પણ જમીનદોસ્ત કરી નાખશે. એવું બને તો આપણે બધા અહીં જ જીવતા દફન થઈ જઈશું...!’’

તે જ ઘડીએ પવનના જોરદાર સુસવાટાની સાથે બરફની સપાટીની નીચેથી અથડામણના અવાજો આવવા માંડ્યા. દરિયા તરફ લંબાયેલી ભૂશિરની ઊંચી અણી ઉપર જામેલા બરફના થરના થર નીચે ગબડવા લાગ્યા. એક વાર શરૂ થયેલી એ ઘટનાની ત્યાર બાદ શૃંખલા શરૂ થઈ. બરફની મોટી મોટી શિલાઓ ગબડી એકબીજા સાથે અથડાઈ રહી હોય તેવા અવાજો આવી રહ્યા હતા. આવી કોઈ ભાંગેલી શિલા આ બરફના ઘર સાથે અથડાઈ તેનો નાશ કરે તેવી સંભાવના નકારી શકાય તેમ ન હતી. બરફના આવા તોફાનની વચ્ચે ભેદી પ્રકાશના શેરડા નીકળવા લાગ્યા. વાતાવરણમાં આવેલા આવા ચિત્રવિચિત્ર બદલાવથી ટુકડીના દરેક સભ્યના જીવ તાળવે ચોંટી ગયા.

‘‘મૅરી !’’ પેનેલને જોરથી બૂમ પાડી.

મૅરી ગભરાઈ ગઈ હતી. પેનેલને તેની પાસે જઈ તેનો હાથ પકડી લીધો.

''આપણે બહુ મોટી મુશ્કેલીમાં મુકાઇ ગયા છીએ.'' મિસોને કહ્યું.

''હા, જો આપણે આ ઘર નહી છોડીએ તો આપણે અહી જ દટાઈ મરીશું.'' ઓપિક બોલ્યો.

આન્દ્રેએ ઓપિકની સાથે સહમત થતાં કહ્યું, ''બને તેટલું જલદી આપણે આ આવાસનો ત્યાગ કરવો જોઈએ.''

''અશક્ય...! બહાર ઠંડી એટલી છે કે બહાર નીકળતાં જ આપણે બરફ બની જઈશું. બહારની કાતિલ ઠંડીથી બચવાનો એક જ ઉપાય છે, અહી રહી ઈશ્વરને પ્રાર્થના કરવાનો...!'' પેનેલન બોલ્યો.

''મને થર્મોમિટર આપ...'' આન્દ્રેએ કહ્યું.

ઓપિકે થર્મોમિટર આન્દ્રેને આપ્યું. બરફના ઘરમાં ગરમી માટે અગ્નિ પેટાવવા આવ્યો હતો, તેમ છતાં આંતરિક તાપમાન શૂન્ય નીચે ૧૦° સૅન્ટિગ્રેડ હતું.

બરફની દીવાલ ઉપર ઓઢાડેલા કૅનવાસનો એક ભાગ સહેજ ઊંચો કરી આન્દ્રેએ પોતાનો હાથ બહાર કાઢ્યો, પરંતુ પડી રહેલા બરફ અને ફૂંકાઈ રહેલા પવનમાં તે ઠરીને જૂઠો બની જાય તે પહેલાં ઝડપથી તેણે હાથ ઝૂંપડીની અંદર ખેંચી લીધો.

''આન્દ્રે, બહાર કરતાં આપણે અહી વધુ સુરક્ષિત છીએ.'' પેનેલન બોલ્યો.

''પેનેલનની વાત સાચી છે. આપણે અંદર રહીને જ ઘરને શક્ય હોય તે રીતે બચાવવા પ્રયત્ન કરવા જોઈએ. કંઈ નહી તો આપણે અંદર આ ઠંડીથી તો સુરક્ષિત છીએ.'' કૅપ્ટને કહ્યું.

''પરંતુ હજી તેનાથી પણ મોટી એક મુસીબત આવવાની બાકી છે.'' આન્દ્રે બોલ્યો.

''શું ? આનાથી મોટી મુશ્કેલી હજી કઈ બાકી છે ?!'' કૅપ્ટને પૂછ્યું.

''આપણે આ ઘર જે મોટી હિમશિલાના આધારે ઊભું કર્યું છે. તેને આ વાવાઝોડું તોડી રહ્યું છે. તેનો નાશ થતાં આ ઘર નહી બચી શકે. આપણે આ ઘર જમીનદોસ્ત બનતાં જીવતાં દટાઈ મરીશું.'' આન્દ્રેએ ચિંતા વ્યક્ત કરતાં કહ્યું.

''મને નથી લાગતું કે આ મોટી હિમશિલાને કોઈ ગંભીર નુકસાન થઈ શકે. તે બરફની સપાટી પર સખત રીતે જોડાઈ ગયેલી છે. આપણે અહી જ વધુ સુરક્ષિત છીએ. બહાર તાપમાન કેટલું છે તે જરા માપી જોઈએ.'' પેનેલને કહ્યું.

પેનેલને પણ આન્દ્રેની જેમ છત ઉપરનું કૅનવાસ ઊંચું કરી બહાર હાથ કાઢી થર્મોમિટર બહાર મૂક્યું. થોડા સમય બાદ થર્મોમિટર અંદર લઈ તેનો પારો જોવા અજવાળાં પાસે લઈ જઈ જોયું. પારો શૂન્ય નીચે ૩૨° સૅન્ટિગ્રેડ તાપમાન ૦ બતાવતો હતો...!!

''આ અત્યાર સુધી આપણે અનુભવેલું સૌથી નીચું તાપમાન છે...! આટલા તાપમાનમાં થોડી જ મિનિટમાં માણસ બરફ બની જાય.''

''તાપમાનમાં ૧૦° જેટલો બીજો ઘટાડો થશે તો પારો પણ થીજી જશે...!'' આન્દ્રે બોલ્યો.

બહારના તાપમાન અને સ્થિતિનો આ ચિતાર જોઈ સમગ્ર ટુકડીમાં ડર અને નિરાશાની લાગણી પ્રસરી ગઈ. કોઈ હવે એક પણ શબ્દ ઉચ્ચારતું ન હતું. આખી રાત ભયના ઓથાર તળે પસાર થઈ.

બીજા દિવસે સવારે ૮ વાગે ફરી બહાર જઈ તાપમાન અને તોફાનની તીવ્રતાનો ચિતાર મેળવવાનું નક્કી થયું. આમ પણ આખી રાત બહારની સ્વચ્છ હવાની અવરજવર થતી ન હોવાને કારણે બધા ગૂંગળામણ અનુભવતા હતા. અંદરનો ધુમાડો બહાર નીકળે તે જરૂરી હતું. પેનેલને પોતાના હાથ ચામડાનાં મોજાંથી બરાબર ઢાંકી દીધા. મોઢા પર સ્કાર્ફ બાંધ્યો. અતિશય ઠંડીમાં બહાર જવાથી હિમડંખ લાગવાનો પણ ભય હતો. આવો હિમડંખ હાથે કે પગે લાગ્યા બાદ તે અંગનો વાઢકાપ સિવાય અન્ય કોઈ ઉપચાર ન હતો. પેનેલને તે માટેની સાવચેતી અગાઉથી રાખી હતી. ઘરના પ્રવેશદ્વાર ઉપર ઢાંકેલું કૅનવાસ ખસેડવા તેણે પ્રયત્ન કર્યો.

ઘરનું મુખ આખી રાતની પુષ્કળ હિમવર્ષાને કારણે બંધ થઈ ગયું હતું. પેનેલને પોતાના હાથમાંની લાકડીથી ઠોકી બરફના પડને તોડવા પ્રયત્ન કર્યા, પરંતુ આખી રાત પડેલા કરાં જામીને સખત થઈ ગયાં હતાં. આ એક નવી મુસીબત હતી.

''કૅપ્ટન કૉર્નબટ !'' પેનેલને કૅપ્ટનને બોલાવતાં કહ્યું, ''આપણે બરફના થરની નીચે બધી બાજુએથી કેદ થઈ ગયા છીએ !''

''શું ? તું શું કહેવા માગે છે ?!'' કૅપ્ટને આશ્ચર્યથી પૂછ્યું.

''આપણા આ બરફના ઘરની ઉપર અને ચારેબાજુ આખી રાત થયેલી હિમવર્ષાનો બધો જ બરફ જામી ગયો છે. બધી બાજુએ જામી ગયેલા બરફની અંદર આપણે ફસાયા છીએ.'' પેનેલન કૅપ્ટન સમક્ષ જોઈ બોલ્યો.

''આપણે બરફને તોડીને રસ્તો ખોલવાનો પ્રયત્ન કરવો જોઈએ.'' કૅપ્ટને કહ્યું.

બંનેએ ઘરના મુખ આગળ જામેલા બરફના પડને તોડી રસ્તો ખોલવાનો પ્રયત્ન કરી જોયો, પરંતુ તેમાં ખાસ પ્રગતિ થઈ શકી નહીં. રાતભર થયેલી હિમવર્ષાને કારણે એમના ઘરની ચારેબાજુ લગભગ ૫ ફૂટ જેટલો જાડો થર થઈ ગયો હતો. આ થર જામીને દીવાલ જેવો સખત બની ગયો હતો. જીન કૉર્નબટ અને પેનેલનની આ જહેમતને પરિણામે આન્દ્રે અને મિસોન પણ જાગી ગયા. બંનેને પણ પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો. આન્દ્રે ખૂબ ગુસ્સામાં હતો. ગુસ્સામાં ને ગુસ્સામાં તે અપશબ્દો બોલવા લાગ્યો. એમના એ હિમકક્ષની અંદર ઘેરો ધુમાડો છવાઈ ગયો હતો. એને કારણે અંદર સ્પષ્ટપણે જોઈ પણ શકાતું ન હતું.

‘‘હવે અહીં આ બીજી ઉપાધિ...!’’ મિસોને બૂમ પાડતાં કહ્યું, ‘‘ચૂલાની પાઈપ ઉપર પણ બરફ જામી ગયો છે...!’’

ખૂબ જ ધુમાડો ફેલાવી રહેલા ચૂલાની જ્યોત ઉપર પેનેલને બરફનો એક ટુકડો નાખી તેને બુઝાવી નાખ્યો. તેના પરિણામે ઉદ્‌ભવેલા ધુમાડામાં પ્રકાશ ફેલાવતો દીવો પણ દેખાતો ન હતો. પોતાની પાસેનો ભાલા જેવો સળિયો પ્રવેશદ્વાર પાસેના એક નાના છિદ્રમાં નાખી તેને બરફની દીવાલમાં ઊંડે સુધી ધકેલવા પ્રયત્ન કરી જોયો, પણ એ પ્રયત્ન નિરર્થક હતો. બરફનો થર એટલો જાડો હતો કે તેને સળિયાથી તોડવો શક્ય ન હતો. હવાની અવરજવર તદ્દન અટકી ગઈ હતી, અંદર ઘેરાયેલા ધુમાડાથી દરેકની આંખમાં બળતરા થઈ રહી હતી.

મૅરી પણ જાગી ગઈ. કૉર્નબટ એની બાબતમાં જ વધુ ચિંતિત અને નિરાશ હતા. પેનેલને તેમને હિંમત રાખવા સમજાવ્યા. પેનેલન મનોમન બોલી રહ્યો હતો કે મૅરીને કોઈ પણ ભોગે આવા ત્રાસદાયક મૃત્યુથી તે બચાવશે.

‘‘ઓહ ! તમે તાપણામાં બહુ વધુ લાકડાં નાખ્યાં લાગે છે. આખો રૂમ ધુમાડાથી ભરાઈ ગયો છે !’’ મૅરી ઊઠતાંની સાથે બોલી.

‘‘હા...હા...’’ પેનેલને અચકાતાં અચકાતાં કહ્યું. મૅરીને પરિસ્થિતિનો સંપૂર્ણ ખ્યાલ હજી આવ્યો ન હતો.

‘‘બહુ ધુમાડો છે આ રૂમમાં... જોકે હૂંફ સારી છે. રાહત લાગે છે !’’ મૅરીએ જણાવ્યું.

મૅરીને વાસ્તવિક હકીકત કહેવાની હિંમત કોઈનામાં ન હતી કે ખરેખર તેઓ કેવી મુશ્કેલીમાં મુકાયા હતા.

‘‘મૅરી !’’ કોઈ પણ પ્રકારના હાવભાવ વગર પેનેલને કહ્યું, ‘‘ઝડપથી સવારનો નાસ્તો તૈયાર કરવામાં અમને મદદ કર ! બહાર ઠંડી ખૂબ વધુ છે. આપણથી હમણાં બહાર નીકળી શકાય તેમ નથી. આપણે પહેલાં નાસ્તો કરી લેવો જોઈએ.

રાંધવાનાં વાસણ, સ્પિરિટ અને કૉફી પણ અહીં જ છે. ચાલો બધા... પહેલાં આપણે આ પેમિકન ખાવાં જોઈએ... અસહ્ય ઠંડીમાં ટકી રહેવા માટે પેમિકન ખાવું ખૂબ જરૂરી છે.''

આવી મુશ્કેલ પરિસ્થિતિમાં પણ પેનેલને જાળવી રાખેલી ધીરજ અને હિંમત જોઈને તેના અન્ય સાથીઓમાં પણ હિંમત આવી.

''ચાલો, ઝડપથી નાસ્તો કરી લઈએ. વળતી સફર શરૂ કરવામાં વિલંબ થઈ રહ્યો છે !'' પેનેલન ફરી સહજતાથી બોલ્યો.

પેનેલન સહિત દરેક વ્યક્તિએ નાસ્તાને ન્યાય આપ્યો. નાસ્તા બાદ દરેકે એક કપ ગરમ કૉફી પીધી. ગરમમાગરમ કૉફીને કારણે તેમનામાં નવી જ સ્ફૂર્તિનો સંચાર થયો. આવી પડેલી આફતમાંથી કેવી રીતે ઊગરવું તે માટે કૅપ્ટને ચોક્કસ યોજના ઘડી અને તે મુજબ આગળ વધવા જણાવ્યું.

આન્દ્રે હવે બોલ્યો, ''બહાર હજી પણ બરફનું તોફાન ચાલુ જ લાગે છે. આપણા આ ઘર પર ઓછામાં ઓછો ૧૦ ફૂટ જાડો બરફનો થર જામી ગયો લાગે છે. બહારનો અવાજ પણ એ જ કારણે આપણા સુધી પહોંચતો નથી.''

પેનેલને મૅરી તરફ જોયું. તેને પણ હવે સ્થિતિની ગંભીરતાનો ખ્યાલ આવી ગયો હતો. છતાં આવી સ્થિતિમાં તે હિંમત ગુમાવે તેવી ન હતી. પેનેલન ઉત્તેજિત થઈ ઊભો થયો. સૌપ્રથમ સળિયાથી ઘરની ચારે દીવાલોને ઠોકીને દીવાલની જાડાઈનો અને તેમાંથી સળિયો ઘુસાડીને છિદ્ર પાડી શકાય તેમ હોય તો તેનો ખ્યાલ મેળવવા પ્રયત્ન કર્યો, પરંતુ બહાર નીકળવા માટે રસ્તો ખોદી શકાય તેવું છિદ્ર દેખાયું નહીં. છેવટે કૅપ્ટન કૉર્નબટે કોઈ પણ એક તરફની દીવાલમાં બાકોરું પાડી તેમાંથી બહાર નીકળવાનો રસ્તો કાઢવાનું નક્કી કર્યું. ચારે બાજુની દીવાલનો જામેલો બરફ પથ્થર જેટલો જ સખત હતો. ઘણું ઠોકવા છતાં તેમાં મોટાં ગાબડાં પડતાં ન હતાં. નાના ટુકડા ખરી પડતા હતા. એ ટુકડાઓને કારણે ખોદકામમાં પણ તકલીફ થતી હતી. બધા નાવિકોની બે કલાકની સખત મહેનત પછી તેઓ દીવાલમાં ૩ ફૂટ જેટલું ઊંડું માંડ ખોદી શક્યા હતા.

દીવાલ ખોદવામાં થયેલું કામકાજ આ ઝડપે સંતોષકારક પરિણામ આપી શકે તેમ ન હતું, તેથી વધુ ઝડપથી ખોદકામ કરી બાકોરું પાડવા કોઈ અન્ય યુક્તિ અજમાવવી જરૂરી હતી. પેનેલને ખોદકામની દિશામાં ઝડપથી આગળ વધવા એક જોખમી યુક્તિ અજમાવી. ખાવાનું બનાવવા વપરાતી સ્પિરિટથી ચાલતી સગડી વડે તેણે બરફ ઓગાળવાનું શરૂ કર્યું, પરંતુ જો તેઓને લાંબો સમય આ કેદખાનામાં રહેવાનું આવે તો આ યુક્તિથી મોટી મુશ્કેલી ઊભી થઈ શકે તેમ હતી. તેમની પાસે બળતણ માટે વપરાતા સ્પિરિટનો જથ્થો મર્યાદિત હતો. બરફ ઓગાળવાના કામમાં તેને વાપરી

નાખવામાં આવે તો ખોરાક બનાવવામાં તેની અછત ઊભી થાય તેમ હતું. તેમ છતાં બધા જ નાવિકોએ પેનેલનની આ યુક્તિને વધાવી લીધી. તે મુજબ ઝડપથી દીવાલમાં બાકોરું પાડવાના કાર્યને આગળ વધારવામાં આવ્યું. તેમણે દીવાલના બરફને ઓગાળતાં, એકઠાં થતાં પાણી માટે જમીન પર એક ફૂટ પહોળો અને ત્રણ ફૂટ ઊંડો ખાડો પણ ખોદ્યો. જેથી ઓગળીને એકઠું થતું પાણી દીવાલની જગ્યા પર જ જામી નવી મુશ્કેલી ન સર્જે. બાકોરામાં પેનેલન અંદર ઘૂસી બરફ ઓગાળવા પ્રયત્ન કરતો હતો, પરંતુ ઓગળેલા બરફનું પાણી પેનેલનનાં કપડાં પર પડતું હતું. આવી ઠંડીમાં ભીનાં કપડાં સાથે લાંબો સમય કામ કરી શકાય તેમ ન હતું. પેનેલને લગભગ પોણો કલાક સુધી આ કાર્ય કર્યું, પરંતુ ત્યાર બાદ પોતાનાં કપડાં સૂકવવા માટે ખોદેલી બખોલમાંથી તેણે બહાર આવવું પડયું. પેનેલનનું સ્થાન હવે મિસોને લીધું. પહેલાં કરતાં કામ હવે વધુ ઝડપથી થઈ રહ્યું હતું.

બીજા બે કલાકની સખત મહેનત બાદ બાકોરું ૫ ફૂટ જેટલું ઊંડું થઈ શક્યું, પરંતુ હજી પણ તેમાં લાકડી દ્વારા ઠોકી ચકાસતાં માર્ગ ખૂલતો હોય તેવું લાગ્યું નહીં. આખી દીવાલ અને જામેલો બરફનો થર કેટલો જાડો છે તેનો કોઈ અંદાજ આવતો ન હતો.

કૅપ્ટન કૉર્નબટ કંટાળીને બોલ્યા.

‘‘શક્ય છે કે પવનની દિશા આ તરફની હોય જેથી હિમવર્ષામાં પડેલો બધો બરફ ઘસડાઈને આ તરફ જ એકત્ર થતો હોય અને જો એવું હશે તો આપણે ગમે તેટલી ઝડપે ખોદકામ કરતાં રહીશું, છતાં આપણને સફળતા નહી મળે, તેથી આપણે બીજી દીવાલમાં ખોદી તેમાં બાકોરું પાડવા પ્રયત્ન કરવો જોઈએ. કદાચ તે તરફ દીવાલની જાડાઈ ઓછી હોય અને આપણે બહાર નીકળવામાં સફળ રહીએ.’’

‘‘એ બાબતમાં હું કંઈ કહી શકું તેમ નથી, પરંતુ આટલી મહેનત પછી આપણે આ દિશામાં ખોદકામ અટકાવી અન્ય તરફ ખોદવા પ્રયત્ન કરીશું તો આપણા સાથીઓ નિરુત્સાહી થઈ જશે અને હિંમત હારી જશે. આપણે તેઓનો ઉત્સાહ ટકાવી રાખવા માટે પણ જે દિશામાં સૌપ્રથમ ખોદકામ શરૂ કર્યું, તે જ દિશામાં આગળ કામ ચાલુ રાખવું જોઈએ. મને આશા છે કે વહેલાંમોડાં આપણે બહાર નીકળવામાં સફળ રહીશું.’’ પેનેલને કૅપ્ટનને કહ્યું.

‘‘પરંતુ સ્પિરિટનો જથ્થો હવે ખૂબ ઓછો રહ્યો છે.’’ કૅપ્ટને ચિંતા વ્યક્ત કરતાં કહ્યું.

‘‘મને નથી લાગતું કે સ્પિરિટનો જથ્થો ઘટે. તેમ છતાં પણ જો એવું બનશે તો હું ગરમ કૉફી કે અન્ય ગરમ પીણાંનો ત્યાગ કરવાનું વધુ પસંદ કરીશ. મને તેના કરતાં અત્યારે ચાલી રહેલા ખોદકામનું મહત્ત્વ વધારે લાગે છે.’’ પેનેલને કહ્યું.

“પેનેલન, આ શું થઈ રહ્યું છે ?!”

“આપણો પ્રકાશ આપતો દીવો હવે બુઝાવાની અણી પર છે. તેમાં તેલ પૂરું થવા આવ્યું છે. આપણે આપણું કાર્ય ઝડપથી પૂરું કરવું જોઇએ.” પેનેલન દીવા તરફ જોઈ બોલ્યો.

પેનેલને વધુ એક ફૂટ જેટલું બાકોરું ખોદી નાખ્યું. લગભગ રાત થવા આવી હતી. આખા દિવસની સખત મહેનતને કારણે હવે બધા થાકી ગયા હતા. આરામ કરવો જરૂરી હતો. પેનેલનના અન્ય સાથીઓ તો સૂઈ ગયા હતા. પેનેલન પણ હવે તેના સાથીઓની બાજુમાં આવીને સૂઈ ગયો.



૧૧

ધુમ્મસેર

બીજા દિવસે સવારે નાવિકો જાગ્યા ત્યારે બરફના ઘરમાં સંપૂર્ણ અંધકાર છવાયેલો હતો. તેલના અભાવે દીવો બુઝાઈ ગયો હતો. કૉર્નબટે ઊઠીને પેનેલન પાસેથી દીવાસળીની પેટીની માગણી કરી. પેનેલને દીવાસળી સળગાવી ઊભા થવા પ્રયત્ન કર્યો, ત્યાં તેનું માથું જોરથી છત સાથે અથડાયું. માથામાં વાગવાને અને બરફના ઘરની આંતરિક સ્થિતિને કારણે તેને આઘાત લાગ્યો. ગઈ કાલ સાંજ કરતાં બરફના ઘરની છત એક ફૂટ જેટલી નીચી આવી ગઈ હતી, એટલે કે એક ફૂટ જેટલો બરફનો થર વધુ જામી ગયો હતો. બહાર નીકળવાનો કોઈ માર્ગ પણ ખૂલતો દેખાતો ન હતો. ત્યાં એક નવી મુસીબત આવી પડી હતી. આગળના દિવસે સાંજ સુધી તે સરળતાથી ઊભો થઈ ઘરમાં ફરી શકતો હતો. આંતરિક સ્થિતિની ગંભીરતા જાણ્યા બાદ પેનેલન નિરાશ થઈ ગયો હતો, પરંતુ તેમાં સમય બગાડવો પાલવે તેમ ન હતું. તે પોતાના કાર્યમાં ફરી જોડાઈ ગયો.

બરફને ઓગાળવા માટેની સગડીના આછા પ્રકાશમાં મૅરીએ પેનેલનનો ચહેરો જોયો. તેના મુખ પર નિરાશા અને દુખનું મોજું ફેલાયેલું હતું. તે પેનેલન પાસે ગઈ. તેનો હાથ પોતાના હાથમાં લઈ એક પણ શબ્દ ઉચ્ચાર્યા વિના હાથ દબાવી તેને આશ્વાસન આપવા પ્રયત્ન કર્યો.

''મૅરી ! આમ દર્દનાક સ્થિતિમાં તો હું તને નહી જ મરવા દઉં !'' પેનેલન મનમાં ને મનમાં બબડી ઊઠ્યો.

પેનેલને ઝડપથી સગડી ઉપાડી અને આગલા દિવસના અધૂરા કામમાં લાગી પડ્યો. આગલા દિવસે ખોદાયેલા બાકોરામાં, થોડું ખોદ્યા બાદ તેની પાસેનો લોખંડનો સળિયો બરફમાં ઘુસાડી જાડાઈનું અનુમાન મેળવવા પ્રયત્ન કર્યો. શરૂમાં સળિયા ઉપર વધુ દબાણ આપવું પડ્યું, પરંતુ ત્યાર બાદ એના આનંદાશ્ચર્ય વચ્ચે સળિયો સરળતાથી બરફના પોચા સ્તરને ભેદીને બહાર નીકળી ગયો. સળિયો પાછો સરળતાથી ખેંચી શકાયો. એ સ્થળે પડેલા છિદ્રમાંથી બહારનો ધૂંધળો પ્રકાશ અંદર આવ્યો.

''મિત્રો ! ઝડપથી અહીં આવો.'' પેનેલને ઉત્સાહમાં બૂમ પાડી.

પેનેલને બોગદામાં પડેલો બરફ ખસેડવા પ્રયત્ન કર્યો. નાનું છિદ્ર સહેલાઈથી મોટું બાકોરું બની શક્યું. બહારનો પ્રકાશ અંદર ઊંડે સુધી હવે પહોંચી

શકતો હતો. સાથેસાથે ઠંડીની એક લહેર પણ આખા ઘરમાં ફરી વળી. બહારનું તાપમાન હજુ પણ ખૂબ જ નીચું હતું. પેનેલને નાના બાકોરાંને ખોદીને વધુ ને વધુ મોટું કરવા માંડ્યું. ઘૂંટણિયે પડીને માણસ આખેઆખો એમાંથી બહાર નીકળી શકે એટલું મોટું એ બોગદું બની ગયું. પ્રથમ પેનેલન બહાર નીકળ્યો. બહારની તાજી હવાનો એણે અનુભવ કર્યો. પેનેલને ઘૂંટણિયે પડીને જ ઈશ્વરનો આભાર માન્યો. સંભવિત મૃત્યુમાંથી દરેકનો ઉગાર હવે શક્ય બન્યો હતો. મૅરી તથા અન્ય નાવિકોએ પણ ઈશ્વરને પ્રાર્થના કરી આભાર માન્યો.

બરફના ઘરની અંધારી ગુફામાં ઘેરાઈ ગયેલા સૌ બહાર ખુલ્લામાં આવ્યા. ચંદ્રનો પ્રકાશ ચારેતરફ ફેલાયેલો હતો. બહાર ઠંડીની માત્રા ખૂબ વધુ હતી. લાંબો સમય તેમાં ટકી શકાય તેમ ન હતું. ટૂંકા ગાળામાં જ ઘરમાં બધાં પાછાં જતાં રહ્યાં. પેનેલન બહાર જ હતો અને ચારેતરફ નજર નાખી નિરીક્ષણ કરી રહ્યો હતો. તેણે જોયું કે જે મોટી શિલાના આધાર અને રક્ષણ હેઠળ બરફનું ઘર બાંધવામાં આવ્યું હતું, તે શિલા હવે રહી ન હતી. ચારેતરફ અફાટ ફેલાયેલા બરફના રણમાં બરફનું ઘર એકલું ઊભું હતું. સતત ચાલેલા વાવાઝોડાંમાં અગાઉની એ હિમટેકરી નાશ પામી હતી, છતાં એની આડશમાં ઊભેલું બરફનું ઘર એને કારણે બચી ગયું હતું. જરૂરી સામાન માટે પેનેલને સ્લેજ પાસે જવાનું નક્કી કર્યું. સ્પિરિટનો જથ્થો તેમ જ અન્ય સામાન સ્લેજ ઉપર બાંધવામાં આવ્યો હતો, પરંતુ સ્લેજ ગાડી અને કૂતરાઓને જ્યાં રાખવામાં આવ્યા હતા ત્યાં તે જણાયા નહી. તેની સાથે બાંધેલા કૂતરાઓનો પણ કોઈ પત્તો ન હતો. સ્લેજનું આવી સ્થિતિમાં ગુમ થવું તેઓ માટે એક નવી જ આફત હતી. વળતા પ્રવાસમાં તેના વિના પાછા ફરવામાં ભારે મુશ્કેલી પડે તેમ હતું.

વધુ પડતી ઠંડીને કારણે પેનેલન માટે બહાર વધુ રોકાવું શક્ય ન હતું. તે પણ ઘરમાં પાછો જતો રહ્યો. સ્લેજના ગુમ થવાના સમાચાર તેણે તેના સાથીઓને ન આપ્યા. બહારની ભયંકર ઠંડી સામે રક્ષણ મેળવવા દરેકે પોતાનાં કપડાં સૂકવવાં જરૂરી હતાં. રાંધવાની સગડીથી એ કાર્ય તેમણે પૂરું કર્યું. બહારનું તાપમાન જાણવા થર્મોમિટર થોડી વાર બહારની તરફ રાખવામાં આવ્યું. પારો શૂન્ય નીચે ૩૦° સૅન્ટિગ્રેડનો આંક બતાવી રહ્યો હતો.

એકાદ કલાક બાદ પેનેલન અને આન્દ્રે વળતો પ્રવાસ ક્યારે શરૂ કરી શકાય એમ છે તેનો અંદાજ મેળવવા બહાર નીકળ્યા.

''આપણે ઉત્તર-પૂર્વમાં આગળ વધવું જોઈએ.'' આકાશમાં તારાઓનું નિરીક્ષણ કરતાં આન્દ્રે બોલ્યો.

''જો આપણી સ્લેજ સલામત હોત તો એ આપણા માટે સરળ રહેત, પણ એની ગેરહાજરીમાં એ ખૂબ જ અઘરું છે.'' પેનેલને કહ્યું.

‘‘શું સ્લેજ સલામત નથી ?! તો આપણે પરત ફરી નહી શકીએ ? તો તો આપણો અંત અહી જ નિશ્ચિત સમજો.’’ સ્લેજના ગુમ થયા બાબતે આન્દ્રેને ખબર પડતાં એને આઘાત લાગ્યો. પેનેલને આ વાત કોઈને કરી ન હતી.

‘‘આપણે આ હકીકત સ્વીકારવી જ પડશે. આપણું ભાવિ હવે ઈશ્વરના હાથમાં જ છે.’’ પેનેલન બોલ્યો.

બંનેએ બરફના ઘરની ચારેબાજુ ફરી એક આંટો માર્યો. સતત હિમવર્ષા અને વાવાઝોડાને કારણે ઘર ઉપર ૧૫ ફૂટ જેટલો બરફનો ઢગ થઈ ગયો હતો. બરફનો આ ઢગ થીજી જતાં તે પડ પથ્થર જેવું સખત બની ગયું હતું. આજુબાજુની ભૂગોળ પણ આખી બદલાઈ ગઈ હતી. બે દિવસ પહેલાં જે વિશાળકાય હિમશિલાઓ ઠેરઠેર દેખાતી હતી, તેમાંની એક પણ હવે દેખાતી ન હતી. માઈલો સુધી બરફ આચ્છાદિત રણ સિવાય કશું જ દેખાતું ન હતું. જે શિલા પાસે સ્લેજ રાખવામાં આવી હતી તે પણ ન હતી અને સ્લેજની પણ કોઈ નિશાની હાથ લાગી નહી. કાતિલ વાવાઝોડાંમાં સ્લેજ ખેંચનારા કૂતરા પણ ભયાનક મોતને જ ભેટ્યા હશે એમ તેમણે માન્યું, પરંતુ તેમના અવશેષો ક્યાંય દેખાયા નહી.

આન્દ્રે અને પેનેલન સ્થિતિ અંગેનો તકાદો મેળવી નિરાશ થઈ ગયા. તેઓમાં હિંમત ન હતી કે ઘરમાં પાછા ફરી, આવી દુખદ સ્થિતિના સમાચાર તેઓના સાથીઓને આપે. બંનેને ખાસ તો મૅરીની જ ચિંતા વધુ હતી. આન્દ્રેએ છેલ્લે વધુ એક વખત ઘર ઉપર બની ગયેલા ટેકરા ઉપર ચડી ચારેતરફ નજર નાખી, પરંતુ ચારેતરફ બરફનો ઢગ અને નિરાશા સિવાય કંઈ તેને હાથ ન લાગ્યું. ભયંકર ઠંડીમાં વધુ સમય બહાર રહેવાને કારણે તેમના હાથપગ થીજી રહ્યા હતા. તેમના કપડાંમાંનો ભેજ તો થીજીને બરફના નાનાં નાનાં સ્ફટિકોમાં ફેરવાઈ, તેમનાં કપડાં પર લટકી રહ્યો હતો. હવે વધુ સમય રોકાવું એ મોતને આમંત્રણ આપવા જેવું હતું. આન્દ્રે બરફના ઘર ઉપરના ટેકરા ઉપર ઊભો ઉત્તર-પૂર્વ દિશામાં ટીકી ટીકીને કાંઈક જોઈ રહ્યો હતો. પેનેલને, આ નીચે ઊભા ઊભા જ જોયું અને શંકાશીલ બની પૂછ્યું, ‘‘શું થયું છે ? આન્દ્રે !’’

‘‘કાંઈ નહી. આપણે હવે ઝડપથી ઘરમાં પરત ફરવું જોઈએ, નહી તો આપણે બરફ બની જઈશું. આપણે કૅપ્ટન કૉર્નબટને બને તેટલી ઝડપથી આ જગ્યા છોડી દેવા કહેવું જોઈએ. આ નર્કાગારમાં એક વખત આવેલી વ્યક્તિ બીજી વાર આવવાનું સપનામાંય નહી વિચારે.’’ આન્દ્રે બોલ્યો.

પેનેલન આન્દ્રેના સૂચનનું પાલન કરવાને બદલે કુતૂહલથી ટેકરા ઉપર ચઢી ગયો. આન્દ્રે જે દિશામાં ધારીને જોઈ રહ્યો હતો, ત્યાં પોતાની નજર ફેરવી. તે

તરફ ધ્યાનથી જોતાં કાંઈક રોમાંચક વસ્તુ જોઈ હોય તેમ તે આનંદિત બની ગયો. ઈશ્વરનો આભાર માનતી બૂમ પાડી.

''ઈશ્વર તારી કૃપા અપરંપાર છે.''

ઉત્તર-પૂર્વ દિશામાં ધુમાડાની આછી સેર તેણે ઊંચે ઊઠતી જોઈ. આ વિસ્તારમાં આવો ધુમાડો કોઈ માનવ વગર શક્ય ન હતો. આ ધુમાડો ત્યાં હજી પણ કોઈ માણસો જીવિત હોવાની નિશાની હતી. આનંદિત બનીને બૂમો પાડતો પેનેલન નીચે ઊતર્યો અને તેના સાથીઓને આ ખબર આપવા દોડયો. તેના સાથીઓ પણ આ સમાચાર સાંભળી ઝડપથી બહાર દોડી આવ્યા.

બહાર આવી તેમણે પણ ઉત્તર-પૂર્વમાંથી ઉપર ઊઠતો ધુમાડો જોયો. માલસામાનની અછત, સ્લેજનું ખોવાવું અને આવા કાતિલ વાતાવરણ જેવી અનેક મુશ્કેલીઓ સૌ ઘડીભર ભૂલી ગયા. ધુમાડો જ્યાંથી નીકળી રહ્યો હતો ત્યાં ઝડપથી પહોંચવાનું જ સૌનું લક્ષ્ય હતું. કેટલાય દિવસો સુધી સતત બનતી અમંગળ ઘટનાઓ બાદ આ પહેલી એવી ઘટના હતી, જેણે દરેકમાં એક નવો ઉત્સાહ ભરી દીધો. આ સ્થળ અહીંથી ૫-૬ માઈલ જેટલા અંતરે હોય તેવું લાગતું હતું અને ચારેતરફ ભેંકાર રણ જેવી પરિસ્થિતિ અને ઉદ્‌ભવતા દૃષ્ટિભ્રમને કારણે તે દિશામાં સીધું આગળ વધવું મુશ્કેલ હતું. ધુમાડો નીકળતો હવે બંધ થઈ ગયો હતો, તેથી નિશ્ચિત નિશાનીરૂપ પણ કંઈ દેખાતું ન હતું. આમ, એ સ્થળે પહોંચવા માટેની મુસાફરી સીધી રેખામાં જ કરવી જરૂરી હતી, પરંતુ આજુબાજુમાં કોઈ જ નિશાની ન હોય ત્યારે આ ગતિની દિશા વક્ર થતાં ખ્યાલ આવે તેમ ન હતું.

''આ ભેંકાર વિસ્તારમાં આપણા માટે કોઈ નિશાનીઓ નથી કે જેથી આપણે આપણી દિશાની ઓળખ જાળવી શકીએ. આપણે એક નવી યુક્તિ અજમાવવી પડશે.'' કૅપ્ટન કૉર્નબટે બધાંને સમજાવતાં આગળ ચલાવ્યું.

''પેનેલન સૌથી આગળ ચાલશે. તેનાથી બરાબર ૨૦ ડગલાં પાછળ આન્દ્રે ચાલશે અને તેનાથી બરાબર ૨૦ ડગલાંના અંતરે હું ચાલીશ, તેથી બંનેમાંથી કોઈ પણ પોતાની એક સીધી રેખાથી આડો ફંટાશે, તો તેનો ખ્યાલ મને આવી શકશે. આમ, આ રીતે આપણે આપણી નિર્ધારિત દિશામાં સીધા જઈ શકીશું. આપણે આ જ રીતે આગળ વધવાનું છે.''

આખી ટુકડી આજ રીતે ધુમાડાવાળી દિશામાં આગળ વધી. લગભગ અડધો કલાક તે દિશામાં આગળ ચાલ્યા બાદ પેનેલન અચાનક અટકી ગયો. તેના કાને કંઈક અવાજ આવ્યો હોય તેવી ભ્રમણા થઈ. આખી ટુકડી પણ પેનેલન પાસે પહોંચી ગઈ. પેનેલન બોલ્યો,

‘‘તમને કોઈ અવાજ સંભળાય છે ?’’

‘‘ના ! કંઈ જ નથી સંભળાતું.’’ મિસોને કહ્યું.

‘‘મને નવાઈ લાગે છે ! આ દિશામાંથી કોઈ માણસનો હોય તેવો અવાજ આવતો લાગે છે.’’ તે દિશામાં આંગળી ચીંધતાં પેનેલને જણાવ્યું.

‘‘અવાજ ?! બની શકે કે આપણે જ્યાં પહોંચવું હતું, તે સ્થળ હવે ખૂબ જ નજીક હોય ? જો ત્યાં માણસો હોય તો તેની વાતચીત કે મદદના પોકારનો આ અવાજ હોય ?’’ મૅરી બોલી.

‘‘નજીકમાં તો કંઈ હોય તેવું જણાતું નથી. ખૂબ ઠંડા અને ઉત્તરીય ભાગોમાં અવાજ ખૂબ જ દૂર સુધી સાંભળી શકાય છે.’’ આન્દ્રેએ કહ્યું.

‘‘હા, એવું બની શકે છે. એની ખાતરી કરવા આપણે ઝડપથી એ તરફ આગળ વધવું જોઈએ.’’ કૅપ્ટન કૉર્નબટ બોલ્યા.

‘‘ના.’’ પેનેલને કહ્યું, ‘‘પહેલાં ધ્યાનથી અવાજ સાંભળો.’’

દુખમાં કણસતા માણસનો અવાજ પેનેલનના કાને પડયો. અવાજ પરથી તેણે અનુભવ્યું કે લગભગ બે વાર એવો અવાજ સંભળાયો હતો. અવાજ પરથી એને લાગ્યું હતું કે એ અવાજ મદદ માટેનો હતો.

‘‘મને સંભળાયેલો એ અવાજ ભ્રમ ન હતો. સાચે જ કોઈ માણસો દ્વારા મદદ માટે પડાતી એ બૂમો હતી. અવાજની દિશામાં ઝડપથી આગળ વધો.’’

પેનેલન અવાજવાળી દિશામાં ઝડપથી આગળ વધ્યો. લગભગ બે માઈલ ચાલ્યા બાદ તેણે એક વ્યક્તિને બરફમાં પડેલી જોઈ. એ તેની પાસે ગયો. બરફમાં પડેલી વ્યક્તિનું મોં પોતાની તરફ ફેરવ્યું. ચહેરો જોઈને પેનેલન અવાક્ બની ગયો.

આન્દ્રે પણ એ દરમિયાન તેના અન્ય સાથીઓ સાથે નજીક આવી પહોંચ્યો. બરફમાં પડેલી વ્યકિત આન્દ્રેની પરિચિત જણાઈ. મોં ઉપર જામેલો બરફ ખસેડતાં જ એના મોંમાંથી એક ચિત્કાર નીકળી ગયો.

‘‘અરે ! આ તો આપણો કોર્ટોઈસ છે !!’’

‘‘કોર્ટોઈસ મૃત્યુ પામ્યો છે. આ કાતિલ ઠંડીમાં તેનાં અંગો ઠરી ગયાં છે.’’ પેનેલને દુખી અવાજે કહ્યું.

જીન કૉર્નબટ અને મૅરી પણ ત્યાં આવી પહોંચ્યાં હતાં. લૂઈ કૉર્નબટના જ સાથી કોર્ટોઈસના આવા મૃત્યુનો શોક દરેકના ચહેરા પર સ્પષ્ટ વર્તાઈ રહ્યો હતો. અન્ય નાવિકોની સ્થિતિ અંગે પણ દરેકના મનમાં ચિંતા ઘેરી બની.

"આગળ વધો..." સમય વ્યતીત કર્યા વિના પેનેલને ઝડપથી આગળ વધવાનું સૂચન કર્યું.

બધા સામેની સીધી દિશામાં અડધો કલાક વધુ આગળ વધ્યા. સૌએ અનુભવ્યું કે બરફના થરથી થોડી જમીન બહાર ઊપસી આવી હતી. આ આખા વિસ્તારમાં ભૂમિભાગ એક જ હોવાની સંભાવના હતી.

"આપણે શેનોન ટાપુ પર આવી પહોંચ્યા છીએ." કૉર્નબટે બધાંને માહિતી આપતાં કહ્યું. એમનું અનુમાન ખોટું ન હતું.

એકાદ માઇલ જેટલા અંતરે તેમને બરફથી ઢંકાયેલી એક નાની ઝૂંપડીમાંથી નીકળતો ધુમાડો દેખાયો. ઝૂંપડીનો લાકડાંનો દરવાજો બંધ હતો.

પોતાની હાજરીનો અંદેશો આપવા તેમણે મોટેથી પોકારો કર્યા. તેમનો અવાજ તે ઝૂંપડી સુધી પહોંચી ગયો હતો. અવાજ સાંભળી બે વ્યક્તિઓ ઝૂંપડીમાંથી બહાર આવી. બેમાંથી એક વ્યક્તિને પેનેલન તરત જ ઓળખી ગયો. એ પિયરે નોક્યુટ હતો. તે સ્થિર બનીને દરવાજાની બહાર જોઈ રહ્યો હતો.

"પિયરે !" પેનેલને આનંદિત સ્વરે બૂમ પાડી.

પિયરે હજુ પણ એમ જ ઊભો હતો. તેને તેની આંખો પર વિશ્વાસ આવતો ન હતો કે આ શું બની રહ્યું હતું ! ડનકર્કથી આટલે દૂર એના મિત્રો એને શોધવા અહીં સુધી આવી શકે તે એના માનવામાં આવતું ન હતું. આન્દ્રે વેસ્લિંગે પિયરેની બાજુમાં ઊભેલી અન્ય વ્યક્તિ તરફ જોયું, તે પણ આ ભેંકાર પ્રદેશમાં માણસોને જોઈને ખુશ થઈ ગયો હતો, પરંતુ તે લૂઈ કૉર્નબટ ન હતો.

"પિયરે ! હું છું તારો મિત્ર પેનેલન..." પેનેલને પિયરે તરફ જોઈ ફરી મોટેથી અવાજ કર્યો.

પિયરેને હવે ખ્યાલ આવ્યો કે એ ભ્રમ કે સ્વપ્ન ન હતું, પરંતુ એનો મિત્ર હાજરાહજૂર એની સામે ઊભો હતો. મદદની આશા છોડીને એ મૃત્યુની રાહ જોઈ રહ્યો હતો. તે તેના મિત્રોને વધાવવા સામે ગયો તો ખરો, પરંતુ પેનેલનના હાથમાં જ ફસડાઈ પડ્યો.

"મારો પુત્ર ? લૂઈ ક્યાં છે ?" જીન કૉર્નબટ આતુરતાથી પિયરને પૂછવા લાગ્યા.



૧૨

જહાજ પર પરત

તે જ વખતે એક વ્યક્તિ ઘસડાતી ઘસડાતી ઝૂંપડીમાંથી બહાર આવી. તેની હાલત પણ નાજુક જણાતી હતી. તે હતો લૂઈ. જીન કૉર્નબટનો એકનો એક પુત્ર. એની જ શોધ માટે આ પિતાએ મોતની સામે જુગાર ખેલ્યો હતો.

''લૂઈ !''

''મારો પુત્ર...!''

મૅરી અને કૉર્નબટના મોઢામાંથી એકસાથે શબ્દો સરી પડયા. બંનેએ હાથ આપીને લૂઈને ઊભા થવામાં મદદ કરી. બંનેનો ટેકો લઈ તે ઊભો તો થયો, પરંતુ તરત જ બેભાન બનીને બંનેના હાથમાં ઢળી પડ્યો. કાતિલ ઠંડીને કારણે તેની હાલત એકદમ ગંભીર હતી. કૅપ્ટન અને મૅરી તેને ઝડપથી ઝૂંપડીમાં લઈ ગયા. પોતાના આત્મીયજનોની આ રીતની અણધારી મુલાકાત, એની મરણોન્મુખ બનેલી ગંભીર સ્થિતિમાં તે પચાવી શકે તેમ ન હતું. ચિંતાતુર બનેલાં બંને સ્વજનો અને તેના સાથીઓ એને ભાનમાં લાવવા પ્રયાસ કરતા રહ્યા. થોડો સમય વીત્યા બાદ લૂઈ ભાનમાં આવ્યો. તે સાવ અશક્ત બની ગયો હતો. તે મહામુશ્કેલીએ બોલ્યો.

''પિતાજી ! મૅરી ! તમને બંનેને જોયા વગર મારો આત્મા આ શરીરને છોડે તેમ ન હતું. હવે હું મરું તો પણ મને દુખ નહી થાય.''

''તને કંઈ નહી થાય, લૂઈ ! તારે હજી ઘણું જીવવાનું છે. તારા બધા મિત્રો પણ અહી તારી સામે હાજર જ છે.'' પેનેલિન બોલ્યો.

આન્દ્રે વેસ્લિંગને પહેલેથી જ લૂઈથી નફરત હતી. તેણે લૂઈ સાથે કોઈ વાતચીત કરી નહી.

પુનર્જીવન મળવાથી આનંદિત બનેલા પિયરે બધા મિત્રોને ભેટ્યો. ઠંડા પડી રહેલા તાપણામાં લાકડાં નાખવામાં આવ્યાં. ઝૂંપડીનું વાતાવરણ હૂંફાળું થઈ ગયું. કાતિલ ઠંડીમાં પગપાળા લાંબી મુસાફરી કરીને બધાં આવ્યાં હતાં, તેથી ઝૂંપડીના હૂંફાળા વાતાવરણમાં સૌએ રાહત અનુભવી.

આ સિવાય ત્યાં અન્ય બે વ્યક્તિઓ પણ હતી, પરંતુ કૅપ્ટન કે પેનેલન કોઈનું ધ્યાન તેમના તરફ ગયું ન હતું. જૉકી અને હર્મિંગ. એ પણ નાવિકો જ હતા.

નૉર્વેજિયન જહાજ ફ્રૂઅન ડૂબતાં માત્ર તે બે જ બચી શક્યા હતા. એ જહાજની મદદે જ લૂઈ અને તેના બે સાથીઓ ગયા હતા.

‘‘મિત્રો ! હવે આપણે સલામત છીએ. મારા પિતા, મૅરી અને મારા મિત્રો અનેક જોખમો ખેડીને અહીંથી આપણને ઉગારવા માટે જ આવ્યા છે.’’

‘‘લૂઈ ! તને બચાવવા માટેનું અનેક જોખમથી ભરેલું આ સાહસ પૂરેપૂરી રીતે સફળ નીવડ્યું તેનો અમને સૌને બેહદ આનંદ છે. તારું જહાજ જ્યુનહાર્ડી પણ અહીંથી દક્ષિણ-પશ્ચિમમાં ૬૦ લીગ જેટલા અંતરે લાંગરેલું છે. ત્યાંથી અહીં સુધી આવવા અમે પગપાળા જ નીકળ્યા હતા. આપણે સૌ હવે સાથે જ જહાજ પર પરત ફરીશું.’’

‘‘કોર્ટોઈસ જ્યારે પરત આવશે ત્યારે તે પણ તમને બધાને જોઈને રાજીરાજી થઈ જશે.’’ પિયરેએ કહ્યું.

મિલનના આનંદમાં ક્ષણભર વિસારે પડેલો કોર્ટોઈસ, પિયરેની આ વાતથી બધાને યાદ આવી ગયો. બધાના મોઢા પર શોકની છાયા ફરી વળી. કોઈ કંઈ બોલી શક્યું નહીં. બહારની કાતિલ ઠંડીને કારણે કોર્ટોઈસનું મૃત્યુ થયાના અને તેનું મૃત શરીર થોડા જ અંતરે બરફ ઉપર પડયું હોવાનું પેનેલને, પિયરે અને લૂઈને જણાવ્યું. આ સમાચાર લૂઈ અને પિયરે માટે આઘાતજનક હતા. કેટકેટલાં જોખમો વચ્ચે કોર્ટોઈસ અડીખમ રહ્યો હતો અને છેવટ સુધી સાથે રહ્યો હતો. છેલ્લી ઘડી કે જ્યારે તેમના ઊગરવાનો સમય આવ્યો ત્યારે જ તેમને છોડીને તે જતો રહ્યો હતો. લૂઈ અને પિયરેને તેનું ભારે દુખ હતું.

‘‘મિત્રો, જયાં સુધી ઠંડી અને પવનોનું જોર થોડું ઓછું ન થાય ત્યાં સુધી આપણે અહીં જ રહેવું પડશે. હવામાન અનુકૂળ જણાય કે તરત જ આપણી વળતી સફર શરૂ કરીશું. ત્યાં સુધી ચાલે તેટલો ખોરાક તથા અન્ય જરૂરી સામાન અને લાકડાં આપણી પાસે હશે એમ હું માનું છું.’’ પેનેલન બોલ્યો.

‘‘હા ! જરૂરી સામાન અહીં છે જ. બળતણ માટે જરૂર પડશે તો ફ્રૂઅર્ન જહાજના કાટમાળનો ઉપયોગ કરીશું.’’

ફ્રૂઅર્ન જહાજ કૅપ્ટન લૂઈના શિયાળુ આશ્રયસ્થાનથી ૪૦ માઈલ જેટલા અંતરે હતું. હિમશિલાઓ અને વાવાઝોડાંને કારણે ફ્રૂઅર્નનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. ફ્રૂઅર્નનો કાટમાળ શેનોન ટાપુના દક્ષિણી ભાગમાં પડેલો હતો. તેના કાટમાળમાંથી જ જરૂરી લાકડાં અને માલસામાન લાવી તેમણે શિયાળુ આશ્રયસ્થાન માટે નાની ઝૂંપડી તૈયાર કરી હતી. બળતણ માટે જરૂરી લાકડાં માટે ફ્રૂઅર્નનો વધેલો કાટમાળ પણ તેઓ સાથે લાવ્યા હતા.

આ શિયાળુ આશ્રયસ્થાનમાં અત્યાર સુધી માત્ર પાંચ વ્યક્તિઓ રહેતી હતી. લૂઈ કૉર્નબટ, કોર્ટોઈસ, પિયરે નોક્યુટ અને બે નૉર્વેજિયન નાવિકો જૉકી અને હર્મિંગ. અન્ય નૉર્વેજિયન નાવિકો જહાજ ફ્રૂઅર્ન જ્યારે અકસ્માતનો ભોગ બન્યું ત્યારે જ મૃત્યુ પામ્યા હતા. સદ્‌નસીબે બે નાવિકોને બચાવી શકાયા હતા. તે પાંચમાંથી પણ કોર્ટોઈસ હવે મૃત્યુ પામ્યો હતો.

લૂઈ હિંમતવાન અને કુશળ નાવિક હતો. ભયંકર શિયાળો અને આવી પડનારી મુશ્કેલીઓ અંગેનો યોગ્ય ચિતાર મેળવી તેની સામેના બચાવનાં જરૂરી પગલાં તેણે પહેલેથી જ લીધાં હતાં, પરંતુ વાતાવરણ જ એટલું ખરાબ હતું કે કેટકેટલી તૈયારી અને કાળજી રાખવા છતાં આ શિયાળા સામે શારીરિક અને માનસિક રીતે ગમે તેવા સશક્ત માણસો માટે ટકી શકવાનું મુશ્કેલ હતું. લૂઈ પણ તેમાં અપવાદરૂપ ન હતો. ખરાબ હવામાન ઉપરાંત બે નૉર્વેજિયન નાવિકોને લીધે પણ તે ખૂબ પરેશાન હતો. બંને નૉર્વેજિયન નાવિકો એકદમ અણઘડ અને જંગલી હતા. માનવીય લાગણીઓ તેઓને સ્પર્શી શકતી ન હતી. વતનથી આટલે દૂર અહીં ટકી રહેવાની અને વતન પરત ફરવાની આશા જ લૂઈએ છોડી દીધી હતી. તેણે આવી પડનારા મૃત્યુનો માનસિક રીતે સ્વીકાર કરી લીધો હતો.

સમય મળતાં લૂઈએ બંને નૉર્વેજિયનો અંગેની વાત પેનેલનને પણ કરી દીધી. વળતી સફર વખતે તેમના પર નજર રાખવા અને એમનો જરા પણ વિશ્વાસ ન કરવાની સૂચના લૂઈએ પેનેલનને આપી. પેનેલને પણ લૂઈને આન્દ્રે વેસ્લિંગની બદદાનત વિશે વાત કરી. પહેલા તો લૂઈને આ વાતનો વિશ્વાસ આવ્યો નહીં, પરંતુ લૂઈના ખોવાયા પછી આન્દ્રેના મૅરી સાથે વિવાહ માટે ખેલાતા કાવાદાવા અને લૂઈ માટે શોધઅભિયાન ચલાવવાની તેની અનિચ્છા વગેરે ઘટનાઓ વિગત વાર જણાવતાં, લૂઈને આન્દ્રેના આવા આચરણનો ખ્યાલ આવ્યો. હવે આન્દ્રે પણ એમની ટુકડીમાં વિશ્વાસપાત્ર રહ્યો ન હતો.

પુનર્મિલનના આનંદ સાથે સૌએ બાકીનો આખો દિવસ લાંબા પ્રવાસનો થાક ઉતારવા આરામમાં વિતાવ્યો. મિસોન અને પિયરેએ થોડાં દરિયાઈ પક્ષીઓનો શિકાર કર્યો. તાજાં ભોજન માટે, સ્થાનિક પશુપક્ષીઓ ઉપર જ આધાર રાખવાનો હતો. દરેકમાં એક નવી જ સ્ફૂર્તિનો સંચાર થયો. સ્વજનોને મળ્યા બાદ લૂઈની તબિયતમાં પણ ઝડપી સુધારો નોંધાયો. અહીંના ભેંકાર વાતાવરણમાં એકલા રહેવાને કારણે શારીરિક અને માનસિક રીતે તે ભાંગી પડયો હતો. ઘણા સમય બાદ પોતાના મિત્રોને મળવાથી તેને માનસિક રાહત થઈ.

અણઘડ રીતે બનાવવામાં આવેલી જર્જરિત ઝૂંપડીમાં, પોતાના વતનથી ૬૦૦ લીગ દૂર આ ભેંકાર સ્થળે, શૂન્ય નીચે, ૩૦° સૅન્ટિગ્રેડ જેટલા નીચા ૦ તાપમાનમાં

તેમણે ઉજાણી કરી.

આવું નીચું તાપમાન થોડા વધુ દિવસ ચાલુ રહ્યું. પુનર્મિલન બાદ એક અઠવાડિયા પછી ૧૭મી નવેમ્બરના રોજ કૅપ્ટન જીન કૉર્નબટે પાછા ફરવાનો નિર્ણય લીધો. ઠંડી તો બહુ ઓછી થઈ ન હતી, પરંતુ કાતિલ પવનોનું જોર થોડું નરમ પડયું હતું. વળતી સફર ખેડવા માટે એ જ સમય યોગ્ય હતો. તેમણે વળતી સફર દરમિયાન આકાશના તારાઓના આધારે જ માર્ગ નક્કી કરવાનો હતો.

વળતી સફરની શરૂઆત પહેલાં કોર્ટોઈસની દફનવિધિ કરવાની હતી. કૅપ્ટન લૂઈની આ સફરમાં કોર્ટોઈસનું મૃત્યુ પ્રથમ દુઃખદ ઘટના હતી. કમનસીબે હવે તે ક્યારેય પણ પોતાના ઘરે પાછો ફરી શકવાનો ન હતો. બરફમાં જ ખોદવામાં આવેલી કબરમાં વિધિવત રીતે તેની દફનવિધિ કરવામાં આવી. નતમસ્તકે સૌએ કોર્ટોઈસના આત્માની શાંતિ માટે ઈશ્વરને પ્રાર્થના કરી.

મિસોને લાકડાના પાટિયામાંથી એક નાની સ્લેજ તૈયાર કરી. સાથેનો જરૂરી સામાન લઈ જવા માટે તે જરૂરી હતી. મંડળીના દરેક સભ્યોએ સ્લેજને વારાફરતી ખેંચવાનું નક્કી કરવામાં આવ્યું. વળતી સફરે ખાધાખોરાકીની અછત તો હતી જ, ઉપરાંત બીજા ચાર માણસોનો પણ ઉમેરો થયો હતો. સામાનની જરૂરિયાત પણ વધી હતી. તેઓ જે માર્ગે સફર ખેડી આવ્યા હતા તે જ રસ્તે પાછા જવાનું હતું. રસ્તામાં તેમણે આવતી વખતે જ થોડા થોડા અંતરે ખોરાક તથા અન્ય સાધનસામગ્રીના અનામત ભંડારો ઊભા કર્યા હતા અને ત્યાં જરૂરી નિશાનીઓ પણ મૂકી હતી, પરંતુ થોડા દિવસ ચાલેલી સતત હિમવર્ષા અને તોફાનમાં એવા ભંડારો માટે મૂકેલી નિશાનીઓ સલામત રહે તેવી શક્યતાઓ ઓછી હતી. એવી સ્થિતિમાં એવા અનામત ભંડારો શોધવાનું કામ મુશ્કેલ હતું.

સદ્નસીબે તેમણે તોફાનમાં ગુમાવેલું સ્લેજ પાછું મળી ગયું. સ્લેજને ખેંચનારા કૂતરાઓ સૌપ્રથમ તેમને મળ્યા. કૂતરા તેમના ચામડાના પટ્ટાને ખાઈને જીવતા રહ્યા હતા. ત્યાર બાદ તેમણે સ્લેજ પરના માલસામાનને ફેંદી નાખ્યો હતો અને તેનો ખોરાક તરીકે ઉપયોગ કરી પેટની ભૂખ મિટાવી હતી. આ કૂતરાઓને કારણે જ સ્લેજ મેળવી શકાયું હતું. સ્લેજમાં હજી પણ થોડો ખોરાક બચ્યો હતો. તે તેમને માટે ઉપયોગી પુરવાર થયો. પાછા મળેલા કૂતરાઓ પણ એમની સ્લેજને ખેંચવા માટે ઉપયોગી હતા, તેથી સ્લેજ ખેંચવાના કાર્યમાંથી નાવિકોને મુક્તિ મળી. વળતી સફરે વાતાવરણે પણ તેમને સાથ આપ્યો હતો. ગંભીર તોફાનો કે કાતિલ પવનોની ગેરહાજરીથી સૌ રાહત અનુભવી રહ્યા હતા. કોઈ અપ્રિય ઘટના ઘટી ન હતી.

વળતી સફર દરમિયાન એક બાબત અનુભવાઈ હતી કે ઓપિક, આન્દ્રે વેસ્લિંગ અને અન્ય બે નૉર્વેજિયન નાવિકો જૉકી અને હર્મિંગ અન્ય નાવિક ટુકડીથી

અળગા રહેતા હતા. તેમનું આ અળગાપણું કૅપ્ટન કૉર્નબટ અને પેનેલન માટે મુખ્ય ચિંતાનો વિષય હતો. તેમની દરેક હિલચાલ ઉપર કડક નજર રાખવાનું કૅપ્ટનને જરૂરી લાગ્યું.

૭મી ડિસેમ્બરે એટલે કે ખોવાયેલા નાવિકોને શોધ્યા પછી ૨૦ દિવસ બાદ સૌ પોતાના જહાજ જ્યુનહાડી સુધી પહોંચી શક્યા. જહાજને જોઈ સૌને આશ્ચર્ય થયું કે જહાજ લગભગ ૪ વાર જેટલા બરફના ટેકરા પર ઊંચું ચઢી ગયું હોય તેવું દેખાતું હતું. આ નવી સ્થિતિમાં અહીં જ રહેલા નાવિકોના ભાવિની સૌને ચિંતા થઈ, પરંતુ તેમના સાથીઓ ગુરેવીચ, તક્વિટ અને ગ્રાડલીને તેમને આનંદના પોકારો સાથે આવકાર્યા. શોધઅભિયાન સફળ થયું હતું. લૂઈ અને તેના એક સાથીને સાથે આવેલો જોઈ તેમનું અહી સુધી આવવાનું લેખે લાગ્યું. તેમના એક સાથી કોર્ટોઈસનું મૃત્યુ તેમને માટે દુખદાયક હતું, પરંતુ લાંબા સમય બાદ અન્ય મિત્રોને મળવાનો આનંદ પણ હતો.

ઉત્તરી સમુદ્ર પરનું આવું ઠંડું હવામાન હજી લાંબો સમય રહેવાનું હતું. બરફનો પોપડો દિવસે ને દિવસે જાડો થતો જતો હતો, જેને પરિણામે જહાજ પર પણ તેનું દબાણ વધી રહ્યું હતું. આ દબાણને કારણે જહાજ બરફની સપાટી પરથી ઊંચકાયું હતું અને એક નાની ટેકરી પર બેઠક બનાવી હોય તેમ ગોઠવાયું હતું.

સૌ સહીસલામત હતા એ સૌથી સુખદ બાબત હતી. ઊંચે ચઢી ગયેલા જહાજનું પણ ચારેબાજુથી એમણે નિરીક્ષણ કર્યું. જહાજને કોઈ ગંભીર નુકસાન થયું ન હતું, તે એક મોટું આશ્વાસન હતું. સૌએ હવે હવામાન હૂંફાળું બને તેની જ રાહ જોવાની હતી. જહાજ ફરતેના બરફના ઓગળવાની સાથેસાથે સેંકડો ટનનું વજનદાર જહાજ પોતાના વજનને લીધે ધીમેધીમે પાણીમાં સરકવાનું હતું અને જાતે જ પાણીની સપાટી પર તરતું થવાનું હતું. બરફ પીગળતાં તે ધીમેધીમે પાણીની સપાટી પર આવે અને કોઈ પણ નુકસાન વગર તરતું થાય ત્યાર બાદ જ વળતી સફર શરૂ થવાની હતી.

એ રીતે થીજેલા અને ઊંચે ઊઠેલા જહાજ ઉપર કૅપ્ટન જીન અને તેના સાથીઓએ કાતિલ શિયાળાના બાકીના દિવસો ગુજારવાના હતા. નાવિક મંડળી માટે એક મોકાણના સમાચાર એ હતા કે તેમણે શિયાળાની શરૂઆતમાં માલસામાનના સંગ્રહ માટે બરફ ઉપર જે કોઠાર બાંધ્યો હતો તે ભયંકર વાવાઝોડામાં નાશ પામ્યો હતો. તેમાંનો બધો સામાન પણ નાશ પામ્યો હતો. જીન અને લૂઈ કૉર્નબટને આ અંગે ખબર પડી ત્યારે તેઓ ચિંતિત બન્યા. સૌપ્રથમ તેમણે જહાજમાં જ સચવાયેલા ખોરાકના અનામત જથ્થાનો અંદાજ મેળવવા પ્રયત્ન કર્યો.

ઉત્તરમાં મે મહિના પહેલાં ઉનાળો શરૂ થવાનો ન હતો અને એ પહેલાં બરફ પીગળવાનું શરૂ થાય તેમ ન હતું. એવી સ્થિતિમાં જહાજને હજી પાંચ મહિના આ કેદમાં

જ વિતાવવાના હતા. જહાજમાં વળતી સફરે સાથે આવેલા ચાર માણસો સાથે નાવિકોની સંખ્યામાં પણ વધારો થયો હતો. કૅપ્ટન જીન કૉર્નબટે ખોરાકના જથ્થા અને વ્યક્તિઓની સંખ્યાને આધારે ગણતરી કરી અંદાજ મૂક્યો કે આટલા પુરવઠામાં દરેક વ્યક્તિએ પાંચ માસ કાઢવા, દરરોજ લગભગ અડધા ખોરાકથી ચલાવવું પડે તેમ હતું. ખોરાકનો મર્યાદિત જથ્થો તો જ પાંચ મહિના ચાલી શકે તેમ હતું. આ સમય દરમિયાન શિકાર ઉપર જ વધુ આધાર રાખવાનો હતો, જેથી ખોરાકના અન્ય અનામત જથ્થાનો કરકસરપૂર્વક વપરાશ થાય.

ખોરાકના પુરવઠાની અછતને પરિણામે નજીકનાં સ્થળોએ બરફમાં દાટવામાં આવેલા અનામત જથ્થાને બહાર કાઢીને જહાજ પર લાવવામાં આવ્યો. નવા આવેલા નાવિકોની પથારીની વ્યવસ્થા પણ જહાજના મુખ્ય કક્ષમાં અન્ય સાથે જ કરી લેવામાં આવી. શોધઅભિયાન પર સમગ્ર ટુકડી ગઈ હતી ત્યારે તેમની ગેરહાજરીમાં જ ગ્રાડલીન, તક્વિટ અને ગુરેવીચે બરફમાં ખોદીને જહાજના તૂતક સુધી પહોંચી શકાય તે માટે રસ્તો બનાવી દીધો હતો. ઊંચી ટેકરી જેવા બરફના થર પર જહાજ ચઢી ગયું હોવા છતાં, તેમાંથી નીચે સરળતાથી અવરજવર થઈ શકતી હતી.



૧૩

પ્રતિસ્પર્ધીઓ

આન્દ્રે વેસ્લિંગ આ સમય દરમિયાન બંને નૉર્વેજિયન નાવિકોની સહાનુભૂતિ પોતાના તરફ ફેરવવામાં સફળ થયો. ઓપિક પણ તેમની સાથે જોડાયો. ચારે વ્યક્તિઓ હવે બાકીના સમૂહથી જુદી પડી ગઈ. તેમની બદદાનતનો કૅપ્ટન જીન, પેનેલન અને લૂઈને ખ્યાલ આવી ગયો હતો. તેમની દરેક હિલચાલ ઉપર નજર રાખવામાં આવતી. તેમની ઉપર વિશ્વાસ મૂકી શકાય તેમ ન હતું. તેઓ કોઈ પણ પ્રકારની વાતમાં વિરોધ નોંધાવતા રહેતા. જીન કૉર્નબટે જહાજના કૅપ્ટન તરીકેનો પોતાનો હોદ્દો લૂઈને પરત સોંપી દીધો. લૂઈએ જ હવે જહાજનો સંપૂર્ણ હવાલો સંભાળી લીધો. નાવિકો વચ્ચે તંગદિલી ઊભી થઈ રહી હતી. એવી સ્થિતિમાં વાતાવરણ વધુ બગડે નહીં તે માટે દરેક સાથે સૌમ્ય વર્તન રાખવા મૅરીનો આગ્રહ હતો, છતાં લૂઈ શિસ્તનો આગ્રહી હતો. થોડી પણ ઉદારતાનો વિદ્રોહીઓ લાભ લેશે એવી લૂઈને ખાતરી હતી. જહાજના કૅપ્ટન તરીકે એનો આદેશ સૌએ માનવાનો હતો, એમ તેણે સૌને સ્પષ્ટ રીતે જણાવી દીધું.

કૅપ્ટન લૂઈએ નાવિકો વચ્ચે એકતા જાળવી રાખવાના અનેક પ્રયાસો કર્યા, છતાં તક જોઈને બંને નૉર્વેજિયનોએ સૂકવેલા માંસની એક પેટીનો કબજો લઈ લીધો. ખોરાકની કટોકટીને કારણે કૅપ્ટને તે પરત કરી દેવા જણાવ્યું, પરંતુ ઓપિકે તેમનો પક્ષ લીધો. આન્દ્રેએ પણ તેમના પક્ષે દલીલ કરી હતી કે ખોરાક સંબંધમાં કૅપ્ટને સાવચેતીનાં જે પગલાં લીધાં હતાં તેનો અમલ કરાવવો શક્ય ન હતો.

આન્દ્રે અને ઓપિકનો હેતુ ચડભડ વધારવાનો હતો જેથી એના જંગલી સાથીઓ હિંસક બને. તેમણે કબજે લીધેલી પેટીને પરત મેળવવા પેનેલન આગળ વધ્યો. તેને તેમ કરતો બળથી રોકવા બંને નૉર્વેજિયન નાવિકો માંસ કાપવાના મોટા છરા લઈને લડાઈ માટે તૈયાર થઈ ગયા.

પેનેલન તેમનો સામનો કરવા આગળ વધ્યો, પરંતુ મિસોન અને તક્વિટે અગમચેતી વાપરી મુદ્દો વધુ ઉગ્ર ન બને તે માટે નૉર્વેજિયનો પાસેથી તેમનાં શસ્ત્રો આંચકી લીધાં. શસ્ત્રો બાદ તેમની પાસેથી સૂકવેલા માંસના જથ્થાનો કબજો પણ પરત મેળવ્યો. નૉર્વેજિયનો હવે શસ્ત્રહીન હતા. આન્દ્રે અને ઓપિકને પણ વિદ્રોહ થાય તો પલ્લુ પોતાનાથી વિરુદ્ધ નમતું હોય તેમ લાગ્યું, તેથી તેમણે મૌન રહેવાનું પસંદ કર્યું.

આન્દ્રેને એક તરફ ખૂણામાં લઈ જઈ લૂઈએ છેલ્લી ચેતવણી આપતાં કહ્યું,

"જો, આન્દ્રે ! તું આ સારું કરતો નથી. હું તારો હેતુ જાણું છું અને તું નાવિકો વચ્ચે બળવો કરાવીને શું ઈચ્છે છે તેનો પણ મને ખ્યાલ છે, પરંતુ જહાજ અને સમગ્ર ટુકડીની સલામતીની જવાબદારી અત્યારે મારા ઉપર છે. હું અત્યારે જહાજનો કૅપ્ટન છું. તારા આ માણસો પૈકીનું કોઈ પણ કાવતરું રચી નાવિકોની એકતા તોડી, બળવો કરાવવાનો પ્રયત્ન કરશે તો હું તેને જીવતો નહી છોડું !"

"લૂઈ, અત્યારે તું ભલે જહાજનો કૅપ્ટન હોય, પરંતુ અહી અમે તારા ગુલામ નથી. સમય આવતાં જ તને સમજાશે કે કોણ બધા નિર્ણય લે છે. તાકાત જ બધા નિયમો બનાવે છે ! આવનાર સમય તે તને બતાવી દેશે !"

ઉત્તરી સમુદ્રના શિયાળામાં આવેલી અનેક ગંભીર મુસીબતોમાં પણ મૅરી ડગી ન હતી, પરંતુ નાવિકો વચ્ચે ફેલાયેલા દ્વેષભાવથી એ ખરેખર પરેશાન હતી. કૅપ્ટન અને આન્દ્રે વચ્ચેના દ્વેષનું કારણ પણ તે પોતે છે, તે પણ જાણતી હતી. કૅપ્ટન લૂઈના આશ્વાસન પછી પણ તે આ સ્થિતિથી ઘણી ચિંતિત રહેતી હતી.

ખોરાક માટે મોટા ઝઘડા સુધી પહોંચી ગયેલી આ ઘટના પછી ખોરાકના જથ્થાને કૅપ્ટને પોતાના અધિકાર હેઠળ લઈ લીધો. ખોરાક માટે આ વિસ્તારના પક્ષીઓ અને સસલાં જેવાં રુવાંદાર પ્રાણીઓ ઉપર પણ વધુ આધાર રાખવાનું જરૂરી હતું, પરંતુ અતિશય ઠંડા વાતાવરણમાં આવા જીવો ખાસ દેખાતા ન હતા અને આવી ઠંડીમાં દૂર સુધી જવું પણ શક્ય ન હતું.

૨૨મી ડિસેમ્બરે અયનાંતનો આરંભ થયો. તાપમાન ઘટીને શૂન્ય નીચે, ૩૦° સૅન્ટિગ્રેડ કરતાં પણ નીચે જતું રહ્યું. દરેક નાવિકોના કાન, આંખો તેમ જ ૦ હાથપગમાં દુખાવાની શરૂઆત થઈ. માથાનો દુખાવો પણ એટલો જ સખત હતો. શ્વાસ લેવામાં પણ સૌને તકલીફ પડવા લાગી.

કાતિલ ઠંડીમાં કોઈ પણ નાવિકની શિકારે જવા કે કસરત કરવા માટે બહાર નીકળવાની હિંમત ન હતી. તેઓ લગભગ આખો દિવસ ગરમી મળી રહે તે માટે સળગતા સ્ટવ ફરતે જ વીંટળાઈને બેસી રહેતા. એનાથી થોડી હૂંફ મળી રહેતી, પરંતુ ત્યાંથી દૂર જવું પડે કે તરત જ તેમના હાથપગ ફરીથી જકડાવા લાગતા. તેમની નસોમાં વહેતું લોહી જાણે થીજી રહ્યું હોય તેવી લાગણી થતી.

આવી કારમી ઠંડીની સૌથી માઠી અસર વૃદ્ધ જીન કૉર્નબટ પર થઈ. તેમનાથી ખોરાક પણ ખાસ લઈ શકાતો ન હતો. વિટામિન 'સી'ની ઊણપથી સ્કર્વિનાં લક્ષણ તેમનામાં દેખાવાં શરૂ થઈ ગયાં હતાં. તેમના આખા પગ ઉપર સફેદ ચાઠાં પડી ગયાં હતાં. મૅરીની તબિયત સારી હતી. આખો દિવસ તે જીન કૉર્નબટ પાસે જ રહેતી અને તેમની સેવા કરતી. જીન કૉર્નબટની લથડતી જતી તબિયત અને નાવિકો વચ્ચે પેદા થયેલા દ્વેષને કારણે તે બેચેન અને ચિંતિત હતી.

૧લી જાન્યુઆરીનો દિવસ સૌથી ખરાબ રહ્યો. ઠંડી તો હતી જ, સાથે પવનનું જોર પણ ખૂબ જ વધ્યું હતું. થીજી જવાના ભયે કોઈનામાં બહાર નીકળવાની હિંમત ન હતી. વધુમાં વધુ કેટલાક નાવિકો તંબૂથી ઢાંકેલા તૂતક પર જઈ થોડા આંટા મારતા. જીન કૉર્નબટ, ગુરેવીચ અને ગ્રાડલીન નાદુરસ્ત તબિયતને કારણે આખો વખત પથારીમાં જ રહેતા. તેઓની સ્થિતિ ઘણી ખરાબ હતી. બધા નાવિકોમાં આન્દ્રે, ઓપિક અને અન્ય બે નૉર્વેજિયનો જ સ્વસ્થ જણાતા હતા. તેમના પર આ કારમી ઠંડીની અસર બહુ વર્તાતી ન હતી.

લૂઈ અને પેનેલન જહાજના તૂતક ઉપર ભેગા થયા. તાપણામાં બાળવા માટેના બળતણના જથ્થા અંગેનો ખ્યાલ મેળવવા લુઈએ પેનેલનને પૂછ્યું,

''કોલસો અત્યાર સુધીમાં પૂરો થઈ ગયો છે અને લાકડાંનો જથ્થો પણ હવે મર્યાદિત છે.'' પેનેલને માહિતી આપતાં જણાવ્યું.

''ઠંડીનું જોર આ રીતે જ ચાલુ રહેશે અને આપણી પાસે બાળવા માટે કંઈ નહી હોય તો, એવી સ્થિતિમાં આ ઠંડી સામે નહી ટકી શકીએ. આપણો અંત આ ઠંડીમાં નિશ્ચિંત બનશે.'' લૂઈ બોલ્યો.

''ના, એનો પણ રસ્તો છે.'' પેનેલને કહ્યું, ''આપણે બળતણ તરીકે જહાજની બધી વધારાની વસ્તુઓ, કઠેરા તથા વધારાનું ફર્નિચર બાળીશું અને જરૂર પડશે તો આપણે આખું જહાજ તોડીને એના ભાગ પણ બળતણ તરીકે બાળી વધારાના લાકડાંથી એક નાનું જહાજ બાંધીશું !''

''આપણા માટે આગામી સમય ખરેખર કપરો સાબિત થવાનો છે. આપણા નાવિકો વચ્ચે વિખવાદ ન હોત તો આપણે ગમે તેવી મુશ્કેલી સામે લડી શકત, પરંતુ આપણા દુશ્મનો વધી રહ્યા છે અને ધીમેધીમે શક્તિશાળી પણ બની રહ્યા છે. જ્યારે તેનાથી વિપરીત આપણી શક્તિ ક્ષીણ થઈ રહી છે. આ બાબત મને ખરેખર ખૂબ જ સતાવી રહી છે. સૌની સલામતી માટે આપણે ભગવાન ઉપર આધાર રાખવો પડે તેમ છે.'' કૅપ્ટન લૂઈએ હતાશા વ્યક્ત કરી.

''કૅપ્ટન ! તમારી વાત સાચી છે. આન્દ્રે અને તેની ટુકડી ખરેખર મજબૂત બની રહી છે. તેમના પર એક મિનિટ પૂરતો પણ વિશ્વાસ મૂકી શકાય તેમ નથી. દિવસ-રાત તેમના પર નજર રાખવી જરૂરી છે. બની શકે કે આપણી એક ગફલતની કિંમત આપણે આપણા જાનથી ચૂકવવી પડે.'' પેનેલન બોલ્યો.

લૂઈએ આગળ વધતાં પેનેલનને કહ્યું, ''કુહાડી લઈ લે. તૂતક પરથી વધારાના લાગે તેવાં લાકડાં કાપીને લાવવાનું ઠીક રહેશે.''

તૂતક ઉપરના બહુ જરૂરી નહી તેવા કઠેરા વગેરે ભાગને કાપીને તેના લાકડાં તેમણે એકઠાં કર્યાં. બળતણના આ નવા પુરવઠાને લઈને ઠંડા બની ગયેલા મુખ્યકક્ષમાં પ્રવેશ્યા. સગડીમાં નવાં લાકડાં નાખતાં આખા ખંડમાં ગરમાટો આવી ગયો. બધા નાવિકો તેને વીટળાઈ ગયા. વાતાવરણ હૂંફાળું બની જતાં બધાંએ રાહત અનુભવી.

લૂઈ કૉર્નબટ અને તેના મિત્રોની સ્થિતિ આન્દ્રે અને તેના સાથીઓની સરખામણીમાં નબળી બનતી જતી હતી. વિટામિન 'સી' મળે તેવો ખોરાક ખૂટી ગયો હતો. એના અભાવમાં જીન કૉર્નબટની સ્કર્વિની તકલીફ વધી ગઈ. દુખાવો અસહ્ય બન્યો હતો. ગુરેવીચ અને ગ્રાડલીનમાં પણ સ્કર્વિનાં લક્ષણો દેખાવાં શરૂ થઈ ગયાં હતાં. તેઓ પણ પથારીવશ જ હતા. લૂઈએ તેમના માટે લીંબુનો અનામત જથ્થો રાખ્યો હતો, પરંતુ તે પૂરતો ન હતો અને હવે તે પણ પૂરો થવા આવ્યો હતો. બાકી વધેલાં થોડાં લીંબુ એમને રાહત આપી શકે તેમ ન હતાં.

છેવટના ઉપાય તરીકે ૧૫મી જાન્યુઆરીના દિવસે કૅપ્ટન લૂઈ, જહાજના ભંડકિયામાં સંગ્રહવામાં આવેલા લીંબુનો અનામત જથ્થો લેવા ગયા. અંદર તપાસ કરતાં જણાયું કે કપરી સ્થિતિ માટે અનામત રાખેલો આ જથ્થો ગાયબ હતો. લૂઈને ખ્યાલ આવી ગયો કે આ ચોરી આન્દ્રે અને તેના સાથીઓએ જ કરી હતી. તે લોકોની તંદુરસ્તીનું રહસ્ય પણ હવે તેને સમજાઈ ગયું હતું. ઝડપથી તે ઉપર આવ્યો. આ વાત તેણે પેનેલનને કરી. આન્દ્રેના આખા ષડયંત્રને તે પણ સમજી ગયો હતો. આન્દ્રે લીંબુ અને અન્ય ખોરાકની અછત ઊભી કરી, લૂઈ અને તેના સાથીઓને નબળા પાડવા માગતો હતો. જ્યારે ચોરેલાં લીંબુના જથ્થાનો ઉપયોગ કરીને તે પોતાની જાતને તંદુરસ્ત રાખી શકે તેમ હતો.

હજી પાંચ મહિના જેટલો લાંબો સમય અહી રોકાવાનું હતું. આવા લાંબા સમય સુધી લૂઈ અને તેના સાથીઓએ વિટામિન 'સી' તથા અન્ય પૌષ્ટિક ખોરાક વિના રહેવું મુશ્કેલ હતું. તેઓ નબળા પડતાં જ બળવો કરી આ જહાજ અને સાથે મૅરીને પણ કબજે કરવાની આન્દ્રેની ચાલને લૂઈ અને પેનેલન સમજી ગયા હતા, પરંતુ તેઓ લાચાર હતા. આશાનું કોઈ કિરણ દેખાતું ન હતું. તેમને પોતાનું ભાવિ અંધકારમય લાગી રહ્યું.



૧૪

દુર્દશા

૨૦મી જાન્યુઆરીએ ઠંડીમાં વધારો થયો. બધા નાવિકો પોતાની પથારીમાં જ ઊનનાં કપડાં અને સીલનાં ચામડાં ઓઢીને પડયા રહ્યા. કોઇનામાં પથારી છોડીને બહાર નીકળવાની હિંમત ન હતી. પથારીમાંથી હાથ પણ બહાર કાઢી શકાય તેમ ન હતું.

કૅપ્ટન લૂઈએ તાપણામાં વધુ લાકડાં નાખી આગને વધુ પ્રગટાવી. પેનેલન, મિસોન અને આન્દ્રે તરત ઊભા થઈ તાપણાની આજુબાજુ વીટળાઈ ગયા. પેનેલને ગરમ કૉફી બનાવી. ગરમ કૉફી પીધા બાદ બધાંને થોડી સ્ફૂર્તિ આવી.

લૂઈ તેના પિતા જીનની પથારી પાસે ગયો. જીન લગભગ અર્ધબેભાન જેવી અવસ્થામાં પડયા હતા. સ્કર્વિને લીધે તેમના હાથપગ લકવાગ્રસ્ત જેવા બની ગયા હતા. દુખાવાને કારણે તે કણસતા હતા સાથે છૂટાછવાયા શબ્દો બોલી રહ્યા હતા. જેનો ખ્યાલ તેઓને પોતાને પણ ન હતો. પિતાની આવી દુર્દશા જોઈ લૂઈનું હૃદય દ્રવી ઊઠ્યું.

‘‘લૂઈ ! બેટા ! હું મરી જઈશ... આ દુખાવો હવે અસહ્ય છે ! મને બચાવ... લૂઈ !’’

લૂઈ આવી સ્થિતિ જોઈ તરત આન્દ્રે પાસે જઈ ઊભો રહ્યો. મગજ ગુસ્સામાં હોવા છતાં પોતાના પર કાબૂ રાખતાં બોલ્યો, ‘‘આન્દ્રે, તને ખબર છે, લીંબુ ક્યાં છે ?’’

‘‘જહાજના ભંડકિયામાં. જ્યાં અન્ય ખોરાકી ચીજવસ્તુઓ પડી છે. જેનો કબજો પણ હાલમાં તારી પાસે છે.’’ આન્દ્રે કોઈ પણ પ્રકારના હાવભાવ વગર બોલ્યો.

‘‘તને સારી રીતે ખબર છે કે ત્યાં કંઈ જ નથી અને બધાને એ પણ સારી રીતે ખબર છે કે તેં તેને અન્ય સ્થળે સંતાડ્યાં છે.’’ લૂઈએ ગુસ્સામાં કહ્યું.

‘‘તમે આ જહાજના કૅપ્ટન છો, એનો અર્થ એ નથી કે તમે જે મનમાં આવે તે કહો અને બીજા ઉપર ગમે તેવા આરોપ મૂકો.’’ આન્દ્રે બોલ્યો.

‘‘મારા પિતાની હાલત એકદમ ગંભીર છે અને તેમને તું જ બચાવી શકે તેમ છે.’’ લૂઈ દુખ સાથે બોલ્યો.

‘‘મારે વધારે કંઈ કહેવું નથી. મને એ અંગે કંઈ જ ખબર નથી.’’ આન્દ્રેએ બેપરવાહીથી જવાબ આપ્યો.

‘‘નીચ !’’ પેનેલન હવે ગુસ્સાને કાબૂમાં રાખી શક્યો નહી અને હાથમાં પોતાની કટાર લઈ આન્દ્રે તરફ ધસ્યો.

‘‘બચાવો મિત્રો ! આ જંગલી મને મારી નાખશે.’’ આન્દ્રેએ બૂમો પાડી.

ઓપિક અને બંને નૉર્વેજિયન નાવિકો તરત જ પોતાની પથારીમાંથી ઊભા થઈ આન્દ્રે પાસે આવી ગયા. તેમના હાથમાં પણ તેમની કટારો હતી. આ બાજુ તક્વિટ, પેનેલન અને લૂઈ પણ ત્યાં હાજર જ હતા. પિયરે નોક્યુટ અને ગ્રાડલીન સ્કર્વિથી પીડાતા હતા. આખા શરીરમાં તેનો અસહ્ય દુખાવો હોવા છતાં લૂઈની પાછળ આવી ઊભા રહી ગયા.

‘‘હું કોઈ પણ પ્રકારનો હિંસક ઝઘડો કરવા નથી ઈચ્છતો.’’ આન્દ્રે બોલ્યો.

આન્દ્રે હજી કોઈ લડાઈ કરવા નહોતો ઈચ્છતો. લીંબુનો અભાવ અને સ્કર્વિ તેનું અમોઘ શસ્ત્ર બની ગયું હતું. તેના વડે તેના દુશ્મનોને સરળતાથી ખતમ કરવાની તેની નેમ હતી.

લૂઈ અને તેના સાથીઓ સંખ્યામાં આન્દ્રે અને તેના મિત્રો કરતાં વધુ હતા, પરંતુ પિયરે અને ગ્રાડલીનની તબિયત નાદુરસ્ત હતી. વિદ્રોહીઓને માત કરવા જતાં વિપરીત પરિણામ પણ આવે તેવી શક્યતા હતી. લૂઈએ પણ હિંસક આક્રમણને ટાળવા પ્રયત્ન કર્યો.

‘‘આન્દ્રે ! સાંભળી લે ! મારા પિતાને કંઈ પણ થયું તો તેનું કારણ માત્ર તું હોઈશ. તું જ મારા પિતાનો હત્યારો બનીશ. એવું થયું તો હું તને કૂતરાના મોતે મારીશ.’’

આન્દ્રે કંઈ પણ બોલ્યા વિના તેના મિત્રો સાથે વિશાળ ખંડના બીજા ખૂણે જઈ બેસી ગયો.

ભયંકર ઠંડીમાં લાકડાંનો જથ્થો ઝડપથી ખૂટી રહ્યો હતો. વધુ લાકડાં માટે કૅપ્ટન લૂઈ કુહાડી લઈ ફરી જહાજના તૂતક પર ગયો. તૂતક કૅનવાસથી ઢાંકેલું હોવા છતાં ઠંડી અસહ્ય હતી. વાતાવરણ સૂકું હતું. ઉત્તરમાંથી વાઈ રહેલા ઠંડા પવનથી તેનું શરીર હમણાં થીજી જશે એવું તેને લાગ્યું. થોડાં ઘણાં લાકડાં કાપી પાછાં ફરવાની તેની ગણતરી હતી. તેણે ડાબી તરફ મૂકવામાં આવેલા થર્મોમિટર પર નજર કરી. એનો પારો થીજી ગયો હતો ! એનો અર્થ તાપમાન ઘટીને શૂન્યથી ૪૨° સૅન્ટિગ્રેડ કરતાં પણ નીચે ઊતરી ગયું હતું.

લગભગ એકાદ અઠવાડિયું આમ જ વીત્યું. ૨૬મી જાન્યુઆરીએ પવનની દિશા થોડી બદલાઈ. પહેલાં કરતાં તેની તીવ્રતા પણ ઘટી હતી. થર્મોમિટરનો પારો પણ પીગળીને પ્રવાહી બની ગયો. હવે થર્મોમિટર શૂન્ય નીચે ૩૫ સેન્ટિગ્રેડ તાપમાન બતાવી રહ્યું હતું. જીન કૉર્નબટની તબિયત વધુ નાજુક બની હતી. લૂઈ તેના પિતાને દર્દમાં થોડી રાહત મળે એ માટે વિવિધ ઉપચારોમાં વ્યસ્ત હતો, પરંતુ કોઈ ઉપચાર કારગત નીવડતો ન હતો. એ દિવસે લૂઈએ જોયું કે આન્દ્રે છુપાઈને લીંબુનો રસ ચૂસી રહ્યો હતો. લૂઈએ તેના પર ઝપટ મારી. તેના હાથમાંથી લીંબુ છીનવી લીધું. આન્દ્રેએ પણ તેને પરત મેળવવા કોઈ વળતો પ્રયત્ન ન કર્યો. તેના દ્વારા લૂઈ પર થયેલી જોરજબરજસ્તી હિંસક સ્વરૂપ પકડે તેમ હતી. આન્દ્રે હિંસક લડાઈ ઈચ્છતો ન હતો. વિટામિન 'સી'ની ઊણપથી લૂઈ અને તેના સાથીઓ સ્કર્વિનો ભોગ બની મૃત્યુને ભેટે એ ઘડીની તે રાહ જોઈ રહ્યો હતો. પોતાના આ બદઈરાદામાં તે સફળ પણ થઈ રહ્યો હતો.

લૂઈએ આન્દ્રે પાસેથી છીનવી લીધેલા એક લીંબુએ જીન કૉર્નબટને થોડી રાહત આપી, પણ તે થોડા સમય પૂરતી જ હતી. જીન કૉર્નબટ માટે એ જ એકમાત્ર ઉપાય હતો. તેમને તે નિયમિત મળતું રહે તે જરૂરી હતું. મૅરીએ પણ આન્દ્રે વેસ્લિંગ પાસે ઘૂંટણિયે પડી તેણે સંતાડેલાં લીંબુ જીન કૉર્નબટનો જીવ બચાવવા આપી દેવા આજીજી કરી, પણ આન્દ્રે તેની હીનકક્ષાની ગણતરીઓમાં રાચતો હતો.

પેનેલને એ દિવસે આન્દ્રેને, તેના મિત્રોને કહેતા સાંભળ્યો, ''બુઢ્ઢો હવે મરી રહ્યો છે. ગુરેવીચ, ગ્રાડલીન અને નોક્યુટની તબિયત પણ ખરાબ છે. અન્ય નાવિકો પણ દિવસે ને દિવસે તેમની શક્તિ ગુમાવી રહ્યા છે. એ દિવસ હવે દૂર નથી જ્યારે આપણે તેમની જિંદગીના માલિક બનશું... !''

પેનેલને આન્દ્રેની આવી વાતની જાણ લૂઈને કરી. લૂઈએ પણ તે રાત્રે નક્કી કર્યું કે આગામી એક-બે દિવસમાં યોગ્ય તક મળતાં આન્દ્રે અને તેના સાથીઓને મોતને ઘાટ ઉતારી દેવા, જેથી આવી કોઈ તક તેને ન મળે.

તાપમાન હવે થોડું વધ્યું હતું. એ તકનો લાભ લઈ લૂઈએ શિકાર પર જવાનું નક્કી કર્યું. ખોરાકની અછત નિવારવા માટે આવા શિકાર પર આધાર રાખવો જરૂરી હતો. ધીમેધીમે શિકારની શોધમાં જહાજથી તે ત્રણેક માઈલ જેટલો આગળ નીકળી ગયો. પ્રકાશના પરાવર્તનને કારણે એને દૃષ્ટિભ્રમની અસર વર્તાઈ રહી. તેની ધારણા કરતાં ઘણું વધુ અંતર તેણે કાપી નાખ્યું હતું. આ રીતે આવા સ્થળે એકલા આગળ વધવામાં જોખમ હતું. આ પ્રદેશમાં સફેદ રીંછનો ભય વધુ હતો, પરંતુ શિકાર કર્યા વગર એ પરત ફરવા માગતો ન હતો. જહાજ પર બધાને તાજા ખોરાકની જરૂર હતી, તેથી તે આગળ વધતો જ ગયો, પરંતુ થોડા સમય પછી તેને વિચિત્ર અનુભૂતિ થવા

માંડી. તેનું માથું ભમી રહ્યું હતું. ઉત્તરના ઠંડા પ્રદેશોમાં પ્રવાસીઓને આવા પ્રકારની તકલીફ થતી હોવાનો લૂઈને ખ્યાલ હતો. એને 'વ્હાઈટ વર્ટિગો' તરીકે ઓળખવામાં આવતી.

બરફના થરને કારણે પ્રકાશનાં કિરણોનું આ પરાવર્તન કૅપ્ટનને માથાથી પગ સુધી અસર પહોંચાડી રહ્યું હતું. કૅપ્ટન માટે એવી સ્થિતિ અસહ્ય હતી. તેને ઊબકા અને ચક્કર આવી રહ્યાં હતાં. સૌથી વધુ અસર તેની આંખોને થઈ હતી. પરાવર્તનના ઝગારાના લીધે દૃષ્ટિભ્રમ પેદા થતો હતો, સામેનું દૃશ્ય જોવામાં તકલીફ પડતી હતી. તેમ છતાં લૂઈ આગળ વધતો રહ્યો. છેવટે તેને આ પ્રદેશમાં ટાર્મિગન તરીકે ઓળખાતા એક બતકનો શિકાર કરવામાં સફળતા મળી. આ શિકાર તેના માટે જરૂરી હતો. તેના માટે જ તો ઠંડીમાં જોખમ ખેડી જહાજથી આટલે દૂર તે આવ્યો હતો. બતક જ્યાં પડયું હતું ત્યાંથી ઉપાડી લેવા તે ઝડપથી આગળ વધ્યો. તેને લાગ્યું કે બરફના ટેકરા પરથી તેણે કૂદકો માર્યો હતો, પરંતુ તે પડી ગયો. આ ભેખડ લગભગ ૧૦ ફૂટ જેટલી ઊંચી હતી. 'વ્હાઈટ વર્ટિગો'ની અસરને કારણે ઉદ્ભવેલા દૃષ્ટિભ્રમને લીધે માત્ર બે ફૂટ જેટલી જ લાગી હતી ! તેના ઉપરથી તેણે કૂદકો માર્યો અને તે ફસડાઈ પડ્યો. પડતાંની સાથે જ બચાવ માટે તેણે બૂમો પાડી, પરંતુ તેની મદદે આવે તેમ કોઈ ન હતુ. સદ્નસીબે તેને કોઈ ગંભીર ઈજા પહોંચી ન હતી. ધીમેથી તે ઊભો થયો અને પોતાના શિકારને લઈને પાછો વળ્યો.

લૂઈ પોતાના શિકાર સાથે જહાજ તરફ પરત ફરી રહ્યો હતો. પવનની દિશા જહાજથી લૂઈ તરફની હતી. જહાજ હવે તેનાથી બહુ દૂર ન હતું. ત્યાં તેણે વિચિત્ર વાસ અનુભવી. આ વાસ માંસ રંધાઈ રહ્યું હોય તેવી તેને લાગી. તેને ખાતરી થઈ ગઈ કે આ વાસ જહાજમાંથી જ આવી રહી હતી. આ પ્રકારની ગંધ સાથે જ તેને ચિંતા થઈ. માંસની આવી ગંધ, સૂંઘવાની અજબ શક્તિ ધરાવતા સફેદ રીંછને નોતરી લાવવા માટે પૂરતી હતી અને તેમનાં ટોળાં દ્વારા થયેલો હુમલો સૌ માટે મોત નોતરી લાવે તેમ હતો.

લૂઈ જહાજ તરફ ઝડપથી આગળ વધ્યો. 'વ્હાઈટ વર્ટિગો'ની અસરથી તેનું માથું ભમી રહ્યું હતું. ક્ષિતિજ તરફથી સફેદ વાવાઝોડા જેવું કંઈક જહાજ તરફ આગળ વધતું હોય તેવી તેને ભ્રમણા થઈ. પહેલી નજરે તેને ખ્યાલ ન આવ્યો કે આ હલચલ શેની હતી, પરંતુ મનોમન તે વિચારી રહ્યો હતો કે આ હિમકંપ તો નથી ને ? બરફનાં વિશાળ ચક્કાઓ આમતેમ હાલી રહ્યાં હોય અને તે ઝડપથી જહાજ તરફ આગળ વધી રહ્યાં હોય તેમ તેને લાગ્યું. આગળ વધી રહેલાં આ મોજાંને તે ધ્યાનથી જોઈ રહ્યો. તેને માંસ રાંધવાની ગંધ આવતા જે ભય ઉદ્ભવ્યો હતો, તેવું જ બન્યું હતું. કેટલાંક મહાકાય સફેદ રીંછ જહાજ તરફ આગળ વધી રહ્યાં હતાં.

સફેદ રીછ જહાજમાં રાંધવામાં આવી રહેલા માંસની ગંધથી જ ખેંચાઈને આવ્યાં હતાં. લૂઈ એક બરફની ટેકરીની આડશમાં ઊભો રહી જોઈ રહ્યો હતો. તેણે રીછની સંખ્યાનો ખ્યાલ મેળવવા પ્રયત્ન કર્યો. ધ્યાનથી જોતાં જણાયું કે ત્રણ મોટાં રીછ, જહાજ જ્યુનહાડી તરફ ઝડપથી આગળ વધી રહ્યાં હતાં.

આ દૃશ્ય જોઈને લૂઈ દરુજી ઊઠ્યો. જહાજ ઉપરના તમામ સાથીઓ આ ભયંકર અને શક્તિશાળી દુશ્મનોનો કેવી રીતે સામનો કરી શકશે ? આન્દ્રે અને તેના સાથીઓ આવી પડેલી આ મુશ્કેલીમાં તેમને પડખે રહીને તેનો સામનો કરશે કે નહી ? પેનેલન અને તેના અન્ય સાથીઓની હાલત એકદમ ખરાબ હતી. તેઓ પર આ ભૂખ્યાં રીછ તૂટી પડશે ? આવા આક્રમણ અંગે તેના સાથીઓને જહાજમાં ખબર પણ હશે કે નહી ? આવા અનેક સવાલો તેના મગજમાં એકસાથે ઘુમરાઈ રહ્યા.

રીછ હવે ટેકરી ઉપર ચઢી જહાજ પાસે પહોંચી ગયાં. ત્યાંથી થોડા વધુ આગળ વધી લૂઈએ ધ્યાનથી જોયું તો રીછ જહાજના તંબૂના કૅનવાસ ફાડીને તૂતકના આગળના ભાગમાં પ્રવેશી ગયાં હતાં. તેણે તેના સાથીઓને સાબદા થવા માટે એક સૂચનાત્મક બંદૂકનો ધડાકો કરવાનું વિચાર્યું, પરંતુ તેમાં પણ તેને જોખમ લાગ્યું. બંદૂકના ધડાકાનો અવાજ સાંભળી તેના બધા સાથીઓ હથિયાર વગર બહાર તૂતક પર આવી જાય તેવી શક્યતા પણ હતી. હથિયાર વગર તેમને માટે મુશ્કેલી વધે તેમ હતું. વગર હથિયારે આવાં રાક્ષસી પ્રાણીઓ સામે લડવાનો વિચાર પણ થઈ શકે તેમ ન હતું, તેથી કોઈ પણ પ્રકારની ઉતાવળ કરવાનું તેને યોગ્ય ન લાગ્યું.



૧૫

સફેદ રીંછ

કૅપ્ટન લૂઈ શિકાર માટે બહાર ગયો ત્યાર બાદ પેનેલને કૅબિનનો તૂતક તરફનો દરવાજો બંધ કરી દીધો. જ્યારે કૅબિનમાં પરત ફર્યો ત્યારે બધા નાવિકો પોતપોતાની પથારીમાં ઓઢીને સૂતા હતા.

સાંજે ૬ વાગ્યાનો સમય થતાં પેનેલને રાત્રિના ભોજનની તૈયારી શરૂ કરી. માંસને પાણીમાં ઉકાળવા સ્ટવ પેટાવ્યો અને સૂકવેલું માંસ લેવા ભંડકિયામાં ગયો. જ્યારે તે રસોડામાં પાછો આવ્યો ત્યારે તેણે જોયું કે આન્દ્રે વેસ્લિંગ ત્યાં પોતાના ભોજન માટે સળગાવેલા સ્ટવ ઉપર પોતાનું ખાવાનું બનાવી રહ્યો હતો.

''હું તારાથી પહેલાં અહીં આવ્યો હતો અને ખાવાનું બનાવવા સ્ટવ સળગાવ્યો હતો. તું અહીં શું કરે છે ?'' પેનેલને આન્દ્રેને ઊંચા અવાજે પૂછ્યું.

''હું મારું ખાવાનું તૈયાર કરી રહ્યો છું અને તે કરવાનો મારો અધિકાર છે.'' આન્દ્રેએ ઉદ્ધતાઈથી જણાવ્યું.

''તું અત્યારે જ તેને અહીંથી ઉઠાવી લે. પહેલા હું રાંધીશ.'' પેનેલને કહ્યું.

''તારી આવી જોહુકમીથી મને કંઈ ફેર પડતો નથી. પહેલાં હું જ મારું ખાવાનું તૈયાર કરીશ.'' આન્દ્રેએ કહ્યું.

''તો, તું એ ક્યારેય ખાઈ શકીશ નહીં !'' આ શબ્દો સાથે જ પોતાની કટાર લઈ પેનેલન આન્દ્રે તરફ ધસી ગયો.

તરત જ આન્દ્રેએ પણ પોતાની કટાર બહાર કાઢી ભયના માર્યા બૂમો પણ પાડી, ''ઓપિક, હર્મિંગ, જૉકી... મને બચાવો... આ મને મારી નાખશે.''

આન્દ્રેનો અવાજ સાંભળી તેના મિત્ર બનેલા નૉર્વેજિયનો તથા ઓપિક પોતપોતાની કટારો અને બંદૂક લઈ ત્યાં ધસી આવ્યા. આન્દ્રે અને પેનેલન વચ્ચે ખોરાક રાંધવાની બાબતમાં થયેલી જીભાજોડી હવે મોટું સ્વરૂપ પકડે તે નિશ્ચિત હતું.

આન્દ્રે ઉપર પેનેલન એકલે હાથે જ તૂટી પડયો, આન્દ્રે નીચે પડી ગયો. આન્દ્રેની બૂમો અને રસોડામાંથી આવતા અવાજને લીધે મિસોન, તક્વિટ અને નોક્યુટને ખ્યાલ આવી ગયો. નાદુરસ્ત તબિયત છતાં તેઓ ત્યાં દોડી આવ્યા. આન્દ્રેની બૂમોથી ત્યાં દોડી આવેલા તેના સાથીઓ ઉપર તેઓ તૂટી પડયા. મિસોને

પોતાની કટારથી ઓપિક ઉપર આક્રમણ કર્યું. તક્વિટ અને જૉકી એકબીજા સામે જંગલી રીતે લડી રહ્યા હતા. ગુરેવીચ અને ગ્રાડલીનની તબિયત ઘણી ખરાબ હતી. તેમને તે પણ ખ્યાલ ન હતો કે આ બધું શું બની રહ્યું હતું.

નોક્યુટને પડખામાં કટારનો ઘા થયો. હર્મિંગ તેને છોડી મદદ માટે બૂમો પાડી રહેલા આન્દ્રે તરફ તેને મદદ કરવા દોડ્યો. આન્દ્રે અત્યારે પેનેલન સાથે બાથંબાથી કરી રહ્યો હતો. તેણે પેનેલનને પકડી રાખ્યો હતો.

આ પ્રકારના બખેડાનો ધક્કો ચૂલા પર મૂકેલી કડાઈને લાગતાં તે ઊંધી થઈ ગઈ. કડાઈમાંનું માંસ સળગતા કોલસા ઉપર પડયું. માંસના ટુકડા સળગતા કોલસા ઉપર પડયા અને તેમાંથી ચરબી સીધી જ બળવા લાગી. તેનો ધુમાડો વાતાવરણમાં પ્રસરી ગયો. બળતી ચરબીની ગંધ રસોડા પૂરતી મર્યાદિત ન રહેતાં જહાજથી બહાર દૂર સુધી ફેલાઈ હતી. લૂઈની ગેરહાજરીમાં થયેલી આ હિંસક અથડામણથી મૅરી ગભરાઈ ગઈ હતી. મદદ માટે તેણે બૂમો પણ પાડી અને ડરની મારી પથારીવશ જીન કૉર્નબટ પાસે જતી રહી.

વેસ્લિંગમાં પેનેલન જેટલી તાકાત ન હતી તેમ છતાં તે તેનો સામનો કરી રહ્યો હતો, પરંતુ પેનેલન સામે લાંબું ટકી શકવું તેના માટે શક્ય ન હતું. બંને પોતાની કટારો એકબીજાની છાતીમાં ઉતારી પોતાનો ગુસ્સો શાંત કરવા, એકબીજા પર પ્રહારો કરી રહ્યા હતા, ત્યાં આન્દ્રેની નજર તેઓ તરફ આવી રહેલા નૉર્વેજિયન હર્મિંગ ઉપર પડી. તેણે બૂમ પાડી.

''હર્મિંગ... હર્મિંગ... જલદી, મને મદદ કર...''

''મિસોન... આ જંગલીઓ સામે મદદ કર...''

પેનેલને પણ હર્મિંગને તેની તરફ આવતો જોઈ મદદ માટે મિસોનને બૂમ પાડી. તેના એકલાએ આ બંને સાથે લડી શકવું શક્ય ન હતું.

પરંતુ મિસોન ઓપિક સાથેની ખરાખરીની લડાઈમાં વ્યસ્ત હતો. બંને લડતાં લડતાં પડી ગયા. ઓપિક તેની કટાર વડે તેને મારી નાખવા તૂટી પડયો હતો. બીમાર મિસોન માંડ માંડ ઓપિકના હુમલાનો સામનો કરી રહ્યો હતો. મિસોન માટે પેનેલનની મદદે જઈ શકાય તેમ ન હતું.

ચારેબાજુ નાવિકોના ચિત્કારો અને વહેતા લોહીને કારણે વાતાવરણમાં એક ભયનું મોજું ફેલાઈ ગયું. જૉકીએ તક્વિટને ફેંકી દીધો. જૉકીમાં જંગલી પ્રાણી જેવી શક્તિ હતી. તક્વિટના ખભા ઉપર તેણે ખંજરનો ઘા કર્યો. દરમિયાન જૉકીની કમરમાં લટકતી બંદૂક ખેંચવા તેણે પ્રયત્ન કર્યો, પરંતુ ઘાયલ થયેલો તક્વિટ એ રીતે બંદૂક ઝૂંટવી શકે તેવી સ્થિતિ જ ન હતી. તે પોતાને સ્થાનેથી જરા પણ હલી શકે તેમ ન હતું.

આન્દ્રે અને પેનેલન દરવાજા પાસે જ લડી રહ્યા હતા. બંનેમાંથી કોઈ એકબીજાને મચક આપે તેમ ન હતા. આન્દ્રેએ મદદ માટે હર્મિંગને પાડેલી બૂમથી હર્મિંગ તેની મદદે આવ્યો. તેણે આવીને પોતાની કટારથી પેનેલન ઉપર હુમલો કરવા હાથ ઊંચો કર્યો, પરંતુ પેનેલન હજી પણ ડગે તેમ ન હતો. તેણે હર્મિંગને જોરથી એક લાત ફટકારી. હર્મિંગ ભોંયભેગો થઈ ગયો. હર્મિંગનો સામનો કરી રહેલા પેનેલનથી આન્દ્રે છૂટો પડી ગયો. આન્દ્રે પોતાની સંપૂર્ણ તાકાતથી પેનેલનનો સામનો કરવા લાગ્યો. બંને પૂરી તાકાતથી કૅબિનના દરવાજાના ટેકાથી, બાથંબાથી કરવા લાગ્યા. એમના ધક્કાથી દરવાજો બહાર તરફ ખૂલી ગયો. દરવાજાનો આધાર ન રહેતા આન્દ્રે બહાર ફેંકાઈ ગયો.

બરાબર એ જ વખતે ભયંકર ઘુરકિયાં સાથે બહારનું વાતાવરણ ગાજી ઊઠ્યું. મોટું ખૂંખાર સફેદ રીછ ત્યાં દેખાયું. સૌ પ્રથમ આન્દ્રેની જ નજર એના ઉપર પડી. આન્દ્રેથી એ રીછ માંડ ચાર ડગલાં જેટલું દૂર હતું. નીચે પડેલા આન્દ્રેની સામે સાક્ષાત મોત ઘુરકિયાં કરવા લાગ્યું. મહાકાય રીછનો ભારેખમ પંજો આન્દ્રેના શરીરનો છૂંદો કરે તે પહેલાં જ બંદૂકના ગોળીબારનો અવાજ આવ્યો. છૂટેલી ગોળીથી રીછ ઘાયલ થયું. આન્દ્રેએ હવે રીછનો સામનો કરવાનો હતો. નવા ભયની હાજરીમાં આન્દ્રેનું ધ્યાન પેનેલન તરફ ન હતું.

પેનેલને દરવાજો બંધ કરી દીધો. તેણે જોયું કે તેના સાથીઓ મિસોન અને તક્વિટનું નૉર્વેજિયનોએ ગળું દબાવી દીધું હતું. ખૂણામાં બંને તરફડી રહ્યા હતા. તે તેના સાથીઓને મદદ કરવા તે તરફ દોડ્યો, પરંતુ બંને નૉર્વેજિયનો અને ઓપિક સાથે મળી પેનેલનની સામે થયા. ત્રણેએ ભેગા મળી પેનેલનને ફેંકી દીધો. ત્યાં જ તેને બહારથી તેના સાથીનો અવાજ સંભળાયો. એ અવાજ લૂઈનો હતો. લૂઈ આવી પહોંચ્યો હતો. મદદ આવતાં જ પેનેલનની હિંમત વધી. ઝડપથી તે બહાર તૂતક તરફ દોડ્યો.

બહાર આન્દ્રે વેસ્લિંગ વિકરાળ સફેદ રીછ સાથે સંઘર્ષ કરી રહ્યો હતો. તેણે તેની કટારથી રીછને બે ઘા માર્યા હતા. ભૂખ અને આવા ઘાને લીધે રીછ વધુ હિંસક બની આક્રમણ કરી રહ્યું હતું. આન્દ્રેને પૂરો કરી નાખવા માટે પોતાના પંજાઓ વડે પ્રહારો કરી રહ્યું હતું. ત્યાં બંદૂકનો બીજો ધડાકો સંભળાયો. રીછ તૂતક પર ઢળી પડયું. આન્દ્રેએ ઊંચા થઈને જોયું તો કૅપ્ટન લૂઈ કૂવાથંભ પાસે ઊભો હતો. તેની બંદૂકમાંથી છૂટેલી બીજી ગોળી રીછની છાતીમાં ઊતરી ગઈ હતી. રીછ તે જ ઘડીએ મૃત્યુ પામ્યું હતું.

સામે આવેલા કાળના પંજામાંથી લૂઈને કારણે આન્દ્રેનો છુટકારો થયો, પરંતુ એવી સ્થિતિમાં પણ ઉપકાર ભૂલી તે લૂઈને પૂરો કરવા માગતો હતો. તેણે બાજુમાં જોયું તો ઓપિકનો નિશ્ચેત દેહ તેની બાજુમાં પડ્યો હતો. બીજા રીછના એક જ પ્રહારથી

તેનું માથું ભાંગી ગયું હતું. જૉકી પોતાના હાથમાંની કુહાડી વીઝીને એ બીજા રીછનો સામનો કરી રહ્યો હતો. તેણે ઓપિકને મારનારા એ રીછને કુહાડીના બે ઘા માર્યા, પરંતુ એ પછી પણ તે જૉકી સામે ઝઝૂમતું જ રહ્યું. પહેલાં કરતાં હવે તે વધુ ઝનૂની બની ગયું હતું. ત્રીજું રીછ પણ તેનાથી થોડું પાછળ જ, જહાજના આગળના ભાગમાં હતું. આન્દ્રે તેના તરફ ધ્યાન આપી શકે તેમ ન હતાં. તે અને હર્મિંગ જૉકીની મદદ માટે આગળ વધ્યા, પણ ત્યાં સુધીમાં રીછે જૉકીને પણ એક મરણતોલ થપાટ લગાવી તેને પોતાના બંને પંજા વચ્ચે બળપૂર્વક દબાવી દીધો. તેને બચાવવા આન્દ્રે અને હર્મિંગ બંદૂકમાંથી રીછ ઉપર ઉપરાઉપરી ગોળીઓ છોડવા લાગ્યા, પરંતુ રીછના મજબૂત પંજાઓમાં ભીંસાઈને જૉકી મરણ પામ્યો હતો. તેના મૃત શરીર ઉપર જ મરેલું રીછ ઢળી પડ્યું.

"આપણે બે જ હવે બચ્યા છીએ, પરંતુ આ અધમૂઆ દુશ્મનો માટે પૂરતા છીએ." આન્દ્રેએ હર્મિંગને કહ્યું.

હર્મિંગનું ધ્યાન હવે ત્રીજા રીછ તરફ ગયું. આન્દ્રેની વાત ઉપર ધ્યાન આપ્યા વિના તેણે પોતાની બંદૂક ફરી ભરી લીધી. હજી ત્રીજું રીછ જીવતું હતું ત્યાં સુધી તેઓ સલામત ન હતા.

આન્દ્રેનું ધ્યાન રીછ તરફ ન હતું. તેની નજર તો લૂઈ પર જ હતી. તે અત્યારે તૂતકના આગળના ભાગ તરફ હતો. તેણે ત્રીજા રીછને મારી નાખવા માટે તાકેલી બંદૂક નીચી કરી લીધી ! આન્દ્રેની આંખોમાં લૂઈ પ્રત્યે ખુન્નસ હતું. રીછ અત્યારે લૂઈ પાસે જ ઊભું હતું અને રીછ જ જો લૂઈને ખતમ કરવાનું હોય, તો ગોળીબાર શા માટે કરે ?! આન્દ્રેએ પોતાની બંદૂક નીચે નમાવી દીધી. એનો દુશ્મન એ રીતે ખતમ થાય એ વિચારમાત્રથી આન્દ્રેના મોં પર ચમક આવી ગઈ. તેણે બબડાટ કર્યો, "મારા આ વેરીનો તું ખાતમો કરીશ, તો હું તારો ઋણી રહીશ."

રાક્ષસી રીછના હુમલાથી બચવા માટે લૂઈ પાસે એક જ ઉપાય હતો. લૂઈ કૂવાથંભ પાછળ સલામત રીતે છુપાઈ ગયો. રીછ તેનાથી માત્ર છ ફૂટના અંતરે હતું. કૂવાથંભની આડમાં ઊભેલા લૂઈએ પોતાની બંદૂક ઊંચી કરી, રીછના હૃદયનું નિશાન તાક્યું.

આન્દ્રેએ પણ રીછના પ્રહારમાંથી લૂઈ બચી જાય તો પોતાની ગોળીથી તેને પૂરો કરવા લૂઈ સામે નિશાન લીધું.

લૂઈએ ગોળી છોડી, પરંતુ ત્યાં જ રીછે છલાંગ મારી. ગોળી રીછને વાગી ન હતી. રીછ લૂઈ પર કૂદ્યું, પરંતુ મુખ્ય કૂવાથંભ સાથે અથડાયું. આખો કૂવાથંભ ધ્રૂજી ગયો.

આન્દ્રેએ લૂઈના ખાલી ગયેલા પ્રહારથી આનંદિત થઈ પોકારો પાડ્યા.

''હર્મિંગ...! અંદર કૅબિનમાં જા અને મૅરીને શોધી લાવ...! હવે તે મારી જ છે...!''

હર્મિંગ ઝડપથી પગથિયાં ઊતરી કૅબિનમાં ગયો.

વિકરાળ રીછ લૂઈ ઉપર કૂદ્યું હતું. તેનો એક જ પંજો લૂઈ માટે પૂરતો હતો, પરંતુ તે કૂવાથંભની પાછળ વાંકો વળી ઊભો હતો. ત્યાં તેના કાને ગોળી છૂટવાનો અવાજ સંભળાયો. આન્દ્રેએ તેના તરફ ગોળી છોડી હતી, પરંતુ તે સહેજ માટે નિશાન ચૂકી ગયો. ગોળી લૂઈના કાન પાસેથી પસાર થઈ ગઈ. લૂઈને બચી ગયેલો જોઈ આન્દ્રેનું ખુન્નસ તેજ બન્યું. તે તૂતકના આગળના ભાગમાં આવી ગયો. બંને દુશ્મનો હવે સામસામે આવી ગયા. બંનેએ પોતાની ખાલી બંદૂક ફેંકી દીધી. હાથમાં કટાર સાથે બંને સામસામે ઊભા હતા.

ખરાખરીનો જંગ હવે થવાનો હતો. આન્દ્રેએ હર્મિંગની મદદની આશા રાખ્યા વિના, એકલાએ જ લૂઈ સાથે નીપટી લેવાનું નક્કી કર્યું.

લૂઈ અને આન્દ્રે એકબીજા પર તૂટી પડયા. એકબીજાના કૉલર પકડીને ધરાશયી કરવા બંને જોર લગાવી રહ્યા હતા. બંનેમાંથી એકનું મોત જ હવે આ દ્વંદ્વનો અંજામ હતો. બંને એકબીજા પરના પ્રહારોથી ઘાયલ થયા હતા. બંનેનાં શરીરમાંથી લોહી વહી રહ્યું હતું, પરંતુ કોઈને પણ તેની પરવા ન હતી. આન્દ્રેએ પોતાના મજબૂત હાથથી લૂઈને ગળેથી પકડી જમીન પર પટકી દેવા પ્રયત્ન કર્યો. લૂઈ જાણતો હતો કે જે જમીન પર પટકાય તેનો અંત નિશ્ચિત હતો. આન્દ્રેના આવા આક્રમણનો લૂઈ મરણિયો બનીને સામનો કરવા લાગ્યો. તેણે તેના બંને હાથથી આન્દ્રેના હાથ પકડી લીધા, પરંતુ તેને કારણે તેની કટાર હાથમાંથી સરકીને નીચે પડી ગઈ. હવે તે શસ્ત્રવિહોણો બની ગયો હતો.

એ જ વખતે લૂઈને એક દર્દનાક ચીસ સંભળાઈ. આ અવાજ મૅરીનો હતો. હર્મિંગ કૅબિનમાંથી ઘસડીને તેને બહાર લાવવા પ્રયત્ન કરતો હતો. મૅરી પરની આવી જબરજસ્તીથી લૂઈ ગુસ્સાથી ધગધગી ઊઠ્યો. તેણે આન્દ્રેને કમરથી મજબૂત રીતે પકડીને પોતાના હાથની ભીસ વધારી. ગમે તે એકનો અંત નજીક જ હતો. ત્યાં જ એક જોરદાર ધક્કાથી બંને તૂતક ઉપર ગબડી પડ્યા, રીંછે એ બંને પર કૂદકો માર્યો હતો. પુખ્તવયના એ ભારેખમ રીછના વજનથી બંને પડી ગયા હતા. આન્દ્રે આ રીછના ભાર નીચે દબાઈ ગયો હતો. લૂઈના શરીરમાં પણ આ પશુના નહોર ઊંડા ઊતરી ગયા હતા.

''બચાવ... હર્મિંગ... મને કાઢ અહીંથી...'' આન્દ્રેએ મદદ માટે બૂમ પાડી.

''પેનેલન...! ક્યાં છે... મને અહીંથી નીકળવામાં મદદ કર...!'' કૅપ્ટન લૂઈએ પણ રીછના નહોર શરીરમાં ખૂંપી જવાથી દર્દનાક બૂમ પાડી.

ત્યાં ઝડપથી દાદર ચઢવાનો અવાજ સંભળાયો. પેનેલન પોતાની ભરી બંદૂક સાથે તૂતક પર આવ્યો હતો. સાવ નજીકથી નિશાન લઈને તેણે બંદૂકની ગોળી રીછના મગજમાં જ ઉતારી દીધી. રીછ કણસવાના અવાજ સાથે તુરત મૃત્યુ પામ્યું. લૂઈ બેભાન જેવી અવસ્થામાં તૂતક ઉપર પડયો હતો. રીછના પંજાના નહોર હજી પણ તેના શરીરમાં ખૂંપેલા હતા. રીછનો મૃતદેહ આન્દ્રે વેસ્લિંગ ઉપર જ પડયો હતો. રીછના વધુ પડતા વજનને કારણે તે કચડાઈ ગયો હતો. રીછના વજનદાર શરીર નીચે દબાઈ ગયેલા આન્દ્રેમાં પણ હવે જીવ ન હતો.

પેનેલન સૌથી પહેલાં લૂઈ પાસે પહોંચી ગયો. એને કોઈ ગંભીર ઈજા થઈ ન હતી. થોડા સમય માટે તેનો શ્વાસ રૂંધાઈ રહ્યો હતો. કળ વળતાં થોડા સમયમાં તે ભાનમાં આવી ગયો.

''મૅરી ! ક્યાં છે ? મૅરી !'' કૅપ્ટન લૂઈ પોતાની આંખ ખોલતાંની સાથે જ બોલ્યો.

''હવે તે સલામત છે. હર્મિંગ ત્યાં જ બેભાન અવસ્થામાં પડ્યો છે. તેના પેટમાં મારું ખંજર ઊતરી ચૂક્યું છે.'' પેનેલન બોલ્યો.

''અને પેલાં જંગલી રીછ ?'' લૂઈએ પૂછ્યું.

''એ પણ આપણા દુશ્મનોની જેમ જ મૃત્યુ પામ્યાં છે ! પરંતુ તે જંગલી પ્રાણીઓના આપણે આભારી છીએ. તે ન આવ્યાં હોત તો અત્યારે આપણે પણ ન હોત. તે માટે આપણે ઈશ્વરનો આભાર માનવો જોઈએ.'' પેનેલને કહ્યું.

પોતાની નજર સામે જ ભજવાઈ ગયેલા આ ખૂની ખેલથી આઘાત પામેલી મૅરી માટે એ દૃશ્ય અસહ્ય હતું. લૂઈ અને પેનેલનના સલામત હાથમાં તે ઢળી પડી.



૧૬

સમાપન

હર્મિંગ ગંભીર રીતે ઘવાયો હતો. મિસોન અને તક્વિટ પણ હવે મુક્ત થયા હતા. હર્મિંગને ઊંચકીને પથારી સુધી લઈ જવામાં આવ્યો. તે માંડ માંડ શ્વાસ લેવાની સ્થિતિમાં હતો. તેનું બચવું હવે શક્ય જણાતું ન હતું. નોક્યુટને પણ ઘા થયો હતો, પરંતુ તે એટલો ગંભીર ન હતો. ટૂંક સમયના આરામ અને યોગ્ય સારવારથી તે બચી શકે તેમ હતો. તેને પણ તેની પથારીમાં લઈ જવામાં આવ્યો.

લૂઈ માટે સૌથી દુખદ ઘટના હતી કે તેના પિતામાં પણ હવે જીવ રહ્યો ન હતો. સ્કર્વિએ તેમનો ભોગ લીધો હતો. મૅરી અને લૂઈ બંને માટે એ દુખદ ઘટના હતી. જીન કૉર્નબટની પથારી પાસે જ બંનેએ તેમના આત્માની શાંતિ માટે ઈશ્વરને પ્રાર્થના કરી. પેનેલન, મિસોન અને તક્વિટે પણ તેમને એકલા છોડી દેવાનું જ યોગ્ય માન્યું. ત્રણે મૃત રીછના શરીરને પણ તૂતક પરથી ખસેડી બહાર લઈ જવામાં આવ્યાં. પેનેલને માત્ર તેમનું ચામડું જ ઉતારી લેવાનું નક્કી કર્યું. ખોરાકની અછત હોવા છતાં, પણ તેના માંસનો ઉપયોગ કરી શકાય તેમ ન હતું. હવે તેની કોઈ જરૂર પણ રહી ન હતી. જહાજ પર નાવિકોની સંખ્યા ઘટી હતી. ખોરાકનો પુરવઠો હવે તેમના માટે પૂરતો હતો. રીછ સિવાય માણસોના મૃતદેહો પણ તૂતક પર પડયા હતા. આન્દ્રે, ઓપિક અને જૉકીના મૃતદેહોને બરફની સપાટી પર છિદ્ર પાડી પાણીમાં પધરાવી દેવામાં આવ્યા. હર્મિંગે શ્વાસ છોડતાં તેના શરીરને પણ ત્યાં જ જવાનું હતું. હર્મિંગનું રાત્રિ દરમિયાન જ મૃત્યુ થયું હતું.

જીન કૉનર્બટના મૃતદેહને કાંઠા પાસે બરફમાં કબર ખોદીને તેમાં દફનાવવામાં આવ્યો. તેમણે પોતાની ભૂમિ પોતાના ખોવાયેલા પુત્રને શોધવા માટે છોડી હતી. આવા દુર્ગમ અને ભેંકાર પ્રદેશમાં બહાદુરીપૂર્વક તેઓ મોતને ભેટ્યા હતા. તેમની કબર ઉપર એક નાની ટેકરી જેવું બનાવવામાં આવ્યું અને નાવિકોએ તેના પર એક સાદો લાકડાનો ક્રૉસ મૂક્યો.

કૅપ્ટન લૂઈ અને તેના સાથીઓએ મળીને આન્દ્રે તથા તેના કાવતરાખોર મિત્રોએ સંતાડેલા લીંબુના જથ્થાને શોધી કાઢયો. તેમની ગુમાવેલી શક્તિ અને સ્ફૂર્તિને પાછી મેળવવા આ જથ્થો અસરકારક પુરવાર થવાનો હતો. સ્કર્વિના રોગની અસર પામેલા દર્દીઓને તેનાથી ખૂબ રાહત મળી હતી. ગુરેવીચ, ગ્રાડલીન અને નોક્યુટ જે

સ્કર્વિથી પીડાતા હતા, તેઓ થોડા જ સમયમાં તૂતક ઉપર થોડી થોડી પ્રવૃત્તિમાં ભાગ લેતા થયા.

લાંબા શિયાળાની રાત્રિનો પણ અંત આવવો શરૂ થયો હતો. સમય જતાં ધીમેધીમે ઠંડીની માત્રા ઘટવાની શરૂઆત થઈ. દરિયાઈ પક્ષીઓનાં ટોળાં પણ આ તરફ આવવાં શરૂ લાગ્યાં હતાં. તેમના શિકારથી દરરોજ મળતાં તાજાં માંસના ભોજનના લીધે દરેક ઝડપથી સ્વસ્થતા મેળવવા લાગ્યા.

વિષુવકાળ પૂરો થતાં સરખા દિવસ-રાતનો સમય આવ્યો. આઠ મહિનાની લાંબી રાત્રિ પછી હવે દિવસ મોટો થતો જતો હતો. સૂર્ય હવે ઘણો લાંબો સમય દેખાતો હતો. લાંબા દિવસોની શરૂઆતથી સતત રહેતા સૂર્યપ્રકાશને લીધે તાપમાનમાં પણ નોંધપાત્ર વધારો નોંધાયો. વાતાવરણમાં આવેલી હૂંફને લીધે બરફ પણ ઓગળવાની શરૂઆત થઈ.

જ્યુનહાર્ડી જહાજ બરફના ઊંચા ટેકરા પર મજબૂત રીતે ઊભું હતું. બરફ ઓગળતાં જ પાણીમાં ફરી તરતું કરવામાં કાળજી રાખવી જરૂરી હતી. જહાજની આજુબાજુમાં દીવાલ જેવો જામેલો બરફ અત્યારે તેના ટેકારૂપ હતો. એ દીવાલ પીગળતાં જહાજને સલામતીપૂર્વક તરતું મૂકી શકાય તેમ હતું. બરફના પડની નીચેનો ભાગ હૂંફાળા પાણીના સંપર્કમાં આવતાં સૌપ્રથમ તેના પીગળવાની શરૂઆત થઈ. જહાજ ધીમેધીમે તેની ઊંચી બેઠક જેવી ટેકરી પરથી નીચે ઊતરતું ગયું. એપ્રિલની શરૂઆતમાં, ઊંચો ભાગ ઓગળી ચારેબાજુના બરફના થરના પ્રમાણમાં સમાંતર આવી ગયો.

મે માસની શરૂઆત થતાં જ તાપમાનમાં વધારો નોંધાયો. સાથે સમુદ્રની સપાટી ઉપરનો બરફ પીગળવાની પ્રક્રિયા પણ ઝડપી બની. જહાજ એના વજનને કારણે પાણીની સપાટીની સમાંતર આવી ગયું હતું, પરંતુ એની ફરતેની બરફની કિલ્લેબંધીને ઓગળવામાં હજી થોડા દિવસો વીતે તેમ હતું. જહાજ બરફની કેદમાંથી મુક્ત થયા બાદ, દક્ષિણ તરફ વળતી સફર માટે જળમાર્ગ ખુલ્લો થાય તે જરૂરી હતું. જોકે તે માટે હવે લાંબી રાહ જોવી પડે તેમ ન હતું.

ભરશિયાળા દરમિયાન શૂન્ય નીચે ૪૨° સૅન્ટિગ્રેડ કરતાં પણ વધુ નીચે ૦ ઊતરીને થીજી ગયેલા થર્મોમિટરનો પારો હવે ધીમેધીમે શૂન્ય ઉપર આવી ગયો. ચોમેર વિસ્તરેલો બરફ પીગળી, અનેક હિમખંડોમાં ફેરવાઈ ગયો. આ હિમખંડો દક્ષિણ તરફ ધકેલાવાની શરૂઆત થઈ ગઈ. બધો બરફ પીગળતાં હજી થોડો સમય લાગે તેમ હતું.

લાંબો સમય અહીંની કેદમાં રહેલાં સૌને હવે ઘર અને કુટુંબ યાદ આવતાં હતાં. અહીંથી પ્રયાણનો દિવસ પણ નક્કી થયો. ૨૧મી મેના શુકનવંતા દિવસે પ્રયાણ થઈ શકે એ રીતે અહીંની નાનકડી દુનિયા સંકેલવાની શરૂઆત થઈ. પૂરતો ખોરાક

અને તણાવ વિનાના હળવા માહોલને કારણે સૌ શારીરિક રીતે પણ સ્વસ્થ બની ગયા હતા.

૨૧મી મેનો દિવસ ઊગ્યો. લૂઈએ પોતાના પિતાની કબરની અંતિમ મુલાકાત લીધી. મૅરી પણ એની સાથે જ હતી. દરેકના હૃદયમાં આનંદ અને અવસાદની મિશ્ર લાગણીઓ હતી. ગુમ થયેલા સાથીઓને આ લાંબી સફરમાં ફરીથી મેળવવાનો આનંદ તો હતો જ, સાથે સાથે જીન કૉર્નબટ અને કોર્ટોઈસ જેવા બહાદુર નાવિકોને ગુમાવવાનું દુખ પણ હતું. પોતાના જ સાથીઓ આન્દ્રે અને ઓપિકના વિશ્વાસઘાતના આઘાતમાંથી બહાર આવતાં પણ સમય જાય તેમ હતું.

પવનની દિશા ઉત્તરથી દક્ષિણ તરફની હતી. વળતી સફર શરૂ કરવા માટે આ પવન તેમને મદદરૂપ થાય તેમ હતો. હવે સરળતાથી અહીંથી બહાર નીકળી શકાય તેમ હતું. જહાજ હજી પણ ઓગળેલા બરફના અસંખ્ય ચોસલાંઓથી ઘેરાયેલું હતું. વારંવાર આવાં ચક્કાઓ કે હિમશિલાઓને કરવતો વડે કાપીને, તો ક્યારેક વધુ સખત અને મોટાં ચક્કાઓ તોડવા દારૂગોળાનો ઉપયોગ કરીને જહાજનો માર્ગ ખુલ્લો કરવો પડતો હતો. વળતી સફરમાં જહાજની ઝડપ આવા અનેક અંતરાયોને લીધે ખૂબ ધીમી હતી. એક મહિના સુધી સતત આ પ્રકારનાં જોખમો સામે ઝઝૂમતું જહાજ દક્ષિણ તરફ આગળ વધતું રહ્યું. જહાજના મહેનતુ અને અનુભવી નાવિકોએ આવાં જોખમોનો નિર્ભયતાથી સામનો કર્યો. છેલ્લા એક વર્ષ દરમિયાન આનાથી પણ વધુ મોટી મુશ્કેલીઓનો સામનો કરી તેમાંથી તેઓ પાર ઊતર્યા હતા. તેની સરખામણીમાં હવેનાં જોખમો તેમને મન કંઈ ન હતાં. વળતી સફરમાં પેનેલન, પિયરે નોક્યુટ, તક્વિટ અને ફિડલ મિસોન એમ માત્ર ચાર જ નાવિકો દસ નાવિકો જેટલું કામ સંભાળતા હતા, પરંતુ ઘરે પહોંચવાના આનંદમાં તેમને કામના વધુ બોજનો ભાર લાગતો ન હતો.

જ્યુનહાર્ડી જીનમેયન ટાપુ પસાર કરી આગળ વધ્યું. હવે તેને સમુદ્રમાં તરતી હિમશિલાઓની પરેશાનીમાંથી મુક્તિ મળી હતી. ૨૫મી જૂનના દિવસે તેને ઉત્તર તરફ વ્હેલ અને સીલના શિકાર માટે જતાં જહાજોનો ભેટો થયો. એક લાંબા સમયગાળા બાદ આવાં જહાજોને જોઈને નાવિકો પણ આનંદમાં આવી ગયા.

૧૬મી ઑગસ્ટના દિવસે જહાજ જ્યુનહાર્ડી ડનકર્કના બારામાં પ્રવેશ્યું. જ્યુનહાર્ડીના પરત ફરવાની નિશાનીઓ વર્તાતાં આખા ડનકર્કના લોકો ડક્કા ઉપર ભેગાં થયાં હતાં. જહાજના નાવિકો તેમના જૂના મિત્રોને લાંબા સમય બાદ મળીને લાગણીથી ભેટી પડયા. ડનકર્કના પ્રાચીન દેવળના પાદરી પણ લૂઈ કૉર્નબટ અને મૅરીને આવકારવા સ્વયં આવ્યા હતા. બીજા દિવસે દેવળમાં તેમણે બે સમારંભો યોજ્યા. પ્રથમ બહાદુર જીન કૉર્નબટના આત્માની શાંતિ માટે પ્રાર્થનાસભાનું આયોજન થયું. જહાજના દરેક નાવિકો સહિત બધાં સગાંસંબંધીઓએ તેમાં હાજરી આપી. જીન

કૉર્નબટના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી, ત્યાર બાદ બંને પ્રેમી લૂઈ અને મૅરીનાં લગ્નનો સમારંભ યોજવામાં આવ્યો.

